
ગુજરાતના ઇતિહાસની
કથાઓ
સ્નેહરશ્મિ

ગુજરાતના ઇતિહાસની કથાઓ

લેખક

ઝીણાભાઈ ર. દેસાઈ

આચાર્ય, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, અમદાવાદ

પ્રકાશક

મેસર્સ મંગળદાસ ઍન્ડ સન્સ

સુરત

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

સાડાચાર આના

પ્રથમ આવૃત્તિ, ૧૯૪૦

નિવેદન

આજથી ચૌદેક વર્ષ ઉપર જ્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં મારે ઇતિહાસ શીખવવાનો હતો, ત્યારે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઉન્મેષ યોજના અનુસાર ઇતિહાસ લખવાનું મેં વિચારેલું. એ દિશામાં શ્રી. કાકાસાહેબ કાલેલકર સાથે ચર્ચા કરી, એક ખોખું તૈયાર કરી છેક ઉપરની કક્ષા માટે ઇતિહાસ લખવો શરૂ પણ કરેલો, અને ગુપ્તયુગ પૂરો થાય ત્યાં સુધીનાં પ્રકરણો પણ લખેલાં. એ પ્રકરણો સંજોગવશાત્ ગેરવલ્લે પડ્યાં. ત્યાર બાદ ઇતિહાસની યોજના પૂરી કરવા અનેક વાર વિચાર આવેલા, પણ કોઈ ને કોઈ કારણસર એ કામ હાથ ધરી શકાયું નહિ.

અંતે, આ વર્ષે અચાનક એક દિવસ અમદાવાદના પાટીદાર વિદ્યાર્થી ભવનના ગૃહપતિ શ્રી. મગનભાઈ પટેલની સાથે ઇતિહાસ વિષે ચર્ચા નીકળી. એ ચર્ચામાંથી મારી જૂની યોજના ફરીથી હાથમાં લેવાની મને પ્રબળ પ્રેરણા મળી. પણ આ વખતે એ યોજના એક ડગલું આગળ વધી. ગુજરાતના ઇતિહાસથી એની શરૂઆત કરવી એમ વિચારી, પ્રાથમિક શાળાનાં નીચલાં ધોરણોનાં બાળકોને આપણા દેશના ઇતિહાસની કંઈક ઝાંખી થાય એવી રીતે વાતો લખી, ક્રમશઃ છેવટના પુસ્તકમાં હિંદને કેન્દ્રમાં રાખી જગતના ઇતિહાસની રૂપરેખા સુધી વિદ્યાર્થીઓને લઈ જવાની યોજના ગોઠવી.

'ગુજરાતના ઇતિહાસની કથાઓ' એ યોજનાનો પ્રથમ મણકો છે. એમાં વસ્તુગૂંથણી કઈ રીતે થઈ છે, એની વિગતમાં ઊતરવા કરતાં એ વાતો જોઈ જવી એ જ વધુ અનુકૂળ થઈ પડશે. નાનાં બાળકોને વિગતોમાં લાંબા વખત સુધી રસ જાળવી રાખવો મુશ્કેલ થઈ પડે છે. તેમને માટે સાહિત્યમાં જેને નવલિકા કહે છે અને તેના વસ્તુવિધાનમાં જે નિયમો જળવાય છે, તેવી યોજના અનુસાર

જો વાતો આપવામાં આવે તો જરૂર રસ પડે. આથી, આપણા ઇતિહાસમાંથી તેજસ્વી વ્યક્તિઓ ઉપાડી, તેમના જીવનમાંથી કોઈ એક અતિ મહત્ત્વનો પ્રસંગ લઈ, તે દ્વારા તે વ્યક્તિ સંબંધી બાળકના મનમાં નાનપણથી જ સચોટ સંસ્કાર પાડવાની આ વાર્તાઓ પાછળ દૃષ્ટિ રહેલી છે. એ દૃષ્ટિ કેટલે અંશે પાર પડશે એ તો અનુભવ પરથી જ કહી શકાય.

શિક્ષકોને મારી એક જ વિનંતિ છે; અને તે એ કે આ વાતોને વિદ્યાર્થીઓ સમક્ષ સુંદર વાચન દ્વારા રજૂ કરવાની તેઓ કાળજી રાખે. આમ થતાં એ વાતોનાં હાર્દને બાળકો આપોઆપ પકડી લેશે.

નાનાં બાળકોને સ્થળ અને સમયનો ખ્યાલ આપવો એ બહુ મુશ્કેલ છે. એ માટે નાની ઉમ્મરે તેમના ઉપર બોજો ન લાદતાં, તેમને અડસટ્ટે કંઈક ખ્યાલ આવે એવી રીતે સમયનો ખ્યાલ આપવો ઠીક છે. તેથી સાલો ગોઠવવાની મહેનતમાં શિક્ષકો ન પડે, પણ વિદ્યાર્થીઓનું માત્ર અગત્યની સાલો તરફ ધ્યાન જ ખેંચે એ ઇષ્ટ છે. આ દૃષ્ટિએ કેટલીક અગત્યની સાલો વાર્તા પૂરી થતાં ઝીણા અક્ષરે આપી છે. મથાળે સમયનો ખ્યાલ આપતી વર્ષ-સંખ્યા આપી છે.

સ્થળનો ખ્યાલ નકશાઓની મદદ વિના નહિ આપી શકાય. એવા નકશાઓ મોટા કદના હોવા જોઈએ. આવા નાનકડા પુસ્તકમાં એવા નકશાઓને ભાગ્યે જ સમાવી શકાય. આને માટે વર્ગની અંદર અનેક નકશાઓ જુદી જુદી દૃષ્ટિએ તૈયાર કરી શિક્ષકો દીવાલ પર મૂકે એ ઘણું જરૂરનું છે. એવા નકશાઓમાં એક ગુજરાતનાં ઐતિહાસિક સ્થળો બતાવનારો હોય. વળી એકમાં જુદા જુદા સ્થળે જે મોટા મોટા પુરુષો થઈ ગયા તેનાં ચિત્રો હોય—આવાં ચિત્રો કોઈ સારા પાઠ્યપુસ્તકમાંથી કાપીને પણ મૂકી શકાય, જો ચીતરવાનું ન બની શકે તો. એવા નકશાઓમાં એક મોટા વેપારીઓ ને ઉદ્યોગપતિઓ બતાવતો, એક મોટા

સાહિત્યસેવકો બતાવતો, એક મોટા સાહસવીરો બતાવતો, એક સંતોનો, એક મોટી સ્ત્રીઓનો, એક મોટા લડવૈયાઓનો, વગેરે હોય. ચિત્રની નીચે સ્થળનું નામ હોય. વળી બનાવોનો પણ એકાદ નકશો હોય. આવા નકશાઓ બને તેટલા મોટા કરવા, જેથી સ્થળનો વિદ્યાર્થીઓને બરોબર ખ્યાલ રહે. સમયના ખ્યાલ માટે પણ આવી રીતે જાતજાતની યોજનાઓ જો શિક્ષકો કરશે તો નાનપણથી જ વિદ્યાર્થીઓમાં સારી સરખી ઇતિહાસદૃષ્ટિ કેળવી શકાશે.

આ વાતો મુખ્યત્વે ગુજરાતના લોકજીવનને દર્શાવનારી છે. એ દ્વારા ગુજરાતના જીવનવિકાસના જો વિદ્યાર્થીને ખ્યાલ આવે તો એનો હેતુ સફળ થયેલો લેખાશે.

આમાં લેવાયેલી પ્રત્યેક વાર્તા ઇતિહાસ માટે પ્રમાણભૂત લેખાયેલ ગ્રંથોના આધાર લઈને લખેલી છે. દંતકથાઓને તેમ જ ચમત્કારવાળી કથાઓને બને તેટલી દૂર રાખવા પ્રયત્ન કર્યો છે. આથી જશમા ઓડણ, વરસોજી અને જેતાજી, હીરો કડિયો વગેરેની કથાઓને આમાં મહત્ત્વ નથી આપ્યું.

પ્રત્યેક વાર્તામાં બને ત્યાં સુધી એક સુરેખ ચિત્ર શબ્દો દ્વારા ઊભું કરવા પ્રયત્ન કર્યો છે, અને એ શબ્દચિત્રને મારા મિત્ર ભાઈશ્રી રસિકલાલ પરીખે રેખામાં ઉતારવા અથાક જહેમત ઉઠાવી છે. આથી આ વાતો બાળકના મનમાં સચોટ રીતે ચીતરાઈ રહે તો તેનો જશ ભાઈ રસિકલાલને ઘટે છે.

ચિત્રો તૈયાર કરવામાં ઐતિહાસિક વાતાવરણ જમાવવાના શક્ય તેટલા પ્રયત્ન કર્યા છે. એ માટે જૂના અલંકારો, સ્થાપત્યના નમૂના વગેરેનો શ્રી. રસિકલાલે બહુ ઝીણવટથી અભ્યાસ કરીને જ એ ચિત્રો તૈયાર કર્યાં છે. પણ જો ક્યાંક કંઈક ઊણપ રહેવા પામી હોય તો બીજી આવૃત્તિ થાય તો બને તો સુધારવા અમારી ઉમેદ છે.

અંતમાં, આ નાનકડી ચોપડી તૈયાર કરવામાં અનેક મિત્રો અને મુરબ્બીઓનો મને મોટો સહકાર મળ્યો છે, તે બધાનો નામ-નિર્દેશ કર્યા વિના, તે સૌનો અને શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયનાં મારાં નાનકડાં બાળ-મિત્રો જેમણે આ વાતો ઉત્સાહ-પૂર્વક સાંભળી મને પ્રેરણા આપી છે તેમનો બધાનો તેમ જ શ્રી. મગનભાઈ પટેલનો આ કથાઓની પ્રેરણા માટે આભાર માનું છું.

શ્રી. રવિશંકર રાવળે "કુમાર કાર્યાલય"નાં ચિત્રોમાંથી મહાત્મા ગાંધીજી, દાદાભાઈ નવરોજી, અબ્બાસ સાહેબ, વિઠ્ઠલભાઈ અને કવિ નર્મદનાં ચિત્રોનો ઉપયોગ કરવા દેવાની રજા આપી છે તે માટે તેમનો હું ઋણી છું.

અન્તમાં, જેવી છે તેવી આ કથાઓ ગુજરાતની ઊગતી પેઢીના હાથમાં હું પ્રેમથી મૂકું છું.

શેઠ ચી. ન. વિદ્યાવિહાર
અમદાવાદ, ૧૨-૩-'૪૦


જીણુભાઈ દેસાઈ

અનુક્રમણિકા

૧

શ્રીકૃષ્ણ

(પાંચ હજાર વર્ષ પહેલાં)



દ્વારિકા ઉપર આજ આખા હિન્દની નજર ચોંટી છે. કોનો પક્ષ લેશે દ્વારિકાના શ્રીકૃષ્ણ? આ એક જ સવાલ આજે સૌની જીભ ઉપર છે.

હકીકત એમ બની હતી કે, કૌરવો અને પાંડવો વચ્ચે મહાભારતનું યુદ્ધ સળગી ઊઠવાનો વખત આવી પહોંચ્યો હતો. આખા હિન્દુસ્તાનમાંથી રાજાઓ કુરુક્ષેત્રની રણભૂમિ ઉપર લડવા ભેગા થયા હતા. કોઈ રાજા બાકી રહ્યો ન હતો.

જાણે હિન્દના રાજાઓને ગાંડપણ વળગ્યું હતું કે આપસ-આપસમાં લડી ખુવાર થઈ જવું !

આ બધામાં હજુ ન આવ્યા હતા દ્વારિકાના શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણના પરાક્રમની વાત હિન્દમાં તો ઘેરઘેર લોકો જાણતા હતા. મથુરાના જુલમી રાજા કંસને મારનાર શ્રીકૃષ્ણના બળથી સહુ કોઈ થરથરતું. કંસ, શિશુપાળ, કાળયવન વગેરે અનેક દુષ્ટ રાજાઓની હિન્દમાંથી શ્રીકૃષ્ણે જડ ઉખેડી નાખી હતી.

એ શ્રીકૃષ્ણ દ્વારિકા નગરીના પોતાના મહેલમાં સૂતા છે. તેમને ખબર નથી કે તેમના માથા પાસે હસ્તિનાપુરનો રાજા, કૌરવોનો વડો, દુર્યોધન બેઠો છે. તેમના પગ પાસે ઊભો છે અર્જુન, પાંડવોનો એ મહાન યોદ્ધો, શ્રીકૃષ્ણનો પરમ મિત્ર.

આ બન્ને શત્રુઓ કૃષ્ણની મદદ લેવા આવ્યા છે. દ્વારિકાના લોકો તો નવાઈ પામે છે કે ક્યાં દ્વારિકા ને ક્યાં કુરુક્ષેત્ર — અને છતાં દ્વારિકા જે બાજુ જોડાય તે બાજુનું પલ્લું નમે, તે બાજુ જ જીતે ! દુર્યોધન અને અર્જુન બન્ને એ બરોબર જાણે છે; અને એથી જ સેંકડો ગાઉની મજલ કાપી બન્ને જણને ઉત્તર હિન્દમાંથી ઠેઠ ગુજરાતમાં આવવું પડ્યું છે. કોનો પક્ષ લેશે શ્રીકૃષ્ણ ?

શ્રીકૃષ્ણ આળસ મરડી બેઠા થાય છે. આંખ ચોળે છે અને જુએ છે તો સામે અર્જુન. " ઓહો ! ક્યારે પધાર્યા, અર્જુન, તમે ?"

એટલામાં પાછળથી દુર્યોધન બોલે છે: " કૃષ્ણ, પહેલો હું આવ્યો છું."

" ઓહો ! તમે પણ !" હસીને પાછળ જોઈ શ્રીકૃષ્ણ બોલે છે, " કહો, શા સમાચાર ?"

"હું મહાભારતના યુદ્ધમાં અમારી તરફેણમાં લડવા આપને નિમંત્રણ આપવા આવ્યો છું", દુર્યોધન બોલ્યો.

"હું પણ એ જ નિમંત્રણ લઈને આવ્યો છું", અર્જુન બોલ્યો.

"એમ ?" શ્રીકૃષ્ણ નવાઈ પામતા હોય તેમ બોલ્યા. "મારે શું કરવું? મેં અર્જુનને પહેલા દીઠા એટલે પહેલો હક મારે અર્જુનનો રાખવો જોઈએ; પણ દુર્યોધન કહે છે કે પહેલા તે પોતે આવ્યા છે, એથી પહેલો હક મારે દુર્યોધનનો રાખવો જોઈએ. આ કેવી રીતે બને?" શ્રીકૃષ્ણ વિચાર કરવા થંભ્યા.

દુર્યોધન મનમાં ફફડવા લાગ્યો: "કેવો લુચ્ચો છે આ કૃષ્ણ! પહેલો હું આવ્યો છું છતાં કેવાં બહાનાં કાઢે છે! પણ આજ એની ચાલાકી નહિ ચાલવા દઉં. જોઉં છું કૃષ્ણ કેમ ના પાડે છે!"

એટલામાં શ્રીકૃષ્ણ ફરીથી બોલ્યા, "જુઓ, દુર્યોધન કહે છે કે પહેલા એ આવ્યા છે, એટલે પહેલો હક એમનો."

"ધન્ય છે શ્રીકૃષ્ણ!" દુર્યોધન બોલી ઊઠ્યો. તેને અધવચથી રોકતાં શ્રીકૃષ્ણ બોલ્યા :

"એટલે એમ કે, દુર્યોધન, પહેલાં તમે પસંદગી કરી લો. મેં વિચારી લીધું છે કે મારે કોઈને અન્યાય નથી કરવો. પહેલાં મેં અર્જુનને જોયા એટલે એમનો પણ હક તો છે જ, પણ તમે પહેલા આવ્યા એટલે તમારો હક પહેલો. એટલે તમે નક્કી કરો કે તમને મારું લશ્કર જોઈએ છે કે હું? હું હવે હથિયાર નહિ ધારણ કરું. આવીને બહુ તો સલાહ આપીશ, લડું નહિ. લડશે મારું

લશ્કર. તમે પસંદગી કરી લો. જોઈએ તો મારું સૈન્ય લો અથવા મને લો.”

દુર્યોધને પળમાં વિચાર કરી લીધો. “તમારું સૈન્ય હું લઈશ”, તે આનંદથી થનગનાટ કરતો બોલ્યો.

“મારે તો આપ જ બસ છો”, અર્જુન બોલ્યો.

અને મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણની યાદવસેના કૌરવોના પક્ષમાં લડી. શ્રીકૃષ્ણ બન્યા અર્જુનના રથના હાંકનાર.

એ યુદ્ધમાં કોનો વિજય થયો હશે એ તમે કહી શકશો?

૨

પાંચ હજાર વર્ષ પહેલાં

કેવું હશે આપણું ગુજરાત પાંચ હજાર વર્ષ પહેલાં? આપણને નવાઈ લાગશે કે આજે દુનિયાનાં જે મોટાં નગરો ગણાય તેમાંનાં ઘણાંનાં ત્યારે નામનિશાન પણ ન હતાં. અરે! આજે જે મોટા દેશ તરીકે ઓળખાય છે તેને ત્યારે કોઈ જાણતું પણ ન હતું!

ત્યારે લંડન, પારીસ, ન્યૂયૉર્ક, મુંબઈ વગેરે દુનિયાનાં મોટાં નગરો ન હતાં. અમેરિકાની તો કોઈને ખબરે ન હતી. ત્યાં તો જંગલી લોકો વસતા હતા. યુરોપમાં પણ તે જ હાલત હતી. ઇંગ્લંડમાં તો લોકોને કપડાં શું કહેવાય તેની પણ ખબર ન હતી. ત્યાંના લોક મોટે ભાગે તો જંગલમાં રહેતા, ચામડાંથી પોતાનાં અંગ ઢાંકતા ને શિકાર કરી ગુજરાન ચલાવતા.

તે વખતે ગુજરાતમાં શી સ્થિતિ હતી? આપણે જોયું-ને કે ત્યારે ગુજરાતમાં તો શ્રીકૃષ્ણનો વાસ હતો? ત્યારે દ્વારિકા, સ્તંભતીર્થ (ખંભાત), ભૃગુકચ્છ (ભરૂચ), વગેરે દુનિયાનાં મોટાં નગરો અને બંદરો હતાં. દ્વારિકા તો સોનાની કહેવાતી—એટલો બધો પૈસો દ્વારિકામાં હતો.

એ ગુજરાતમાં જો આપણે ડોકિયું કરી શકીએ તો શું માલૂમ પડશે? પહેલાં તો આપણે આપણાં જેવાં બાળકોની જ વાત કરીએ. એ બધાં આપણા જેવાં જ હશે? હાસ્તો. પણ તેમની નિશાળ આપણા જેવી નથી દેખાતી. આપણી નિશાળો તો વસ્તીમાં છે, જ્યારે તેમની નિશાળો તો તપોવનમાં છે.



કેવી મજાની છે પેલી સાંદીપનિ ઋષિની નિશાળ! અરે! ભૂલ્યા, એવી નિશાળને તો આપણે આશ્રમ નામે ઓળખવી જોઈએ. સાબરમતી-કાંઠે ગાંધીજી જે નિશાળ ચલાવતા હતા તેને આપણે આશ્રમ જ કહેતા હતા ને?

અને રવિબાબુ શાન્તિનિકેતનમાં જે નિશાળ ચલાવે છે તેને પણ આશ્રમ જ કહે છેને ?

જુઓ, એ સાંદીપનિ ઋષિના આશ્રમમાં કેટકેટલા બાળકો છે ! એમાં રાજાઓના દીકરા છે અને ગરીબ માબાપના દીકરા છે. પણ છે કોઈ વચ્ચે કંઈ ભેદ ? જુઓને પેલી કૃષ્ણસુદામાની જોડી ! ક્યાં રાજવંશી કૃષ્ણ અને ક્યાં ગરીબ સુદામો ! પણ કેવા બન્ને એક જ વાસમાં રહે છે, સાથે ગાયો ચારવા જાય છે, વનમાંથી લાકડાં કાપી લાવે છે, ફળફૂલ ભેગાં કરે છે, ગુરુજીનાં વાસણો માંજે છે !

અને ગુરુજી વાતવાતમાં છોકરાઓને કેટકેટલું શીખવે છે ! રાત્રે બેઠા બેઠા છોકરાઓને ભેગા કરી વાતો કહે છે, તારાઓ અને ગ્રહો બતાવે છે, તેમની મઝાની ઓળખાણ આપે છે. દિવસે વળી તેમની જુદી જુદી ટુકડીઓ સાથે વનમાં ફરવા જાય છે. ત્યાં તેમને ફળફૂલ, ઝાડપાન, પશુપંખી વગેરેની ઓળખાણ કરાવે છે, ડુંગરો પર ને મેદાનોમાં દોડાવે છે, ઋતુઓની ખૂબીઓ સમજાવે છે, તીર ફેંકતાં શીખવે છે, વનસ્પતિઓના ગુણદોષ સમજાવી ઓષધિઓનું જ્ઞાન આપે છે, અને વળી સાથે સાથે વેદના મંત્રો પણ બધા ગાતા જાય છે.

કેવી મઝા ! આવી રીતે ભણવાનું કોને ન ગમે !

અને લોકો પણ કેવા સુખી છે ! આમ એ બધું તો સુન્દર દેખાય છે, પણ શ્રીકૃષ્ણના યાદવો કેમ આવા માથાફરેલ લાગે છે ?

નહિ સમજાયું ? એ બધા હાલ સત્તાના મદમાં છે. શ્રીકૃષ્ણની ઓથ હેઠળ એ બધા માતબર થયા. એટલે

આસપાસનાં રાજ્યો અને ગામોની સંપત દ્વારિકામાં ઢસડી લાવ્યા. દ્વારિકાને સોનાની કહેવડાવી. પણ બીજાનું ધન કોઈ દિવસ કોઈને પચ્યું છે ? અંદરઅંદર યાદવોમાં ઈર્ષ્યા પેદા થઈ, પૈસાનો તેમને મદ ચઢ્યો, એ મદે તેમને વિલાસી બનાવ્યા, દારૂ પીતાં શીખ્યા, અને પરિણામે અંદરઅંદર કપાઈ મર્યા. એથી આજે પણ કોઈ જગ્યાએ અંદરઅંદર લડાઈ થાય તો લોકો કહે છે કે યાદવાસ્થળી થઈ.

પણ આવી રીતે છકી ગયેલા લોકો ઓછા છે. ઠેરઠેર ગુજરાતમાં તપોવનો છે, અને તે તપોવનોમાં દ્વારિકા, ભૃગુકચ્છ, સ્તંભતીર્થ, સુદામાપુરી આદિ અનેક નગરો શોભે છે.

પાંચ હજાર વર્ષ પહેલાનું આપણું ગુજરાત તે આ. એવા એ શ્રીકૃષ્ણના ગુજરાતના આપણે વારસ છીએ, એ વિચારે કયા ગુજરાતીની છાતી આનંદથી નહિ ફૂલે !

૩

બે હજાર વર્ષ પહેલાં

આપણી દુનિયાને ઉત્પન્ન થયાને કેટલાં વર્ષો થયાં હશે, તેની કોઈ ગણતરી કરવી મુશ્કેલ છે. એમ કહી શકાય કે લાખો વર્ષ થયાં છે. આપણા ગુજરાતને થયાને પણ લાખો વર્ષ થયાં છે. પણ એ લાખો વર્ષમાંથી કેટલા વર્ષની વાત આપણે જાણીએ છીએ? આપણે પહેલી વાત શ્રીકૃષ્ણની કરી. એ વાત પાંચ હજાર વર્ષ પહેલાંની. પણ લાખો વરસની સરખામણીમાં તો એ બનાવ જાણે ગઈ કાલે બન્યો હોય એમ લાગે.

ત્યારે આપણી પાસે શ્રીકૃષ્ણના પહેલાંની વાતો કેમ નથી? એનું કારણ એ છે કે લખવાનાં સાધનોની શોધ બહુ મોડી થઈ. એટલે જેટલી વાત મોઢે યાદ રહી શકી તે પેઢી દર પેઢી વારસામાં ઊતરી આવી; અને તેમાંથી આપણે આપણા બાપદાદાઓની વાત ભેગી કરી.

પણ લોકો જ્યારે લખતાં શીખ્યા ત્યારે આપણા જેવાં છાપખાનાં ન હતાં. કાગળો ન હતા. તો કઈ રીતે પોતાની વાતો તેઓ નોંધતા હશે?

એ માટે તાડનાં પાંદડાં તેઓ વાપરતા, વળી મોટા મોટા ખડકો ઉપર કોતરતા, તાંબાનાં પતરાંઓ ઉપર કોતરતા, સિક્કાઓ ઉપર મહોર મારતા. આમ એવાં તાડપત્રો, શિલાલેખો, તામ્રલેખો, સિક્કાઓ વગેરે ઉપરથી જૂના જમાનાની વાતો જાણવાની મળે છે; પણ એ ઉપરથી બહુ જ ઓછી વાતો ભેગી થઈ શકી છે.

જુઓને, શ્રીકૃષ્ણ પાંચ હજાર વર્ષ પહેલાં થયા. એ પછી તો આપણા ગુજરાતમાં ઘણું ઘણું જાણવા જેવું બન્યું હશે, પણ આપણે ત્યાર પછી અઢી કે ત્રણ હજાર વર્ષ સુધીનાં વર્ષો સંબંધી બહુ ઓછું જાણીએ છીએ. એથી એ જમાનાની કોઈ વાતો આપણે આ પુસ્તકમાં નોંધી નથી.

બે હજાર વર્ષ પહેલાંના આપણા ગુજરાત માટે આપણે જુનાગઢ પાસેના એક શિલાલેખ ઉપરથી, તેમ જ ત્યાં અગાઉ સુદર્શન તળાવ બંધાયું હતું તેના લેખ ઉપરથી જાણી શકીએ છીએ.

આખી દુનિયામાં જેની જોડી મળે એમ નથી એવો મૌર્યવંશી મહાન રાજા અશોક એ વખતે થઈ ગયો.

ગિરનાર પાસે તેણે એક શિલાલેખ કોતરાવ્યો છે.

શ્રીકૃષ્ણના વખત કરતાં દુનિયામાં એ વખતે ઘણા ફેરફારો થયા હતા. આપણે લંકા, જાવા, ચીન, મિસર વગેરે દેશો સાથે પણ સંબંધમાં આવ્યા હતા.

એ શિલાલેખ આજે પણ અઢી હજાર વર્ષથી તાપ, પવન, ટાઢ અને વરસાદનાં ઝાપટાં ખાતો ઊભો છે. તે વખતની દુનિયામાં તો કાપાકાપી ને મારામારી હાલતાં ને ચાલતાં થતી. અને આજે પણ ક્યાં એવું નથી? એવા જમાનામાં અશોકે જે બોધ આપણા ગિરનારના ખડક ઉપર કોતરાવ્યો તે આજે પણ સહુએ વાંચી આચરવા જેવો છે; અને હજારો વર્ષ સુધી લોકોને એ એવો ને એવો જ ઉપયોગી રહેશે.

એ શિલાલેખનો સારાંશ એમ છે કે જીવમાત્ર ઉપર સહુએ પ્રેમ અને દયા રાખવાં. કોઈ પણ જીવને મારવો નહિ. કોઈનું બૂરું કરવું નહિ. હંમેશ સાચું બોલવું. માતપિતાને માન આપવું. અપકાર ઉપર ઉપકાર કરવો.

અશોકે આવા લેખ હિન્દમાં ઠેર ઠેર કોતરાવ્યા હતા. તેણે આખી દુનિયામાં આ બોધનો ફેલાવો કરવા સાધુઓને મોકલ્યા હતા. એ મહાન રાજાએ, કોઈ દિવસે પણ તરવાર ન વાપરવી અને કદી પણ યુદ્ધ ન કરવું, એવી પ્રતિજ્ઞા કેમ લીધી એ તમે જરૂર જાણી લેજો, અને એની રાજધાની ક્યાં હતી તથા કેવી હતી તે વિશે પણ શીખી લેજો.

એનો બોધ લોકો થોડોઘણો પણ સાંભળે તો ક્યાંય દુઃખ રહે ખરું?

૪

વલભીનો નાશ

(આશરે બારસો વર્ષ પહેલાં)



" મને એ કાંસકી આપી દે."

" ના, હું શેની આપું ? "

" મારા બાપુજીને હું કહી દઈશ."

" કહેજેને, હું પણ મારા બાપુજીને કહી દઈશ."

" મારા બાપુજી તો વલભીના રાજા છે."

" તે મારા બાપાય વલભીના મોટા શેઠ છે, સમજીને ?"

" એમ ? " બોલતી રડવા જેવી થઈ ગયેલી વલભીના રાજા શીલાદિત્યની દીકરી ધૂવાંપૂંવાં થતી મહેલ તરફ ચાલી ગઈ. બીજી હતી વલભીના એક મોટા કરોડપતિ શેઠ કાકુની દીકરી. પોતાના ઘરના ગોખમાં બેઠી બેઠી પોતાના રેશમ જેવા સુંવાળા વાળ તે એક રત્નજડિત કાંસકી વડે હોળી રહી હતી; એવામાં રાજા શીલાદિત્યની દીકરી ત્યાં આવી ચઢી. તેણે તે કાંસકી જોઈ અને કાકુની દીકરી પાસે તે માગી, પણ તેણે તો ઘસીને ના પાડી.

બસ થઈ રહ્યું. રાજાની દીકરીને ના પાડે તે રાજાથી સહેવાય ? રાજાએ કાકુને બોલાવ્યો. કાકુ આમ તો પરદેશી હતો. વરસો પહેલાં વલભીમાં તે મારવાડથી ભૂખનો માર્યો આવી ચઢયો હતો. ત્યાં પોતાની અક્કલ હોશિયારીથી કમાયો, અને દોરીલોટો લઈને આવેલો એ મારવાડી કરોડપતિ બન્યો.

બાપને રાજાએ બોલાવ્યો છે એ જાણતાં દીકરી આવી. રડતાં રડતાં તેની આંખ લાલ થઈ ગઈ હતી. તે જાણતી જ હતી કે કુંવરી પોતાનો પરચો બતાવશે જ. કાકુએ દીકરીને ધીરજ આપી. " રાજાને પોતાની દીકરી વહાલી હશે તો બીજાને દીકરીઓ શું નાખી દેવાની હશે ?"—કાકુ મનમાં પાકી ગાંઠ વાળી રાજદરબારે આવ્યો.

રાજાએ એકના હજાર, હજારના લાખો આપવા કહ્યા. એટલી કાંસકી માટે જે માગે તે કાકુને આપવા તે તૈયાર થયો. પણ કાકુ એકનો બે ન થયો. " એવી જોઈએ તો બીજી કરાવી આપું, પણ મારી દીકરીને રડાવીને એ તો મારાથી નહિ અપાય." કાકુએ રાજાને સંભળાવી દીધું.

"મારી રૈયત થઈ મને ના પાડે?" રાજા ચિડાયો. તેણે બળજબરીથી કાકુની દીકરી પાસેથી કાંસકી પડાવી લીધી.

આથી કાકુ રોષે ભરાયો. તે ગયો સીધો સિંધના રાજા પાસે. તેને તેણે કરોડ સોનામહોર આપી વલભી પર ચઢાઈ કરવા ઉશ્કેર્યો.

સિંધી લશ્કરે આવી શીલાદિત્યને હરાવ્યો અને વલભીનો નાશ કર્યો. એ પછી સિંધી રાજાને થયું કે, જે માણસ પોતાના રાજાને નિમકહરામ થયો તે બીજાને નિમકહલાલ થાય એની શી ખાતરી? એથી તેણે કાકુને પણ ગરદન માર્યો.

આમ રાજા મટી શીલાદિત્ય જુલમી બન્યો, કાકુ ખાનદાની છોડી કિન્નાખોર બન્યો, તેનું પાપ વલભીને લાગ્યું. તે ખેદાનમેદાન થઈ ગયું.

આજ પણ ભાવનગર પાસેના વળા ગામમાંથી એ નાશ પામેલ વલભીનાં દટાઈ ગયેલાં મકાનોની ઈંટો મળે છે, અને જતા આવતા લોકોને શીલાદિત્ય અને કાકુની અવળી મતિની કરુણ કથા કહી ચેતાવે છે.

ઈ. સ. ૬૭૫

૫

જયશિખરી

(આશરે બારમો વર્ષ પહેલાં)

"ભૂવડનું લશ્કર પાણીના રેલાની જેમ ચાલ્યું આવે છે." હાંફતાં હાંફતાં કિલ્લા પરના એક ચોકીદારે પંચાસરના રાજા જયશિખરીને ખબર આપ્યા.

"ભલે આવે. એના સેનાપતિ મિહિરને હજુ ઓછો માર પડ્યો હશે તેથી તેનો રાજા હવે સ્વાદ ચાખવા આવે છે. ભલે આવે." જયશિખરીએ મૂછના આમળા ચઢાવતાં કહ્યું.

જયશિખરી બહુ શૂરો રજપૂત હતો. ભૂવડના દરબારમાં એક વાર શંકર બારોટ નામે એક બારોટે જયશિખરીનાં ખૂબ વખાણ કર્યાં હતાં. એ ઉપરથી એવા રાજાને નમાવી નામના મેળવવા કલ્યાણીના રાજા ભૂવડે પોતાના સેનાપતિ મિહિરને મોકલ્યો હતો. પણ જય-શિખરીને હાથે સખત માર ખાઈ મિહિરને પાછા જવું પડયું હતું. એથી આજે ભૂવડ પોતે મોટું સૈન્ય લઈ પંચાસર ઉપર ચઢી આવ્યો છે.

પંચાસરના ઘેરાને આજ બાવન દિવસ થઈ ગયા છે. કિલ્લામાં હવે ખોરાકી ખૂટવા આવી છે. જયશિખરીનો સાળો શૂરપાળ ઘવાયો છે. બીજા કેટલાક સૈનિકો પણ ઘવાયા છે. ઘવાયેલા શૂરપાળના ખાટલા પાસે જયશિખરી આવ્યો.

"ભાઈ, શૂરપાળ, હવે તો કેસરિયાં કર્યે જ છૂટકો. લોકો ભૂખે મરે છે તે મારાથી નથી જોવાતું." રાજા બોલ્યો.

"એમાં પૂછો છો શું, મહારાજ? રજપૂતનો બેટો તો જન્મ્યો ત્યારથી જ ભાલાની અણી ઉપર પોતાના માથાને રમાડતો ફરે છે. કેસરિયાં કરવાનું થાય એ તો મોટી ઉજાણી, એમાં મને શું પૂછો છો, મારા રાજા?"

"ના. શૂરપાળ. તમે સમજ્યા નહિ. રજપૂત જ્યારે કેસરિયાં કરે ત્યારે રજપૂતાણી પાછી પડે કે? તે તો પોતાના પતિ પહેલાં ચિતામાં બળી મરે. મને ડર છે તમારી

બ્હેનનો, શૂરપાળ ? તે કદાચ ચિતામાં કૂદી પડવા તૈયાર થાય તો. . . ."

"તો ? શું બોલો છો, મહારાજ ? રૂપસુંદરી સાચી ક્ષત્રાણી છે, હો."

જયશિખરી હસ્યો. "ગાંડો રે ગાંડો મારી રૂપસુંદરીનો વીર." તે હેત કરતાં બોલ્યો. "કોણ કહે છે રૂપસુંદરી ક્ષત્રાણી નથી ? પણ તે બેજીવવાળી છે એટલે તેને ચિતામાં નહિ પડવા દેવાય. આપણે પડશું પછી વેર કોણ લેશે ? તેને દીકરો આવે તો કોઈ દહાડો ગાદી પાછી મેળવશે."

શૂરપાળ ચૂપ થઈ ગયો. ધીરે રહી તે બોલ્યો, "તો પછી ?"

"એ જરા આકરું છે, શૂરપાળ. પણ મારે તમને કહ્યે જ છૂટકો છે. તમે તેને લઈને જાઓ. કોઈ સહીસલામત જગ્યાએ મૂકી વહેલા વહેલા પાછા આવો." જયશિખરી બોલ્યો.

"એમ ?" શૂરપાળે નિઃશ્વાસ મૂક્યો. બીજો કંઈ ઇલાજ નથી તે તેણે જોયું. નછૂટકે પોતાના રાજાને એકલે હાથે લડવા મૂકી શૂરપાળ રૂપસુંદરીને લઈ વનના ભીલોને આશ્રયે તેને મૂકવા ગયો.

જયશિખરી અને તેનાં માણસોએ કેસરિયાં કર્યાં. ખૂબ બહાદુરીથી તે બધા લડયા. અન્તે જયશિખરી પડયો.

જયશિખરીનું એ પંચાસર આજ પણ કચ્છના રણ પાસે રૂપેણ નદીને કાંઠે એક નાનકડા ગામરૂપે પંચાસરને નામે જ ઊભું છે.

ઈ. સ. ૬૯૬

૬

વનરાજ ચાવડો

(આશરે બારસો વર્ષ પહેલાં)

"મામા, પેલો કોક વાણિયો આવે છે. શુકન ઠીક થયા લાગે છે." એક એકાન્ત રસ્તા ઉપર એક જુવાને



એક આધેડ વયના પુરુષને કહ્યું.

એ જુવાન તે બીજો કોઈ નહિ પણ પંચાસરના જયશિખરીનો દીકરો વનરાજ. શૂરપાળ રૂપસુન્દરીને વનમાં મૂકી ગયો ત્યાર બાદ ત્યાં ભીલોએ તેની સારી રીતે કાળજી રાખી. વનમાં તેણે એક કુંવરને જન્મ આપ્યો. શીલગુણસૂરિ નામના એક જૈન મુનિએ એક દિવસે વનમાં કોઈ ઝાડની ડાળે બાંધેલા પારણામાં એ કુંવરને જોયો. તેના મુખ ઉપરથી તેમને લાગ્યું કે એ છોકરો કોઈ સાધારણ માણસનો ન હોય. તેમને ખબર પડી કે એ તો જયશિખરીનો કુંવર. એટલે તેમણે માદીકરાને પોતાના અપાસરામાં આશરો આપ્યો. તેમણે એ કુંવરનું નામ વનરાજ પાડ્યું.

વનરાજને બધા 'વનુ'ને ટૂંકે નામે બોલાવવા મંડ્યા. વનુને શીલગુણસૂરિએ ભણાવ્યો પણ ખરો. પણ વનુનું ધ્યાન તો તોફાન મસ્તીમાં છે. તેને તો પંચાસર પાછું મેળવવાની લગની લાગી છે. તેનો મામો શૂરપાળ પણ હવે તો પાછો તેની પડખે આવી પહોંચ્યો છે. એક પછી એક નવી નવી ઓથ વનુને મળ્યે જ જાય છે. એક ધનિક વણિકની દીકરી શ્રીદેવીએ વનરાજને પોતાનો ભાઈ બનાવી હાથે રાખડી બાંધી છે. અવારનવાર તે તેને ધનની મદદ કર્યે જાય છે. વનુ તો દિવસે નહિ તેટલો રાત્રે અને રાત્રે નહિ તેટલો દિવસે મોટો અને મજબૂત થતો જાય છે. એમાં તેને અણહિલ નામના એક ખડતલ ભરવાડનો ભેટો થયો. એ ભારે બહાદુર આદમી હતો. તેણે વનરાજને વનના અનેક વિકટ રસ્તા બતાવ્યા. એ રસ્તાઓમાં છુપાઈ રહી, વનુ તેના સાથીઓની સાથે બહારવટું ખેડી પોતાના બાપની ગાદી પચાવી પડેલા પરદેશીઓને રંજાડવા મંડ્યો.

આજે એ મામો ભાણેજ એક સાથી સાથે ચોરી કરવા નીકળ્યા છે. એવામાં તેમણે કોઈ એક વાણિયાને ઘીનો ઘડો લઈ આવતાં જોયો. વનુએ એ ઉપરથી શૂરપાળને કહ્યું કે આજ શુકન ઠીક થયા લાગે છે.

વનુનું કહેવું સાંભળી શૂરપાળ બોલ્યો, "હા, વનુ, બીજું કંઈ નહિ તો ઘીનો ઘડો તો મળશે. આજે જ સવારે બહેન કહેતાં હતાં કે ઘી થઈ રહ્યું છે."

"ચાલો ત્યારે મામા", ઝાડની ઓથેથી બહાર પડતાં વનુ બોલ્યો. તેણે પડકાર કર્યો,

"ઊભો રહેજે વાણિયા, ખસ્યો તો ઠાર મર્યો સમજજે."

"આ ઊભો છું, આવો જેને મોત જોઈતું હોય તે." એમ બોલતાં વાણિયાએ પોતાના ખભા પરના ભાથામાં પાંચ તીર હતાં તેમાંનાં બે ભાંગી ફેંકી દીધાં, અને એકને ચાપ પર ચઢાવવા માંડ્યું.

આ જોતાં ત્રણે જણ સડક થઈ ગયા. શૂરપાળે પૂછ્યું:

"અલ્યા, જરાક ખમી જા, તારી પાસે તીર છે તો અમારી પાસે બરુ નથી, સમજ્યોને? પણ જરાક કહે તો ખરો કે તેં પેલાં બે તીર કેમ ભાંગીને ફેંકી દીધાં?"

"તમે ત્રણ છો. ત્રણ માટે મારે ત્રણ તીર બસ. બે વધારાનાં હતાં એટલે ફેંકી દીધાં."

નવાઈ પામતા ત્રણે જણ જોઈ રહ્યા. વનુ બોલ્યો,

"વાહ! ભારે બહાદુર છે ને. નામ શું તારું?"

"ચાંપો."

"તો ચાંપા, હવે કજિયો પતાવ ને જે કંઈ પાસે હોય તે મૂકી રસ્તે પડ. તું બહાદુર છે એ કબૂલ પણ અમે ત્રણ છીએ ને તું એક."

"ભલેને ત્રણ હો. આ ભૂવડના દીકરાના રાજમાં તમારા જેવા લુટારા બહુ વધી પડ્યા છે, એટલે મારે લડાઈની નવાઈ નથી. આવી જાય તમારામાંથી સામે જેને મરવાનો શોખ થયો હોય તે."

"અલ્યા, ઊભો રહે, ઊભો." મામો બોલ્યો. "તેં કહ્યું કે ભૂવડના દીકરાના રાજમાં લુંટારા વધી પડ્યા છે. તો શું અગાઉના રાજમાં ન હતા?"

"અગાઉનું રાજ ?" ચાંપાએ નિઃશ્વાસ મૂકયો. "ભાઈ, તે દિ તો વહી ગયા. ત્યાર તો રામરાજ હતું. જયશિખરી અને શૂળપાળની હાક વાગતાં લૂંટારાના હાંજા ગગડી જતા."

"તો આજે જે રાજ છે તે તમને નથી ગમતું ?"

"કયા અભાગીને પરદેશીનું રાજ ગમે ?" ચાંપાએ જવાબ આપ્યો.

"તમે સાંભળ્યું છે કે જયશિખરીનો દીકરો લશ્કર ભેગું કરે છે ?"

"એ વાત તો આખો મુલક જાણે છે."

"તો તમે જોડાઓ ખરા તેની સાથે ?" મામાએ ઝીણી નજર કરી પૂછ્યું.

"મળે તો જોડાઉં ને ?" ચાંપાએ જવાબ આપ્યો.

"આ રહ્યો વનરાજ !" મામાએ કહ્યું.

"કોણ આ વનરાજ ! મારા જયશિખરીનું રતન ! મારા પંચાસરનો મુગટ !" ચાંપાના હાથમાંથી હરખથી તીરકામઠાં પડી ગયાં.

"હા, અને આ મામા શૂરપાળ." મામા તરફ આંગળી ચીંધતો વનરાજ બોલ્યો.

બધા ભેટી પડ્યા. ચાંપાએ વનરાજને કોલ દીધો કે, પરદેશીને હાંકી કાઢવા માટે જિંદગી આપવી પડે તો તેમ કરતાં પણ તે પાછી પાની નહિ કરે.

હવે શું બાકી રહ્યું ? ચાંપા જેવો વીર સલાહકાર, શૂરપાળ જેવો પીઢ સેનાપતિ, અણહિલ જેવો બાહોશ લોકનાયક, શ્રીદેવી જેવી સુશીલ બહેન, શીલગુણસૂરિ

જેવા ગુરુ — આટઆટલી ઓથ હોય ને વનરાજ પરદેશીઓને પંચાસરમાંથી હાંકી ન કાઢે તો તેને વનરાજ કોણ કહે ?

બાપનું રાજ વનરાજે પાછું મેળવ્યું. સરસ્વતી કાંઠે તેણે નવું નગર વસાવ્યું અને પોતાના વફાદાર મિત્ર અણહિલના નામ ઉપરથી તેનું નામ અણહિલપુર પાટણ રાખ્યું. ત્યાં બહેન શ્રીદેવીએ તેનો રાજ્યાભિષેક કરી જયતિલક કર્યું, આચાર્ય શીલગુણસૂરિએ આશીર્વાદ આપ્યા, માતા રૂપસુંદરીએ ઓવારણાં લીધાં, ચાંપો પ્રધાન બન્યો, શૂરપાળ સેનાપતિ થયો.

અને એ બહાદુર ચાંપાના નામ ઉપરથી પાવાગઢ પાસે એક મોટા નગરનું વનરાજે ચાંપાનેર નામ પાડ્યું. આજ એ ચાંપાનેરનાં ખંડેર પાવાગઢ પાસે પડ્યાં છે.

ઈ. સ. ૭૪૬ થી ૮૦૬

૭

ધર્મવીરોને આશરો

(આશરે બારસો વર્ષ પહેલાં)

સંજાણ બંદરે દરિયામાં દૂરથી આવતા એક વહાણ તરફ કેટલાક લોકો જોઈ રહ્યા છે. કોઈ વેપારીનું વહાણ તો આ અરસામાં આવવાનું ન હતું. તો કોનું વહાણ હશે ? એક પછી એક લોકો વધતા જ જાય છે.

વહાણ કિનારે આવી પહોંચ્યું, પણ આ કોઈ વેપારીનું વહાણ નથી. ત્યારે ?

વહાણમાંથી કેટલાક લોક કિનારે આવ્યા. તે પરદેશી હતા, ઈરાન બાજુના દેખાતા હતા.

એ નવા આવનારાઓ પાસેથી લોકોએ જાણ્યું કે, પોતાના ધર્મની રક્ષા કરવા પોતાનો મુલક છોડી આવેલા એ



કેટલાક બહાદુર પારસી ધર્મવીરો હતા. ઈરાનમાં જ્યારે આ પારસીઓને લાગ્યું કે પોતાનો ધર્મ જોખમમાં છે ત્યારે તેમણે પોતાનો દેશ છોડયો.

તે જમાનામાં પરદેશી-ઓને બીજા મુલકમાં આશ્રય મળવો કંઈ સ-હેલ ન હતો.

પણ બહાદુરીની કદર દુનિયામાં જરૂર કોઈક જગ્યાએ તો થાય છે જ. આ પારસી-ઓએ ગુજરાતની ખ્યાતિ ઠેઠ ઈરાનમાં સાંભળી હતી. તેમને વિશ્વાસ હતો કે ગુજરાતમાં તેમને રક્ષણ મળશે જ.

સંજાણમાં તે વખતે એક હિંદુ રાણાનું રાજ હતું.

પારસીઓએ તેના રાજમાં રહેવાની રાણા પાસે રજા માગી. રાણાએ કંઈ જવાબ ન આપ્યો. પણ જે માણસ સંદેશ લઈને આવ્યો હતો તેને દૂધથી ભરેલો એક પ્યાલો આપી તેણે કહ્યું, " તમારા વડાને આ આપજો."

દૂધનો ભરેલો પ્યાલો જોઈ પારસી બધા વિચારમાં પડયા. પ્યાલો છલોછલ ભર્યો હતો. શો અર્થ હતો એનો ? પારસીઓના વડાએ પ્યાલો હાથમાં લીધો, તેમાં તેણે ધીરે ધીરે થોડી સાકર ઉમેરી. એ ગળ્યા દૂધનો પ્યાલો ફરીથી

તેણે રાણા ઉપર મોકલ્યો.

રાણાએ પ્યાલો લીધો. દૂધ ચાખી જોયું. રાણો ખુશ થયો.

પારસીઓને સંજાણમાં આશરો મળ્યો.

શો હશે એ પ્યાલાનો સંદેશ ? રાણાએ જ્યારે ભરેલો પ્યાલો મોકલ્યો ત્યારે તેનો અર્થ એ હતો કે, "મારા રાજમાં વસ્તી તો કાંઠા સુધી છલોછલ ભરી છે, તેમાં તમને કેવી રીતે સમાવું ?"

અને તેનો પારસીઓના વડાએ તે પ્યાલામાં સાકર ઉમેરીને જવાબ આપ્યો. દૂધ હતું તેટલું ને તેટલું રહ્યું. પ્યાલા બહાર તે ઢોળાયું નહી; અને છતાં અંદર સાકર ઉમેરી શકાઈ. એનો અર્થ એ હતો કે,

"દૂધમાં જેમ સાકર ભળી જાય છે તેમ, હે રાણા, અમે પારસીઓ તમારી વસ્તીમાં બરોબર ભળી જઈશું."

અને કોણ કહી શકે કે સંજાણના રાણાને પારસીઓના દસ્તૂરે આપેલો એ કોલ ખોટો હતો ? સાચે જ, પારસીઓ આજે ગુજરાતના લોકોમાં પૂરેપૂરા ભળી ગયેલા છે અને ગુજરાતને બીજા કોઈ પણ ગુજરાતીની જેમ વહાલથી પૂજે છે. એ ધર્મવીરોના વંશજોએ ગુજરાતને દિપાવ્યું છે. એના દાદાભાઈ નવરોજી, જમશેદજી તાતા, ફિરોજશાહ મહેતા, સોરાબજી પોચખાનવાળા, વગેરે આજના આપણા ગુજરાતના મહાન ગુજરાતીઓ.

એ ધર્મવીરો ઈરાનથી જે પવિત્ર અગ્નિને લાવ્યા હતા તે આજ પણ ઉદવાડામાં છે. હિન્દભરના પારસીઓનું ઉદવાડા મોટામાં મોટું તીર્થ છે.

૮

યોગરાજનું પ્રાયશ્ચિત્ત

(આશરે અગિયારસો વર્ષ પહેલાં)



દિવસોથી અરબી સમુદ્રમાં એક મોટું તોફાન ઊછળી રહ્યું છે. ભલભલાં વહાણો ઊંધાં વળી ગયાં છે. ભલભલા કાફલા વીખરાઈ ગયા છે. એવા જબરદસ્ત તોફાનમાં પ્રભાસ-પાટણના બંદરમાં કેટલાંક પરદેશી વહાણો ઢસડાઈ આવ્યાં.

પાટણમાં એ વખતે વનરાજના દીકરા યોગરાજની આણ વર્તે છે. પ્રભાસપાટણને બંદરે ઢસડાઈ આવેલાં વહાણની વાત યોગરાજના ત્રણ દીકરાઓ પાસે પહોંચી. એ સાંભળતાં તેમના મનમાં લોભ જાગ્યો. એ વહાણો જો લૂંટી લેવાય તો કેટલી બધી દોલત મળે! તેમની દાનત બગડી. તેમાંનો મોટો ક્ષેમરાજ યોગરાજ પાસે પહોંચ્યો. સહેજ સંકોચ પામતો તે બોલ્યો:

"બાપુજી, કોઈ પરદેશી વહાણ પ્રભાસપાટણ આવ્યાં છે. કહે છે કે તેમાં ખૂબ ખજાનો છે."

"તેનું શું છે, ક્ષેમ ?" યોગરાજે પૂછ્યું. તેના ઘરડા કપાળ ઉપરની કરચલીઓ વધુ ઊંડી બની. દીકરાની બદદાનતની તેને આ પહેલાં ગંધ આવી ગઈ હતી.

"તેમની પાસે એક હજાર તો પાણીદાર ઘોડા છે, દોઢસો હાથી છે, અને બીજું કંઈ કેટકેટલું છે. તેને આપણા મુલકમાં રાખી લઈએ તો ?" ક્ષેમરાજ અચકાતો અચકાતો બોલ્યો.

"એમ કહેને કે તમારે તે વહાણો લૂંટવાં છે ?" રાજાએ જરા કરડાકીથી કહ્યું.

"આપ જો એને લૂંટ કહેતા હો તો ભલે ! અમે ક્યાં અમારે માટે એ માલ માગીએ છીએ ? આપણા રાજ્યને માટે એ પડાવી લઈએ એમાં શું ખોટું ?" ક્ષેમરાજે હિમ્મત કરી છેવટનું કહી નાખ્યું.

"ખબરદાર જો એવો પાપી વિચાર કર્યો તો !" યોગરાજે સખતાઈથી મના કરી.

ક્ષેમરાજને ખોટું લાગ્યું. બધા ભાઈઓ ભેગા થયા. યોગરાજ ખૂબ ઘરડો થયો હતો એટલે દીકરાઓને થયું: "આવા ઘરડાને આવા પરાક્રમમાં ગમેય શું પડે ? અને એની સલાહ પ્રમાણે ચાલવામાં લાભેય શો ?"

છાનામાના તે નીકળી નાઠા. વહાણો તેમણે લૂંટ્યાં.

યોગરાજે તે વાત જાણી. ન તે કંઈ બોલ્યો, ન તેણે ગુસ્સો કર્યો. દીકરા બધા બહુ નવાઈ પામ્યા. તેમને સમજાયું નહિ કે, જે બાપે આટલી સખત મના કરેલી તે કેમ આમ ગમ ખાઈ ગયો !

મોટો ક્ષેમરાજ પાછો બાપ પાસે આવ્યો. તે બોલ્યો, "બાપુજી, આપ કેમ અમારા વર્તન સંબંધી કંઈ બોલતા નથી ?"

"શું બોલું ?" યોગરાજે જવાબ આપ્યો. "શું એમ કહું કે તમે ઠીક કર્યું અને તમારા પાપનો ભાગીદાર બનું ? અથવા એમ કહું કે તમે ખોટું કર્યું અને તમારા બધાની આંખમાં કણાની જેમ ખૂંચું ? એટલે મારે માટે મૌન એ જ ઠીક છે."

એમ કહી યોગરાજે નિઃશ્વાસ નાખ્યો. ચાવડાઓ ચોર છે એવી લોકોમાં કહેતી હતી. તે ભૂસવા યોગરાજે મહેનત કરેલી. તે ઉપર પોતાના દીકરાઓએ પાણી ફેરવ્યું છે તે જોઈ તેને ખૂબ આઘાત થયો.

દીકરાના પાપના પ્રાયશ્ચિત્ત રૂપે યોગરાજે અન્નજળનો ત્યાગ કર્યો, અને ચિતામાં પ્રવેશ કરી પોતાનો દેહ પાડ્યો.

૯

સામન્તસિંહ અને મૂળરાજ

(આશરે એક હજાર વર્ષ પહેલાં)

"ઘણી ખમ્મા ગુજરાતના રાજાધિરાજ મૂળરાજને !" દારૂના ઘેનમાં લથડિયાં ખાતો ચાવડા વંશનો છેવટનો રાજા સામન્તસિંહ બોલતો હતો. સામે ગાદી ઉપર બેઠો હતો એક જુવાન. તેનું નામ મૂળરાજ. પાછળથી તે મૂળરાજ સોલંકી નામે ગુજરાતના સોલંકી વંશના પહેલા રાજા તરીકે જાણીતો થયો. સામન્તસિંહનો એ ભાણેજ. એના બાપનું નામ રાજ, અને માનું નામ લીલાદેવી. રાજ કોઈ પરદેશી રાજકુમાર હતો. સોમનાથ પાટણની જાત્રાએથી પાછા વળતાં

તે તેના બીજ અને દંડક નામના બે ભાઈઓ સાથે પાટણ આવ્યો હતો. ત્યાં ઘોડાની પરીક્ષા કરવાની તેમની શક્તિ



ઉપર ખુશ થઈ સામન્તસિંહે પોતાની બહેન લીલાદેવી રાજ જોડે પરણાવી. આ પછી લીલાદેવી સુવાવડમાં મરી ગઈ અને રાજને કચ્છના રાજા લાખાએ મારી નાખ્યો. એટલે મૂળરાજને સામન્તસિંહે મોટો કર્યો.

પણ સામન્તસિંહ ભારે દારૂડિયો હતો. દારૂની ધૂનમાં અનેક વાર તે મૂળરાજની મશ્કરી કરતો. તેને તે ગાદી પર બેસાડતો, અને એક લીંબુ ઉછાળી તે નીચે પડે ત્યાં સુધીની ક્ષણ માટે તેને રાજ કરવા દેતો. આવી મશ્કરીથી મૂળરાજ ખૂબ અકળાતો. આવા દારૂડિયાથી લોકો પણ અકળાયેલા તો હતા જ, એટલે મૂળરાજે ધીરે ધીરે કેટલાક મોટા દરબારીઓને પોતાના પક્ષમાં લઈ લીધા.

આજે જ્યારે સામન્તસિંહે દારૂથી લથડિયાં ખાતાં એ રોજનું નાટક શરૂ કર્યું ત્યારે પહેલાં તો બધા હસવા લાગ્યા. રાજાનો મશ્કરો જાતજાતના ચાળા કરી મૂળરાજને ચીડવવા લાગ્યો. પણ જેવું સામન્તસિંહે કહ્યું કે, "ઘણી ખમ્મા ગુજરાતના રાજાધિરાજ મૂળરાજને !", તેવો જ તેના મુખમાંથી દબદબા સાથે અવાજ આવ્યો:

"દરબારીઓ !"

"જી મહારાજ !" ઠેકડી કરતો સામન્તસિંહ બોલ્યો. તેનો મશ્કરો પણ તેના રાજાના પગલે ઠેકડીએ ચડ્યો. કેટલાક દરબારીઓ પણ હસવા લાગ્યા.

"કોણ હસે છે એ ?" મૂળરાજે પડકાર કર્યો.

"કોણ હસે છે ? ચૂપ થઈ જાવ બધા. ગુજરાતના મહારાજ ગુસ્સે થશે." દરબારીઓ તરફ જોઈ લથડિયાં ખાતો સામન્તસિંહ બોલ્યો.

મૂળરાજે હુકમ કર્યો : "સિંહાસનને સહુ કોઇ દંડવત નમસ્કાર કરે. ન કરનારનું માથું ધડથી જુદું થશે."

આ નાટક ક્યાં અને કેવી રીતે અટકશે તેની દરબારીઓ અટકળ કરતા હતા ત્યાં તો તેમના મોંમાંથી "અરે !" "અરે !" એવા શબ્દો નીકળી પડ્યા, અને મૂળરાજની ચમકારા કરતી તરવારથી સામન્તસિંહનું માથું ધડથી જુદું થઈ સિંહાસન આગળ નમસ્કાર કરતું ગબડી પડ્યું.

છેલ્લા ચાવડા રાજાને તેનો દારૂ અને તેની મજાક ભારે પડ્યાં. મૂળરાજ ગાદીનો માલિક બન્યો. તેણે પાટણની ગાદી શોભાવી. તેણે ઘણા પરદેશી રાજાઓને હરાવ્યા. રાજમાં સારો બંદોબસ્ત કર્યો. રસ્તાઓ અને દેવાલયો

બંધાવ્યાં. ઉત્તરમાંથી અનેક બ્રાહ્મણોને બોલાવી તેણે તેમને દાન આપ્યાં. ગુજરાતના ઔદિચ્ય, શ્રીગોડ અને કનોજિયા બ્રાહ્મણોને ગુજરાતમાં લાવી વસાવનાર મૂળરાજ. સરસ્વતી-તીરે શ્રીસ્થળમાં તેણે રુદ્રમહાલ નામનું એક મોટું દેવળ બંધાવવું શરૂ કર્યું. પણ તે પૂરું થાય તે પહેલાં તે મરણ પામ્યો અને સિદ્ધરાજ જયસિંહે પાછળથી તે પૂરું કર્યું.

આજ પણ એ રુદ્રમહાલનાં ખંડેરો સિદ્ધપુરમાં છે, અને એને જોવા અનેક લોકો ત્યાં જાય છે.

૧૦

કન્થડી મહારાજ

(આશરે એક હજાર વર્ષ પહેલાં)



ઊગતા સૂરજને નમસ્કાર કરતો પાટણનો સોલંકી

રાજા મૂળરાજ સરસ્વતીતીરે કન્થડી સાધુને પોતાના નવા શિવાલયનો અધિકાર સોંપવા જાય છે. પોતાને ત્યાં રાજા પધારે છે એ વાતની જાણ થતાં કન્થડી સાધુ રાજાને સામો લેવા ગયો. થોડીક વાતચીત બાદ મૂળરાજે, પોતે ત્યાં શાથી ગયો હતો, તે જણાવ્યું.

મૂળરાજનું કહેવું સાંભળી કંથડી સાધુએ કહ્યું, "મહારાજ, મેં જગતનો ત્યાગ ક્યારનો કરી દીધો છે. ફરીથી મને એ માયામાં નહિ નાખશો."

નવાઈ પામતો રાજા જોઈ રહ્યો. તેના મનમાં હતું કે, આવી મોટી પદવી મળતાં કન્થડી મહારાજ રાજી થશે પણ આ તો તેનાથી ઊલટું જ નીકળ્યું. આથી તો મૂળરાજ મમતે ચઢ્યો. "આવા તપસ્વીને છોડી બીજાને હું ક્યાં ઢૂંઢું ?" તે મનમાં બબડ્યો.

પણ કન્થડી બાવાએ નાની હા ન ભણી. હારીને રાજા પાછો વળ્યો.

આ વાતને દિવસો વીતી ગયા છે. એવામાં એક દિવસ મહેલને ઝરૂખેથી મૂળરાજની નજર પડી તો મહોલ્લામાં કન્થડી બાવો ભિક્ષા માગતો ફરે છે. એકાએક તેના મનમાં એક વિચાર ચમકારા કરી ગયો. તે સફાળો દોડ્યો. એક નોકરના કાનમાં કંઈક કહ્યું ને મહોલ્લામાં કન્થડી બાવાને જઈ પગે પડ્યો. ખૂબ આદરમાન સહિત તે તેને મહેલે તેડી લાવ્યો.

"આજ તો મારે ત્યાંથી ભિક્ષા લેવાની કૃપા કરો." તેણે આજીજી કરી.

"ભલે ! મહારાજની ઇચ્છા એ મારે મન આજ્ઞા

બરાબર છે." સ્મિત કરતાં બાવાએ જવાબ આપ્યો.

ભિક્ષા લઈ કંથડી બાવો પોતાને મુકામે આવ્યો. પણ આ શું! જે દૂધપાક અને માંડા (રોટલી)ની ભિક્ષા તેને રાજાએ આપી હતી તેને આરોગવા બેસતી વખતે એક માંડામાંથી આ તાંબાનું પતરું ક્યાંથી નીકળી પડ્યું!

વિચારમાં ને વિચારમાં કન્થડી બાવાએ એ પતરું હાથમાં લીધું. જોયું તો ઉપર લેખ! તેમાં લખ્યું હતું: "મારા દેવાલયનો અધિકાર આપને આજથી અર્પણ કર્યો છે."

રાજાનો આવો આગ્રહ જોતાં કન્થડી સાધુ વિચારમાં પડી ગયો. તે પતરું લઈ તે રાજા પાસે પાછો ગયો.

"મહારાજ, હું કબૂલ કરું છું કે હું હાર્યો અને આપ જીત્યા." તે હસતાં હસતાં બોલ્યો.

રાજાનો તો હરખ માતો નથી. કન્થડીએ આગળ ચલાવ્યું.

"દેવળ હું લઉં છું આપના આ લેખ મુજબ, પણ—"

તેને અધવચથી અટકાવતાં રાજા બોલ્યો:

"હજુ પણ મહારાજ 'પણ'? ના, હવે તો હું કંઈ સાંભળનાર નથી."

"ના, મહારાજ! આપની મમતા હું સમજી શકું છું. પણ મારા જેવા ત્યાગીથી આવી જંજાળમાં નહિ પડાય. આપને મંજૂર હોય તો મારા શિષ્ય વૈજલદેવને એ સ્થાને બેસાડું. તે જ્ઞાની સાધુ છે."

મૂળરાજને આવા ત્યાગી આગળ પોતાનું માથું નમાવવું પડ્યું.

૧૧

સોમનાથનો વૈભવ

(નવસો વરસ પહેલાં)



"આ પોઠ બધી ક્યાંથી આવતી હશે ?" અફ્ઘાનિસ્તાનના ગઝની શહેરની ભાગોળે ઊંટોની હારની હાર જોતાં નવાઈ પામતો એક છોકરો પૂછી રહ્યો હતો.

હીરા, મોતી અને ભાતભાતનાં ઝવેરાતથી લાદેલી એ પોઠો જોતાં તેના મનમાં કંઈ કંઈ તરંગો ઊઠતા હતા.

એનું નામ મહમ્મદ.

એણે જાણ્યું કે એ પોઠ બધી હિંદને રસ્તે આવજા કરે છે.

આજ જેમ આફ્રિકા, ચીન, હિંદ વગેરે દુનિયાના બધા ભાગોનું ધન ઘસડાઈ ઇંગ્લંડમાં ભેગું થાય છે તેમ તે વખતે સારી દુનિયાની દોલત હિંદમાં ઢસડાઈ આવતી.

એ દ્રવ્યે લોકો માતબર થયા હતા. વિલાસમાં સહુ કોઈ ડૂબ્યાં હતાં. અરે! સાધુઓ પણ વિલાસના છાકે છકવા મંડ્યા હતા.

આપણા ગુજરાતમાં તે વખતે સોમનાથ પાટણની ખ્યાતિ ચારે કોર ગાજતી. એનાં આસમાન સાથે વાતો કરતાં ઊંચાં શિખરો ઉપરના સોનાના કળશ સૂર્યાસ્ત વેળાએ ઝળાંઝળાં થઈ રહેતા. વડને જેમ વડવાઈઓ હોય તેમ એ વિશાળ દેવળ આસપાસ અનેક નાનાં મોટાં દેવળોની હારની હાર આવી રહી હતી. એની ફરસબંધીના આરસ ઉપર મોં દેખાતું. એની અંદર એટલાં તો રત્નો ઝળહળતાં કે દીવાની ગરજ સરતી.

ગઝનીની ભાગોળે ઊભેલા એ કિશોર મહમ્મદે વણઝારાઓ પાસેથી હિન્દનાં આવાં આવાં અનેક સ્થળોની વાત સાંભળી.

અને મૂછનો દોરો ફૂટે ન ફૂટે ત્યાં તો તે વાવાઝોડાની જેમ હિન્દ ઉપર તૂટી પડ્યો. એક, બે, અનેક વાર તે આવ્યો ને લાખોની દોલત ઢસડી ગયો.

છેલ્લી અઢારમી વાર તે આવ્યો સોમનાથ પાટણ. આથમતા સૂરજના તેજમાં ઝળહળ થતા તેના ઘોડેસવારોના ભાલા દૂરથી સોમનાથના પૂજારીઓએ જોયા. તેમણે કમાડ વાસ્યાં.

પણ કમાડ વાસ્યે કંઈ થોડું જ રક્ષણ થઈ શકવાનું હતું? ને સોમનાથના રક્ષકોને કયે દિવસે તરવાર બાંધવી પડી હતી કે આજે તેમને તે વાપરતાં આવડે? તેમણે તો મખમલની તળાઈઓમાં સૂઈ જાણ્યું હતું.

પણ આજુબાજુના રજપૂતો સોમનાથનું રક્ષણ કરવા કમર કસીને આવ્યા. પાટણની ગાદી ઉપર એ વખતે સોલંકી વંશનો ભીમદેવ બાણાવળી હતો. મૂળરાજ સોલંકીથી એ ચોથી પેઢીએ થયો હતો. બાણ મારવામાં તે ઘણો બાહોશ હતો, તેથી તેનું નામ બાણાવળી પડ્યું હતું. તેણે ચોર લૂંટારાઓને હાંકી કાઢ્યા હતા, અને રાજ પણ સારી રીતે ચલાવતો હતો. તેની પ્રજા તેને ચાહતી હતી.

એવો ભીમદેવ પોતાના શક્તિશાળી સૈનિકોને લઈને મહમ્મદની સામે મેદાને પડ્યો. પહેલાં તો મુસલમાનોને હઠવું પડ્યું. પણ અન્તે રજપૂતો હાર્યા. ભીમદેવ નાસી કંથકોટના કિલ્લામાં ભરાયો. સોમનાથના દરવાજા તૂટ્યા. મહમ્મદે ધરાઈ ધરાઈને મંદિર લૂંટ્યું; ને સોમનાથની મૂર્તિના કટકા કર્યા.

અઢળક દ્રવ્ય લઈ તે ગઝની ગયો. એ પૈસાથી તેણે ગઝનીને શણગાર્યું, અને નાનપણની તેની ઇચ્છા પાર પાડી.

ઈ. સ. ૧૦૨૪

૧૨

કુમાર મૂળરાજ

(નવસો વર્ષ પહેલાં)

પાટણની સીમમાંથી એક યુવાન ઘોડેસવાર પાટણનાં ખાવા ધાતાં ખેતરો તરફ જોઈ નિઃશ્વાસ નાખતો ચાલ્યો જાય છે. હજુ તો મૂછનો દોરો પૂરો ફૂટયો પણ નથી; પણ તેના મુખ ઉપર કોઈ પીઢ અને ઠરેલ માણસની ગંભીરતા છે. જ્યાં જ્યાં તેની નજર પડે છે ત્યાં દુકાળ જ દેખાય છે.

એવામાં દૂરથી ચાલ્યું આવતું ઢોરોનું એક મોટું ધણ તેણે જોયું. ગાય, ભેંસ, વાછરડાં, આખલા — બધાંના પેટમાં



ખાડા પડી ગયા હતા. મૂગાં પ્રાણી બિચારાં બોલી નથી શકતાં પણ તેમની આંખમાં ભૂખની કારમી વેદના દેખાઈ આવે છે. ઢોરને હાંકી લાવતા રબારીઓનાં શરીર ઉપરેય નૂર નથી દેખાતું. તેમણે એ જુવાનને જોતાં નમસ્કાર કર્યા. બાણાવળી ભીમદેવનો કુંવર મૂળરાજ એ ઘોડેસવાર હતો.

મૂળરાજે પૂછ્યું, "ભાઈઓ, ક્યાં જાઓ છો ?"

રબારીમાંના એકે જવાબ દીધો: "બાપજી, મલકમાં દકાળ પડ્યો સે; તે અમને થયું જે પાટણ જઈએં; પણ અહીં પણ દકાળ જ સે !"

મૂળરાજનું હૃદય અકળાવા લાગ્યું. ભૂખ્યાં વાછરડાંનું ભાંભરવું તેનાથી સહેવાતું ન હતું. તે મનને મારીને બોલ્યો, "હવે શું કરશો ?"

"આમ હેંડ્યાં જઈશું સાબરમતી કે મહી નદીના કાંઠા ભણી."

મૂળરાજ ખિન્ન થતો આગળ ચાલ્યો. મહેલ તરફ આવ્યો તો કેટલાક ખેડૂતોને બાંધીને દરવાજા પાસે ઊભેલા કેટલાક રાજસેવકોને તેણે જોયા.

"શા માટે પકડ્યા છે આમને ?" કરડાકીથી તેણે સિપાહીઓને પૂછ્યું.

"બાપુજીની આજ્ઞા છે, કુમાર, કે જે ખેડૂતો મહેસૂલ ન ભરે તેમને તેમની સામે ખડા કરવા."

"એમ!" વિચારમાં મૂળરાજે હોઠ બીડ્યા. "ક્યાંથી ભરી શકે મહેસૂલ આ બિચારા ગરીબ ખેડૂતો!" તે વિચારે ચઢ્યો.

રાજમહેલમાં ગયો તો રાજા ભીમદેવ તેની જ રાહ જોઈને બેઠો હતો. કુમારનું ઉદાસ મોં જોતાં તેણે પૂછ્યું, "કેમ, બેટા, થયું છે કંઈ? તારું મોં કેમ ઉદાસ છે?"

"ના, બાપુજી, કંઈ નથી." કુમારે જવાબ આપ્યો.

"વારુ ત્યારે." ભીમદેવ બોલ્યો. "જો બેટા, આજે તારે માટે એક સરસ ઘોડો મેં ખરીદ્યો છે."

કુમારની આંખ ચમકી. "ઘોડો!" તે બોલી ઊઠ્યો. "બતાવો, બાપુજી, ક્યાં છે તે ઘોડો ?"

બાપદીકરો ચાલ્યા રાજ્યની અશ્વશાળા તરફ. એક પાણીદાર ઘોડાને બતાવતો ભીમરાજ બોલ્યો, "આ રહ્યો તે ઘોડો."

"હું બેસું, બાપુજી, એ ઘોડા ઉપર ?" મૂળરાજે પૂછ્યું.

"બેસને બાપ, તારે માટે તો લીધો છે." વહાલથી ભીમરાજ બોલ્યો.

વીજળીની જેમ કુમારે ઘોડાને મારી મૂકયો. અડધું પાટણ પોતાના માનીતા કુંવરની આ રમત જોવા ઊલટયું. ઘોડો દોડાવવાની કુમારની કુશળતા ઉપર સહુ કોઈ વારી ગયું. ભીમદેવ ખૂબ રાજી થયો. તેણે મૂળરાજને કહ્યું, "બેટા, તને મનગમતું ગમે તે કંઈ માગ."

"બાપુજી, આપે મને સહુ કંઈ આપ્યું છે. શી વાતની મારે ખોટ છે કે કંઈ માગું?" મૂળરાજ બોલ્યો.

"તો પણ કંઈક માગ. તારા જેવા દીકરાને તો જે આપું તે ઓછું." ભીમદેવ બોલ્યો.

"તો બાપુજી, આપણા રાજમાં દુકાળ પડયો છે. ખેડૂત બિચારા મરી રહ્યા છે. એક વર્ષનું મહેસૂલ તેમને માફ ન થાય?" મૂળરાજે અચકાતાં અચકાતાં પૂછયું.

"કેમ ન થાય, ભાઈ? અને તું માફ ન કરાવે તો બીજું કોણ એ કરશે? જા તારો બોલ મને મંજૂર છે."

અને ગુજરાતના ખેડૂતનું મહેસૂલ રાજા ભીમદેવે તે વરસે માફ કર્યું; ને પકડેલા ખેડૂતોને છોડી દીધા.

પણ મૂળરાજ લાંબો વખત ન જીવ્યો. તે જ વરસે તે મરણ પામ્યો. બીજે વરસે વરસાદ ખૂબ સરસ પડયો, અને પાક બમણો થયો. આગલા વરસનું માફ કરેલું મહેસૂલ પણ લોકો લાવ્યા. રાજાએ તે મહેસૂલ લેવાની ના પાડી. પણ ખેડૂતો માનતા નથી, તેમ નથી માનતો રાજા. બન્ને વચ્ચે મીઠો ઝઘડો થયો. હવે શું થાય? રાજાએ એક ઉપાય સૂચવ્યો: "જુઓ ભાઈ, આપણે એક પંચ નીમીએ. પંચ કહે તે પરમેશ્વર. છે તમને તે મંજૂર?"

ખેડૂતો રાજી થયા. પંચ નિમાયું. પંચે ફેંસલો આપ્યો કે મહેસૂલ તો રાજાએ લેવું, પણ એ પૈસાનો ઉપયોગ કુમાર મૂળરાજની યાદમાં દેવળ બંધાવવામાં કરવો.

રાજા પ્રજા બન્ને રાજી થયાં. પાટણના ખેડૂતોએ કુમાર મૂળરાજને વર્ષો સુધી યાદ કર્યો.

૧૩

લાછી છીપણ

(આઠસો વર્ષ પહેલાં)

કર્ણાવતીના વાયટ ગચ્છના જૈન મંદિરમાં કોઈ એક પરદેશી જેવો પુરુષ ચિંતાતુર મુખે બેઠો છે. ત્યાં ભગવાનના



દર્શન માટે લાછી નામની એક છીપણ આવી. લાછી શ્રાવક ધર્મ પાળે છે, અને ભાવિક છે.

ભગવાનની પૂજા કરી લાછી જ્યાં પાછી વળે છે ત્યાં તેની નજર પેલા પરદેશીની ઉપર ગઈ. તેણે આસ્તેથી પૂછ્યું,

"બહારગામથી આવો છો, ભાઈ?"

"હા, બહેન, મારવાડથી આવું છું."

"એકલા છો?"

"ના, સાથે મારું કુટુંબ પણ છે."

" શીદ આવ્યા છો અહીં ? "

" ક્યાંક કંઈ ધંધો મળે તો ગોતવા. "

" એમ ? " પરદેશીની વાત સાંભળતાં જરા વિચારમાં પડી જઈ લાછી બોલી. " તમારું નામ શું ? " તેણે વાત આગળ ચલાવી.

" ઉદો. "

" ક્યાં ઊતર્યા છો ? "

" ક્યાં ઊતરું ? પરદેશી માણસ છું. મને નથી સમજાતું કે ક્યાં જાઉં. "

" કંઈ વાંધો નહિ, ભાઈ, ચાલો મારે ઘેર. હું કંઈ પૈસાદાર નથી; પણ મારાથી બનશે તેવી ભાખરી જરૂર તમને આપીશ. "

ઉદો આ ભલી બાઈની વાત નવાઈ પામતો સાંભળી રહ્યો. એક પરદેશી તરફ જે દેશના લોકો આવી મમતા બતાવે છે તે દેશ તરફ તેને માન થયું. તેણે નસીબનો આભાર માન્યો કે ગુજરાતમાં તે તેને ખેંચી લાવ્યું.

ઉદો લાછીને ઘેર ગયો. તેને અને તેના કુટુંબને જમાડી લાછીએ પોતાના એક ખાલી ઘરમાં તેને ઉતારો આપ્યો. ત્યાં ધીરે ધીરે ઉદાએ પોતાની જાતમહેનત અને હોશિયારીથી થોડાક પૈસા ભેગા કર્યા. લાછીનું ખાલી ઘર, જેમાં તે રહેતો હતો તે, તોડી પાડી તેની જગ્યાએ ઈંટોનું ઘર બંધાવવા તેણે વિચાર્યું. આથી તે ઘર તોડી પાડી તેણે પાયો ખોદાવવા માંડ્યો, પણ પાયામાંથી દાટેલું ધન નીકળ્યું. હવે ? એ ધનનો માલિક કોણ ? ઉદાએ વિચાર્યું: " ઘર લાછીનું હતું. તેને ખબર ન હતી કે પાયામાં

રૂપિયા છે. જો ખબર હોત તો તે પૈસા જરૂર કઢાવત. એટલે મારે તો એ પૈસા તેને જ આપવા જોઈએ. તેની જ માલિકીના એ લેખાય."

આમ વિચારી પોતાને પાયામાંથી મળેલું બધું દ્રવ્ય લઈ ઉદો લાછી પાસે ગયો. લાછીએ તે લેવાની ના પાડી અને બોલી:

"ભાઈ, કેમ ગાંડા થઈ ગયા? ઘર તો મેં તમને આપી દીધેલું. મારે ને એ પૈસાને હવે શું લાગે વળગે?"

લાછી એકની બે ન થઈ, તેણે એ પૈસા ન જ લીધા. અને એ પૈસાને જોરે ઉદો ઉદો મટી ઉદયન બન્યો. સિદ્ધરાજના મોટા મંત્રીઓની નામાવલિ ઉદયન મંત્રીના નામ વિના અધૂરી જ રહે. પણ એનાથીય મોટું સ્થાન, જેની ભલાઈથી એ મોટો થયો અને જેનું નામ આજ લગભગ ભુલાઈ ગયું છે, તે લાછી છીપણનું નથી?

૧૪

લોકોની માતા મીનળદેવી

(આઠસો વર્ષ પહેલાં)

સવા કરોડ રૂપિયાની પૂજાની સામગ્રી લઈ રાજમાતા મીનળદેવી સોમનાથની જાત્રાએ જઈ રહ્યાં છે. તેમનું મુખ આનંદથી ભર્યું છે. એવામાં ભોળાદ ગામની ભાગોળે એકાએક તેમનું મોં પડી ગયું.

શાથી આમ થયું હશે? ભોળાદની ભાગોળે તેમને કેટલાક શિવભક્તો અને સાધુઓ મળ્યા. તે બધાનાં મોં

ઉદાસ હતાં. કેટલાકની તો આંખમાં આંસુ પણ હતાં.

મીનળદેવીને આ જોતાં દુઃખ થયું. સિદ્ધરાજના રાજમાં લોકોની આંખમાં આંસુ! તેમના મનમાંથી એક નિઃશ્વાસ નીકળી ગયો. સાધુઓને પાસે બોલાવી તે બોલ્યાં:

"હે મહાત્માઓ, આપની આંખમાં આંસુ કેમ? આપે તો સંસારનો ત્યાગ કરેલો છે. રડવાનું તો અમ જેવા સંસારીઓના નસીબમાં લખાયું હોય છે; પણ આપ જેવાને શાથી આંસુ સારવાં પડે?"

સાધુઓમાંથી એક બોલ્યો: "માતાજી, આપે પૂછ્યું તે બરોબર છે. અમે તો વૈરાગી કહેવાઈએ, પણ કેટલીક વખત લોકોનાં દુઃખ તે અમારાં દુઃખ બની રહે છે. આજ તો એવું બન્યું છે કે અમ વૈરાગીઓ ઉપર પણ આફત ઊતરી છે."

રાજમાતા અકળાયાં. તે બોલી ઊઠયાં, "શું છે એવું, મહારાજ? ઝટ કહો કે મને થતી વેદના ઓછી થાય."

સાધુ બોલ્યા, "મા, આપણા સોમનાથના પંચકુલ (ઇજારદાર) તરફથી સહુ કોઈને ખૂબ દુઃખ દેવામાં આવે છે."

"એમ?" રાજમાતા મીનળદેવી બોલ્યાં. "શી ઇજા કરે છે તમને પંચકુલ?" તેમણે ગંભીર અવાજે પૂછ્યું.

"દરેક જાત્રા કરનાર પાસેથી ઇજારદાર કર લે છે. એ મુંડકાવેરો ન આપે તે કોઈ પણ મહાદેવનાં દર્શન ન કરી શકે." સાધુઓએ જવાબ આપ્યો.

"હું ! સમજી !" રાજમાતા બોલ્યાં. તેમણે રથ પાછો વળાવ્યો. ચકિત બનતા બધા લોકો જોઈ રહ્યા. વાયુવેગે વાત ગામેગામ ફેલાઈ ગઈ—સોમનાથ મહાદેવનાં દર્શન કર્યા વિના માતા મીનળદેવી પાછાં જાય છે! લોકોમાં તરેહતરેહની અટકળો થવા માંડી. પંચકુલ અને તેનાં માણસો પણ વિચારમાં પડી ગયાં. તેમને ચટપટી થવા લાગી અને તેમાંના એકે કહ્યું:

"રાજમાતા તો ગાંડાં થયાં લાગે છે. રાજને બોતેર લાખની આવક આ વેરામાંથી છે. શું રાજા એ જતી કરશે? સિદ્ધરાજ એવો કાચો નથી કે આવડી મોટી રકમ જતી કરે."

આમ પોતપોતાને મનગમતું સૌ કહેવા મંડયા.



પણ સિદ્ધરાજે શું કર્યું હશે? માતા મીનળદેવીને તે અધવચ મળ્યો. માતાને સમજાવવા માંડયાં, એટલે તરત જ તે બોલી ઊઠયાં:

"મહારાજ, આપ તો ગુજરાતના રાજા છો. ગુજરાતના લોકના, ગુજરાતના લોકના ધર્મના પાલનહાર છો. હું કોણ? આપ મારા પુત્ર ભલે હો પણ અત્યારે તો ગુજ-

રાતના રાજા છો. આપ આપનું રાજ સંભાળો; મને મારે રસ્તે જવા દો."

રાજમાતાનાં આવાં કટાક્ષ ભરેલાં વચનોથી સિદ્ધરાજ અકળાયો. તે બોલ્યો, 'મા, પણ બોતર લાખ રૂપિયા!'

તેને અધવચથી અટકાવતાં મીનળદેવી બોલ્યાં:

"હા, હા, હું જાણું છું. બોતેર લાખ રૂપિયા! બેટા, તારે અનેક લાખ પ્રજા પણ છે, હોં! જો તે મહાદેવનાં દર્શન ન કરી શકે તો હું કયે મોંએ કરું? દર્શન કર્યા વિના હવે મારે અન્નજળની બાધા છે."

સિદ્ધરાજ નરમ થઈ ગયો. લોકોના દેખતાં માના ચરણમાં તેણે પોતાનું શિર ઝુકાવી દીધું. તે બોલ્યો,

"મા, આજ તમે મારી આંખ ઉઘાડી. આજથી હું સાચો ધર્મપાલ બનીશ."

અને સિદ્ધરાજે વાર્ષિક બોતેર લાખ રૂપિયાનો મુંડકાવેરો રદ કર્યો. મીનળદેવી માત્ર રાજમાતા જ ન રહી—લોકોના હૃદયની સાચી જનેતા બની ગઈ.

૧૫

સિદ્ધરાજનો ન્યાય

(આઠસો વર્ષ પહેલાં)

ન્યાયાસન ઉપર બેઠો બેઠો ગુજરાતનો રાજા સિદ્ધરાજ જુદી જુદી ફરિયાદ સાંભળી તેના ચુકાદા આપી રહ્યો છે. એવામાં ચીંથરેહાલ, બેબાકળા જેવા એક આદમીને એક પહેરેગીરે રજૂ કર્યો.

સિદ્ધરાજે નવા આવનાર તરફ જોયું. તેના પહેરવેશ પરથી લાગતું હતું કે તે કોઈ મુસલમાન છે.



સત્તાભર્યા અવાજે સિદ્ધરાજે પૂછ્યું,

"શું નામ છે તારું!"

"ખતીબ."

"ધર્મ?"

"મુસલમાન."

"ગામ?"

"ખંભાત."

"કેમ આવવું થયું અહીં?"

ખતીબ ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો:

"મહારાજ, જો હું સાચું કહીશ તો મને મારી નાખશે."

"કોણ મારી નાખશે?" સિદ્ધરાજ ગંભીરતાથી બોલ્યો, "ખતીબ, ગભરા નહિ. ગુજરાતના રાજા સિદ્ધરાજના દરબારમાં સત્ય કહેનારનો વાળ વાંકો કરવાની દુનિયામાં કોઈની તાકાત નથી."

હિમ્મત ભેગી કરી ખતીબે વાત શરૂ કરી. ખંભાતની તેમની મસીદ ત્યાંના લોકોએ તોફાન કરી બાળી મૂકી હતી, અને એંશી મુસલમાનોની કતલ કરી હતી.

હકીકત સાંભળતાં દરબારીઓ બધા મનમાં હસ્યા. તેમણે એ વાતને ગપ્પું લેખ્યું. સિદ્ધરાજ કંઈ બોલ્યો

નહિ. ખતીબને તેણે કહ્યું,

“ આજ તો તું થાક ખા. તને નવાં કપડાં અપાવવા હું હુકમ કરું છું. તારી ફરિયાદનો નિકાલ ન થાય ત્યાં સુધી દરબાર તરફથી તારા રહેવાની બધી જોગવાઈ થશે.”

દરબારીઓ મનમાં વિચારવા લાગ્યા: “ શું ધૂળ નિકાલ થશે ! આવા તો કેટલાય ભટકતા લોકો આવશે, તે બધાની વાત મહારાજ પોતે સાંભળશે તો તો પછી થઈ જ રહ્યું. રાજ્યનાં બધાં કામને પછી ટોલ્લે જ મૂકી દેવાનાં. સારું થયું બલાને ટાળી.”

બધાને લાગ્યું કે ખતીબની વાતમાં બહુ માલ નથી.

એ પછી બીજાં ઘણાં કામો નીકળ્યાં. સાંજે દરબાર બરખાસ્ત થયો, તે વખતે ખતીબને તો સહુ કોઈ ભૂલી ગયા હતા. રાજાએ દરબારમાં જણાવ્યું કે ત્રણ દિવસ પોતે થોડાંક કામસર રોકાનાર છે એટલે દરબારમાં નહિ આવે.

એ દિવસે રાત્રે પાટણના દરબારગઢમાંથી મોઢે બુકાનીવાળા કોઈ એક સવારને અતિ તેજભરી સાંઢણી ઉપર બેસી ખંભાત તરફ જતો કેટલાક લોકોએ જોયો. તે બધાને કલ્પના સરખી પણ આવી નહિ કે એ સવાર બીજો કોઈ નહિ પણ સિદ્ધરાજ જયસિંહ પોતે જ. વેશ બદલી તે ખંભાત જઈ રહ્યો છે ખતીબની વાતની ખરાખોટી નક્કી કરવા.

ત્રણ દિવસ બાદ અગાઉ જાહેર કર્યા પ્રમાણે સિદ્ધરાજ જ્યારે દરબારમાં આવ્યો ત્યારે કોઈને ખ્યાલ પણ નહોતો કે તે ખંભાત જઈને પાછો આવ્યો હતો.

દરબાર ભરાયો. ખતીબને બોલાવવામાં આવ્યો. સિદ્ધરાજ ગંભીર સ્વરે બોલ્યો,

"ખતીબ, બહાદુર ખતીબ, ઈશ્વરનો હું પાડ માનું છું કે તેણે તને ફરિયાદ કરવા મોકલ્યો." ચોંકી ઊઠતા દરબારીઓ સિદ્ધરાજની વાણી સાંભળી રહ્યા. તેણે આગળ ચલાવ્યું: "હું જાતે ખંભાત જઈ આવ્યો. મેં બળેલી મસીદ જોઈ. મરાયેલાઓની ગરીબ વિધવાઓ જોઈ. ખતીબ, ગુનેગારોને સજા થશે. મરેલાને જીવતા કરવાની તાકાત તો ઈશ્વરે મને નથી આપી, પણ તમારી કોમને થયેલું બીજું બધું નુકસાન હું ભરપાઈ કરી આપીશ." સિદ્ધરાજ જરા અટક્યો. તેણે ચારે બાજુ નજર કરી, અને ફરીથી બોલ્યો:

"મારા દરબારીઓમાંથી કે રૈયતમાંથી કોઈને જરા પણ શંકા ન રહે તે માટે હું ખંભાત જઈ આવ્યો છું. તેની નિશાની તરીકે ત્યાંના સમુદ્રમાંથી ઘડો ભરી પાણી લાવ્યો છું તે જેને જોવું હોય તે દરવાજા ઉપર દરવાન પાસે મૂક્યું છે ત્યાં જઈને જોઈ લે."

લોક બધા આ અદલ ઇન્સાફ ચકિત થતા જોઈ રહ્યા. ખતીબ પણ ઘડીભર તો પોતાનું બધું દુઃખ ભૂલી ગયો.

૧૬

સિદ્ધરાજ જયસિંહ

(આઠસો વર્ષ પહેલાં)

રમતો રમતો એક ત્રણ વર્ષનો બાળક પાટણની રાજગાદી ઉપર ચઢી ગયો. રાજા કર્ણ સોલંકી ઉમળકાથી તેને જોઈ રહ્યો.

એ બાળક તે ગુજરાતના ઇતિહાસમાં ખૂબ મશહૂર

થયેલ સિદ્ધરાજ જયસિંહ. ભીમદેવ બાણાવળીના પુત્ર કર્ણદેવ અને મીનળદેવીનો એ પુત્ર. સિદ્ધરાજનાં માતાપિતા શક્તિશાળી હતાં. કર્ણે દક્ષિણનો લાટનો પ્રદેશ જીતી ગુજરાતની સીમા વધારી હતી. હાલ જ્યાં અમદાવાદ છે ત્યાં તે વખતે આશાપલ્લી નામનું ગામ હતું. એમાં છ લાખ ભીલોનો આશાભીલ નામનો એક સરદાર રાજ કરતો હતો. કર્ણે તેને જીતી લીધો, અને કોછરબ નામની દેવીનું મંદિર કરાવ્યું. વળી ત્યાં તેણે કર્ણાવતી શહેર વસાવ્યું. સિદ્ધરાજની મા મીનળદેવી કોંકણના રાજા જયકેશીની દીકરી હતી. પોતાની ઇચ્છાથી તે કર્ણને વરી હતી. તે સંગીત અને નૃત્યમાં ખૂબ કુશળ હતી, તેમ જ ઉદાર અને ભલી હતી.

બાળક સિદ્ધરાજને ગાદી ઉપર બેઠેલો જોતાં કર્ણને એક વિચાર આવ્યો. તેણે જોષીઓને બોલાવ્યા. મુહૂર્ત સારું છે, એમ જોષીઓએ કહેતાં રાજાએ સિદ્ધરાજને ગાદીએ બેસાડ્યો.

પણ આ બનાવ પછી કર્ણ લાંબો વખત જીવી શક્યો નહિ, એટલે રાજનો ભાર સિદ્ધરાજ વતી મીનળદેવીને માથે આવી પડ્યો.

મીનળદેવી ભલી અને ન્યાયી હતી. ધોળકાના મલાવ તળાવ સંબંધી એક સરસ કથા છે. એ તળાવનો આકાર ગોળ કરવો હતો. પણ એક જગ્યાએ એક બાઈનું ઘર આવતું હતું અને તેને લીધે ખાંચો પડતો હતો. તળાવનો એ નકશો જોતાં મીનળદેવીએ એ ઘર એ બાઈ પાસે મોં માગ્યા દામે વેચાતું લેવા પોતાના મંત્રીઓને કહ્યું. પણ

પેલી બાઈએ કેમે કરી ઘર વેચવાની ના પાડી. ગુજરાતનો રાજ્યવહીવટ ચલાવનાર મીનળદેવી જો ધારત તો તરત એ ઘર લઈ શકત, પણ તેણે તેમ ન કર્યું, અને તળાવની સુન્દરતા બગડતી હતી તે નભાવી લીધું.

આવી માતાનો બાળક જબરો જ નીવડેને ? સિદ્ધરાજ પણ ભારે ન્યાયપ્રિય હતો. લોકો ઉપર તેને વહાલ હતું. લોકોને માટે ગમે તે કરવા તે તયાર રહેતો. અનેક વાર છૂપે વેશે તે લોકોમાં જતો, લોકોની સાથે વાતચીત કરતો, તેમનાં સુખદુઃખ જાણતો, અને લોકોને જો કંઈ દુઃખ હોય તો તે માટે ઘટતા ઉપાય લેતો. આ સંબંધી એને વિશે ઘણી વાતો ઇતિહાસમાં નોંધાયેલી છે.

એક વાર તે એક નાટક જોવા બેઠો હતો. પાછળથી કોઈ એક વાણિયાને તેનું માથું આડું આવ્યું, એટલે સિદ્ધરાજના ખભાનો ટેકો લઈ ઊંચો થઈ તેણે આખું નાટક જોયું. સિદ્ધરાજ કંઈ ન બોલ્યો. બીજે દિવસે પેલો વાણિયો સિદ્ધરાજની છાવણી જોવા ગયો. ત્યાં તેણે રાતવાળા પોતાના સોબતીને ગાદી પર બેઠેલો જોયો. તે તો આભો જ બની ગયો, પણ સિદ્ધરાજે તેને હસીને પાસે બોલાવ્યો, અને તેની સાથે મીઠી વાતો કરી.

સિદ્ધરાજે ગુજરાતનું રાજ્ય ખૂબ વધાર્યું. તેણે માળ-વાના રાજાને હરાવી માળવા જીત્યું. અજમેરના રાજાને નમાવ્યો. સોરઠ પણ તેણે જીત્યું. આમ તે મોટો વિજેતા પણ હતો.

સિદ્ધરાજ ન્યાયી, ઉદાર અને બાહોશ રાજકર્તા હતો. એણે મૂળરાજે શરૂ કરેલ રુદ્રમહાલ પૂરો કર્યો. પાટણને ખૂબ શણગાર્યું. સહસ્રલિંગ તળાવ બંધાવ્યું. આમ બધી રીતે

એણે કીર્તિ મેળવી. પણ એને માથે એક કલંક રહી ગયું છે.

એ કલંક તે તેની રાણકદેવી સાથેની ઘાતકી વર્તણૂક.

વાત એમ હતી કે જુનાગઢમાં રા'ખેંગાર નામનો એક રાજા હતો. તેના બાપને અને પાટણને જૂનું વેર હતું. આથી રા'ખેંગારે તેના બાપને વચન આપ્યું હતું કે પોતે એ વેરનો બદલો જરૂર લેશે.

આથી રાણકદેવી નામની એક કન્યા જે સિદ્ધરાજને ખૂબ ગમી ગઈ હતી અને જેની સાથે સિદ્ધરાજ પરણનાર હતો તેને રા'ખેંગાર ઉપાડી ગયો. રાણકદેવી ખેંગારને પરણી છે એ સમાચારથી સિદ્ધરાજનું મોં ગુસ્સાથી રાતુંચોળ થઈ ગયું. તેણે જુનાગઢ પર ચઢાઈ કરી. ખેંગારના બે ભાણેજો દેશળ અને વીશળ ફૂટયા. ખેંગાર મરાયો, અને સોરઠ સિદ્ધરાજના હાથમાં આવ્યો.

સિદ્ધરાજની ઇચ્છા રાણકદેવીને પરણવાની હતી. પણ રાણક તેની ઇચ્છાને વશ ન થઈ. આથી સિદ્ધરાજે તેના બે દીકરાને મારી નાખ્યા. પણ રાણકદેવી એકની બે ન થઈ. તે પોતાના પતિના શબ સાથે બળી મરી.

આ બનાવથી સિદ્ધરાજના રૂડા નામને ઘણું કલંક લાગ્યું છે. એથી પાછળથી લોકોએ એને માટે જાતજાતની વાતો પણ જોડી કાઢી હતી. એવી એક વાત જશમા ઓડણની છે. પણ તે માત્ર દંતકથા જ છે, એટલે ધ્યાનમાં લેવા જેવી નથી.

બાકી, સિદ્ધરાજના ન્યાયીપણાની તો અનેક વાત છે. અને એ બધું જોતાં સિદ્ધરાજને ગુજરાતનો મોટામાં મોટો રજપૂત રાજા ઇતિહાસકારો લેખે છે તે સાચું છે.

ઈ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩

કુમારપાળ

(આઠસો વર્ષ પહેલાં)

અણહીલપુરથી દેથલી તરફ એક માણસ સિદ્ધરાજનાં માણસોથી બચવા માર્યો માર્યો દોડયો જાય છે. શો ગુનો છે આ માણસનો કે સિદ્ધરાજનાં માણસો એની પાછળ પડયાં છે?



સિદ્ધરાજને કંઈ સંતાન નથી. એટલે પોતાની પછી ગાદીએ કોણ આવશે તેની તેને ચિંતા છે. તેને એક સાધુએ એક વાર કહ્યું કે, તેની પછી ગાદી ઉપર કુમારપાળ આવશે. આ વાત સિદ્ધરાજને નથી ગમતી. કુમારપાળ આમ તો એનો કુટુંબી છે; પણ તેની માતાનું કુળ હલકું છે એવું મનાતું હતું અને તેથી પોતાની પાછળ કોઈ હલકા કુળનો માણસ પોતાની ગાદીનો વારસ થાય એ સિદ્ધરાજને જરાય નથી ગમતું.

આ જ તે કુમારપાળ. જ્યારથી તેણે જાણ્યું કે સિદ્ધરાજની તેના ઉપર ખફામરજી છે ત્યારથી તે સંતાતો ભાગતો ફરતો હતો. વરસો સુધી તે છૂપે વેશે રહી, હવે

બધા પોતાને ભૂલી ગયા હશે એમ ધારી, સાધુવેશે પાટણમાં આવ્યો.

એ વખતે સિદ્ધરાજના પિતા કર્ણનું શ્રાદ્ધ હતું. સિદ્ધરાજે બ્રાહ્મણો અને સાધુઓ જમવા નોતર્યા હતા. તે જાતે બધા સાધુઓના પગ ધોવા મંડ્યો. આ સાધુઓમાં કુમારપાળ પણ છે તેનો સિદ્ધરાજને ખ્યાલ નથી. પણ એક સાધુના ફૂલ જેવા કોમળ પગ જોતાં સિદ્ધરાજ વિચારમાં પડી ગયો. કુમારપાળ તરત જ ચેત્યો. જમ્યા કર્યા વિના, બધાની નજર ચુકાવી વેશ બદલી તે ભાગ્યો.

સિદ્ધરાજને એની ખબર પડતાં તરત જ તેણે પોતાનાં માણસ તેની પાછળ દોડાવ્યાં. કુમારપાળને ભાગતો જોતાં એક આલિંગ નામના કુંભારને વહેમ પડ્યો. એ કુંભાર સર્જ્જન નામે પણ ઓળખાતો હતો. તેણે કુમારપાળને પૂછી બધી વાત જાણી લીધી. કુમારપાળનો કંઈ વાંક નથી એવી તેને ખાતરી થઈ, એટલે મોટું જોખમ ખેડી સિદ્ધરાજનાં માણસ આવી પહોંચે તે પહેલાં કુમારપાળને તેણે પોતાની ભઠ્ઠીમાં સંતાડી દીધો.

રાજાનાં માણસો ત્યાંથી પસાર થયાં, પણ તેમને ખબર પડી નહિ કે કુમારપાળને આલિંગે સંતાડ્યો હતો!

ત્યાંથી આલિંગને આશિષ આપતો તે આગળ ચાલ્યો. વળી પાછી આફત આવી પડી. તેની શોધમાં નીકળેલી એક બીજી ટુકડી તેની પાછળ આવી પહોંચી. હવે શું કરવું? ભીમસિંહ નામનો એક ખેડૂત પોતાના ખેતરને કાંટાની વાડ કરી રહ્યો હતો, તેણે તેને વાડમાં સંતાડી દીધો. સિદ્ધરાજના સિપાહીઓએ ભાલા ઘોંચી ઘોંચી વાડ વીંધી નાખી, પણ કુમારપાળ બચી ગયો.

કુમારપાળ આગળ ચાલ્યો. એના માથા પરનું સંકટ હજુ દૂર થયું ન હતું. તેના પગમાંથી ધીમે ધીમે તાકાત ઓસરવા માંડી. એક વાર તો તેને ત્રણ દિવસના કડાકા થયા. હવે જીવ ટકાવવો મુશ્કેલ છે એમ તેને લાગ્યું. એટલામાં દૂરથી તેણે એક ઝાડ હેઠળ કોઈ એક રથને છૂટેલો જોયો. કંઈક આશરો મળશે એવી આશામાં તે ત્યાં ગયો.



તેની આશા ખોટી ન પડી. દેવશ્રી નામની એક વણિક બાઈ પોતાના સાસરાથી પિયર જઈ રહી હતી અને અહીં વિસામો ખાવા તે પોતાનાં માણસો સાથે થોભી હતી. કુમાળપારને બહુ ભાવથી તેણે ખાવાનું આપ્યું. કુંભાર, ખેડૂત, વણિક, પુરુષ કે સ્ત્રી, ગરીબ કે તવંગર, એ બધા ગુજરાતીઓના હૃદયની મોટાઈ કુમારપાળે પારખી. તેને થયું: આવા લોકોનો રાજા તો તે જ થઈ શકે, જેનામાં આ પ્રજામાં જે ખાનદાની છે તેવી ખાનદાની રગેરગ ભરી હોય

અને સાચે જ કુમારપાળ જ્યારે રાજા થયો ત્યારે પોતાના પર ઉપકાર કરનારના ગુણુ તે ભૂલ્યો ન હતો.

૧૮

હેમાચાર્ય

(આઠસો વર્ષ પહેલાં)

પાટણ શહેરના રસ્તાઓ ઉપર લોકો માતા નથી. છતાં, બારી, ગોખ, મેડી, માળ બધે માણસોનાં ટોળેટોળાં ડોકાં કાઢી કાઢી નવાઈ પામતાં જોઈ રહ્યાં છે.



જબરદસ્ત વરઘોડો છે એ! અને નવાઈ ભરેલું તો એ છે કે એ વરઘોડામાં ગુજરાતનો રાજા સિદ્ધરાજ મોખરે ચાલે છે.

કોને આપે છે ગુજરાતનો રાજા આટલું બધું માન ? શું પાટણના નગરશેઠના દીકરાનું લગન છે અને તેનો એ વરઘોડો છે ?

ના. જુઓ, હાથી ઉપર એક પુસ્તક છે. એનું નામ સિદ્ધહૈમ. હેમાચાર્ય નામના એક ભારે વિદ્વાને વર્ષોની મહેનત પછી તૈયાર કરેલા ગ્રંથના માનમાં એ વરઘોડો છે ! લોકોના મુખમાંથી નીકળે છે, 'ધન્ય છે એ જ્ઞાન-ભક્તિ ! ધન્ય છે એ વિદ્યા-પૂજા !'

અને સાચે જ સિદ્ધરાજે જે ભારે માન આપ્યું તે માનને એ ગ્રંથ પૂરેપૂરો યોગ્ય છે. એ ગ્રંથનો કર્તા પણ એવા જ માનને યોગ્ય હતો. અને તેથી જ સિદ્ધરાજ તેમ જ કુમારપાળે એને ગુરુ બનાવ્યો હતો.

એનો જન્મ ધંધુકામાં થયો હતો. નાનપણમાં એને ચાંગદેવ નામે બધાં ઓળખતાં. એના પિતાનું નામ ચાવીગ અને માતાનું નામ પાહિની. તે નાનો હતો ત્યારે દેવચંદ્ર નામે એક જૈન મુનિ તીર્થયાત્રા કરતા ધંધુકે આવી પહોંચ્યા. એક દિવસે ચાંગદેવ રમતાં રમતાં તેમના આસન પર ચઢી બેઠો. દેવચંદ્ર આવી પહોંચતાં બીજા છોકરાઓ તો ડરીને ભાગી ગયા, પણ ચાંગદેવ ડર્યો નહિ. તેનાં લક્ષણો જોઈ દેવચંદ્રને થયું: આ છોકરો જરૂર મહાપ્રતાપી પુરુષ થશે. પાહિનીને સમજાવી તેમણે તે છોકરાને લઈ લીધો.

ચાંગદેવનો બાપ આ વખતે બહારગામ ગયો હતો. તેણે આવીને જ્યારે આ વાત સાંભળી ત્યારે તે ખૂબ ગુસ્સે ભરાયો. દેવચંદ્ર મુનિની સાથે ઝઘડો કરી પોતાના દીકરાને પાછો લાવવા, તે ખાધાપીધા વિના ઘર બહાર નીકળી પડયો.

આ બાજુ દેવચંદ્રે એ છોકરાને ઉદયન મંત્રીને સોંપ્યો હતો. ચાચીગને આવતો જોઈ ઉદયન મંત્રીએ તેને શાન્ત પાડયો, ખૂબ આદરસત્કાર કરી મહામૂલ્ય ભેટ તેને ચરણે ધરી. એ ભેટમાં ત્રણ લાખ રૂપિયા પણ હતા.

એ જોતાં ચાચીગનું મન ફરી ગયું. તેને થયું કે જે સાધુના આદર ખાતર ઉદયન મંત્રી આવડો મોટો ભોગ આપે, તે ગુરુની છાયામાં તો જેનું નસીબ ઊઘડી ગયું હોય તેવાને જ રહેવાની તક મળે. આ વિચાર આવતાં જ તેણે હસીને કહ્યું, "મંત્રીજી, આપ જાણો છોને કે વાણિયાનો દીકરો તો અમૂલ્ય હોય? તેનું આપ ત્રણ લાખ રૂપિયા મૂલ્ય આંકો છો? મારા દીકરાનું એમ મૂલ ન થાય. આપના પૈસા પાછા લો. પણ જાઓ, એને મેં આજથી આપને સોંપ્યો."

ઉદયન રાજી થયો. દેવચંદ્ર મુનિએ એ વિચક્ષણ છોકરાને બધી વિદ્યામાં પારંગત કર્યો. અને ખરેખર, પાછળથી એ મહાન આચાર્ય થયો. અને એ મહાન આચાર્ય હેમાચાર્યના ગ્રંથ સિદ્ધ-હૈમનો સિદ્ધરાજે ભારે વરઘોડો કાઢયો.

૧૯

ભોળો ભીમ

(સાતસો વર્ષ પહેલાં)

રાજમાતા નાયકાદેવી બાળ મૂળરાજને લઈ એક ટેકરી પર બેઠી છે. કુમારપાળના ભત્રીજા અજયપાળની એ વિધવા. કુમારપાળ પછી અજયપાળ ગાદીએ આવ્યો હતો, પણ તે મહાઘાતકી હોઈ પ્રજા તેનાથી કંટાળી ગઈ

હતી. અને આથી થોડા જ વખતમાં તેનું ખૂન થયું. ગાદી અજયપાળના દીકરા મૂળરાજને મળી. મૂળરાજ બાળક



હોઈ રાજકારભાર તેની મા નાયકાદેવી રાજાના કાકા ભીમદેવની સલાહ લઈ ચલાવતી.

અફઘાનિસ્તાનમાંથી ગુજરાત પર ચઢી આવેલા શાહબુદ્દીન ઘોરી અને ગુજરાતના લશ્કર વચ્ચેનું યુદ્ધ આજ એ જોઈ રહી છે. રાજમાતા ટેકરી પર બેઠાં બેઠાં જુએ છે, એ વિચારે ભીમદેવની સરદારી હેઠે ગુજરાતનું લશ્કર ભારે ઝનૂનથી લડ્યું. શાહબુદ્દીનને ભીમદેવે સખત હાર આપી. તેને ભાગતાં ભોંય ભારે પડી.

પણ આ વિજયનું ફળ લાંબો વખત ભોગવવા મૂળરાજ જીવ્યો નહિ, અને ગાદી ઉપર ભીમદેવ આવ્યો. સોલંકી વંશમાં આ નામનો એ બીજો રાજા થયો. પહેલો ભીમ બાણાવળી તે મહમદ ગીઝની સાથે લડેલો. અને શાહબુદ્દીન ઘોરી સાથે લડનાર આ બીજો ભીમદેવ ભોળા ભીમ તરીકે પણ ઓળખાય છે.

આ ભીમદેવના અવિચારીપણાથી હિન્દમાં મુસલમાન સત્તાનાં બીજ રોપાયાં. વાત આમ બની હતી: આબુના જેતસિંહ પરમારને ઇચ્છનકુમારી નામે એક દીકરી હતી. તેનો વિવાહ અજમેરના રાજા સોમેશ્વરના કુંવર પૃથ્વીરાજ સાથે નક્કી થયો હતો. ભીમદેવ એ જાણતો હતો છતાં તેણે એ કન્યાનું માગું કર્યું. જેતસિંહ પરમારે ના પાડી. ભીમદેવ આથી આબુ ઉપર ચઢાઈ લઈ ગયો. જેતસિંહ પરમારે ઇચ્છનકુમારીને અજમેર મોકલી પૃથ્વીરાજ જોડે પરણાવી દીધી.

આથી ભીમદેવ વધારે ચિડાયો. તેણે આબુ પર ચઢાઈ કરી જેતસિંહને હરાવ્યો એટલાથી તેને સંતોષ ન થયો; તેણે અજમેર પર પણ ચઢાઈ કરી. ત્યાં તેણે હાર ખાધી. ત્યાંથી ભાગી પાટણ આવ્યો. ફરીથી લશ્કર ભેગું કરી તે અજમેર ઉપર ચઢ્યો. અજમેરનો રાજા સોમેશ્વર આ વખતે યુદ્ધમાં મરાયો.

પૃથ્વીરાજ, જે આ યુદ્ધ વખતે દિલ્હી હતો તે, બાપના મૃત્યુના સમાચાર જાણતાં વાવાઝોડાની જેમ ગુજરાત પર ધસી આવ્યો. ભીમદેવને તેણે હરાવ્યો.

પણ હિન્દના રજપૂત રાજાઓ આમ જ્યારે માંહોમાંહે લડી એકબીજાને નબળા પાડી રહ્યા હતા, તે વખતે હિન્દની સરહદ ઉપર શાહબુદ્દીન ઘોરી લશ્કર ભેગું કરી રહ્યો હતો.

તે આવ્યો. રજપૂતો લડતા જ રહ્યા. પૃથ્વીરાજ સામે તેણે મોરચા માંડ્યા, ત્યારે ભીમદેવને બીજા રજપૂતોએ વેર ભૂલી જઈ સંપ કરવા કહ્યું. ભીમે ન માન્યું. લોકો તેને ભોળો કહેતા. પણ ભોળો હોવા ઉપરાંત તે અવિચારી

હતો. તેના અવિચારીપણાને લીધે જે દુશ્મનને તેણે હરાવેલો તે જ દુશ્મને હિન્દમાંથી રજપૂત સત્તાને ઉખેડી નાખી.

ભોળા ભીમની આ બધી લડાઈઓથી ગુજરાતની સત્તા ખખડી ગઈ. તેના વખતમાં જ તેના સરદારો સ્વતંત્ર થવા મંડયા, અને છેવટે તેના દીકરા ત્રિભુવનપાળને હરાવી વીશળદેવ વાઘેલા નામનો તેના એક સરદારનો દીકરો ગાદીએ આવ્યો; ને ચાવડા વંશના છેલ્લા રાજા સામન્તસિંહને મારી, જે સોલંકી વંશ મૂળરાજે પાટણની ગાદી પર ચાલુ કર્યો હતો, તે વંશનો અંત આણ્યો.

૨૦

વસ્તુપાળ અને તેજપાળ

(આશરે સાતસો વર્ષ પહેલાં)

શત્રુંજયની જાત્રાએ જૈનોનો એક સંઘ ચાલ્યો જાય છે. એમાં વસ્તુપાળ અને તેજપાળ નામના બે ભાઈઓ છે. તેમની સાથે તેમની માતા પણ છે. દીકરાઓ ઉપર તેમને અપાર હેત છે. પણ તેમના મનમાં થોડોક અસંતોષ છે. જાત્રા કરનારનું મન તો ભગવાનમાં જ હોવું જોઈએ, એવું માતા માને છે. પણ દીકરાઓને અવારનવાર પોતાના ધનની ચિન્તા થાય છે. 'આપણે જાત્રામાં હોઈશું ત્યારે શું થશે આપણી દોલતનું ? કોઈ ચોરી તો ન જાય એને ?' એવા એવા વિચારો તેમને આવે છે.

એક દિવસે તેમના મનની આવી હાલત જોતાં માએ કહ્યું :

'દીકરાઓ, તમારું મન દોલતમાં છે, ભગવાનમાં નથી: તો પછી જાત્રા કરવા આ બધી તકલીફ શા માટે વેઠો છો?'

છોકરાઓ જરા શરમાયા. વસ્તુપાળ બોલ્યો:

'મા, પણ આ આપણી જિંદગીની કમાણી. એના વિચાર ન આવે એ કેમ બને? પણ વારુ મા, અમે એને કોઈ સહીસલામત જગ્યાએ દાટી આવીએ. પછી અમે એનો વિચાર સરખો પણ નહિ કરીશું.'



બન્ને દીકરાઓ ઊપડ્યા. એક એકાન્ત સ્થળ શોધી કાઢી ત્યાં બન્ને ભાઈઓ એક ઊંડો ખાડો ખોદવા મંડ્યા.

પણ આ શું? એ ભાઈઓ એકાએક કેમ અટકી પડ્યા? શું અડ્યું એમની કોદાળીને? બન્નેને પહેલાં તો સમજાયું નહિ કે એ સત્ય છે કે સ્વપ્ન! સોનામહોરથી ભરેલ કેટલાક ચરુ તે ખાડામાં તેમણે જોયા.

હવે? હવે શું કરવું આ બધાનું? તેજપાળ દોડ્યો મા આગળ નવા મળેલા દ્રવ્યની વધાઈ ખાવા.

માએ શાન્તિથી દીકરાની વાત સાંભળી, અને બોલ્યાં,

'બેટા, આ ઉપરથી તમે બન્ને કંઈ શીખ્યા?'

'ના, અમે કંઈ ખાસ વિચાર નથી કર્યો હજી.'

'તો, જો, ભગવાન તમને કહે છે કે દાટેલા ધનની આ દશા થાય છે. કોણ જાણે કોનું હશે એ, અને આજે કોના હાથમાં એ આવી પડ્યું! જેણે એ ચરુ દાટ્યા હશે તેને જો આવો ખ્યાલ હોત તો તે દાટત પણ ખરો? માટે દીકરા, તમે હવે એ ધનને એવી જગ્યાએ મૂકો કે જ્યાં સહુ કોઈ એને જોઈ શકે.'

દીકરો માની વાત આદરપૂર્વક સાંભળી રહ્યો. બન્ને ભાઈ ભેગા મળી માની વાત ઉપર વિચાર કરવા મંડ્યા. એવું તો કયું સ્થળ હોય જ્યાં સહુ કોઈથી એ દેખાય અને છતાં કોઈ એને લઈ ન જાય! બહુ વિચાર કરતાં વસ્તુપાળ અને તેજપાળને લાગ્યું: એ દ્રવ્યનું કોઈ પર્વતના શિખર ઉપર ભગવાન માટે દેવાલય બંધાવ્યું હોય તો સહુ કોઈ જોઈ શકે.

અને આજે પણ જે કોઈને એ દ્રવ્ય જોવું હોય તે આબુ, શત્રુંજય અને ગિરનાર પહાડ ઉપર જઈ જોઈ શકે છે. જાણે મીણમાં કારીગરી કરી હોય એવી સુન્દર નાજુક નકશીવાળાં દેલવાડામાં આવેલાં જૈનોનાં આરસપહાણનાં દહેરાં દુનિયાભરમાં આજે પણ વિખ્યાત છે. એની કળા જોનારને, ગુજરાતની જ નહિ પણ હિન્દની કળા કેટલી ઊંચી સ્થિતિએ પહોંચી હતી, તેનો સહેજે ખ્યાલ આવે એમ છે.

જેણે વસ્તુપાળ તેજપાળનું જાહેરમાં મુકાયેલું એ ધન નથી જોયું, તેણે સાચું હિન્દ નથી જોયું.

૨૧

વીરધવળ અને વસ્તુપાળ

(આશરે સાતસો વર્ષ પહેલાં)



ધોળકાના રાણા વીરધવળને ઊંઘ નથી આવતી. એક વાર તો દિલ્હીના બાદશાહના લશ્કરને આબુના રાજાની મદદ લઈ પાછું કાઢયું. પણ તે પાછું ન આવે તેની શી ખાતરી?

તેનો ચતુર પ્રધાન વસ્તુપાળ રાણાની મૂંઝવણ બરોબર સમજે છે. તે એક પછી એક અનેક યુક્તિઓ કર્યે જાય છે. પણ એકે બરોબર બંધબેસતી નથી આવતી.

એવામાં સમાચાર આવ્યા કે બાદશાહની મા મક્કે હજ કરવા જાય છે. વસ્તુપાળ આ સાંભળતાં રાજી રાજી થયો.

તે વખતના હિંદુસ્તાનનું મુખ ગુજરાત. આજ જેમ મુંબઈ ને કરાંચી હિંદુસ્તાનનાં બારાં કહેવાય તેમ તે વખતે ગુજરાતનાં ખંભાત, ભરૂચ અને સુરત હિંદનાં બારાં હતાં. યુરોપના અને બીજા દેશોના લોકો તો હિંદના બાદશાહને ખંભાતના બાદશાહને નામે જ ઓળખતા.

એટલે ગુજરાતમાં તે વખતે કેવો મોટો વેપાર ચાલતો હશે તે સમજાય એવું છે. એને માટે રાજ્યે કેવો સરસ બંદોબસ્ત રાખવો પડતો હશે તે પણ સમજાય એવું છે.

ગુજરાતની પાટણની ગાદી ઉપર તો એ વખતે સોલંકી સત્તા નામની હતી. ભીમદેવ પછી એ સત્તા ખખડી ગઈ. ખરી સત્તા હવે ધોળકાના આ વીરધવળ વાઘેલાના હાથમાં હતી, આથી ગુજરાતમાં પાકો બંદોબસ્ત કરવાનું તેને માથે આવ્યું. એમાં દરિયામાં તેને ચાંચિયા સામે લડાઈ કરવી પડી અને જમીન ઉપર ધાડપાડુઓ સામે. ગોધરામાં એ વખતે ધુંધળ નામે રાજા હતો. તે વણજારોને લૂંટતો. વીરધવળને તેની સામે લડવું પડયું. તેને તેણે જીવતો પકડયો, અને શરમના માર્યા ધુંધળે આપઘાત કર્યો.

આમ બાદશાહની મા ગુજરાતમાંથી પસાર થાય ત્યારે તેને કંઈ હેરાનગતિ ન થાય એ જોવાનું કામ ગુજરાતના રાજકર્તાઓનું હતું.

દરિયામાં ચાંચિયા તો હોય જ, એટલે બંદોબસ્ત તો પાકો હતો, પણ બાદશાહની માનું વહાણ લૂંટાયું, અને તેમને કિનારે પાછાં આવવું પડયું. વસ્તુપાળે જ ચાંચિયાઓને ખાનગી રીતે ચઢાવેલા હતા એટલે એ વહાણ લૂંટાયું. અને ફરિયાદ પણ વસ્તુપાળ પાસે જ આવી! તે દોડયો.

બાદશાહની માને મળ્યો. તેમને આશ્વાસન આપ્યું. ગુનેગારોને પકડવાની તેણે તેમને ખાતરી આપી. અને સાચે જ, બાદશાહની માતાનો ચોરાયેલો માલ રજેરજ તેણે પાછો મેળવ્યો. બાદશાહની મા તો આ જોતાં હેરત પામી ગઈ.

અને મક્કાથી જ્યારે હજ કરી તે પાછી વળી ત્યારે પણ વસ્તુપાળે તેની ખૂબ ખાતરબરદાસ્ત કરી.

દિલ્હીનો બાદશાહ પોતાની માને મુખે આ વાત સાંભળતાં નવાઈ પામ્યો. વસ્તુપાળને જોવાનું અને તેના ઉપકારનો બદલો આપવાનું તેને મન થયું. તેણે તેને દિલ્હી બોલાવી ખૂબ માન આપ્યું. તેને તેણે મોટી મોટી જાગીરો ને ભેટો આપવા માંડી. પણ વસ્તુપાળે તે બધાની ના પાડી.

જ્યારે બાદશાહે ઘણો આગ્રહ કર્યો ત્યારે તેણે માગ્યું, 'ભેટમાં હું માગું છું મારા રાજા સાથેની આપની હંમેશની દોસ્તી, અને માગું છું આપનો કોલ કે આપ ગુજરાત ઉપર ચઢાઈ ન કરો.'

રાજાએ એ વચન આપ્યું. ધોળકાના રાણા વીરધવળના માથાનો ભાર હળવો થયો. તેને હવે નિરાંતની ઊંઘ આવી.

૨૨

વીશળદેવ અને દુકાળ

(સાડાછસો વર્ષ પહેલાં)

ગુજરાતમાં ચારે બાજુએ જબરદસ્ત દુકાળ પડ્યો છે. આસમાન તરફ લોકો જુએ છે તો એકે વાદળું દેખાતું નથી.

આથી લોકોની નજર મંડાઈ છે ગુજરાતના રાજા તરફ.

એ વખતે ગુજરાતમાં વીશળદેવ નામનો રાજા છે. ધોળકાના રાણા વીરધવળનો એ દીકરો. સોલંકી વંશના છેલ્લા રાજા ત્રિભુવનપાળને હરાવી, ગાદીએથી ઉઠાડી મૂકી, એ આખા ગુજરાતનો રાજા બન્યો છે. કુમારપાળના વખતમાં એના એક વડવાને વાઘેલ ગામ ભેટમાં મળેલું તે પરથી એ વાઘેલા નામે ઓળખાય છે.

ગુજરાતનો વાઘેલા વંશનો એ પહેલો રાજા. એણે પોતાની રૈયત ઉપર આવી પડેલી આફત જોઈ.

આ વિચાર કરવાનો વખત ન હતો. આભ ફૂટે ત્યારે માણસ હાથ જોડીને બેસી રહે તો નાશ પામે.

તેણે તરત જ હુકમ બહાર પાડયો. રાજમાં ઠેર ઠેર કુવા, વાવ, તળાવ વગેરે બાંધકામો તેણે શરૂ કરાવ્યાં. અનાજ અને ઘાસચારાના ભાવ ઓછા કરાવી દીધા. હજારો લોકોને કામધંધો આપ્યો.

વીસનગરનો કિલ્લો અને ડભોઈનો મશહૂર કિલ્લો તેણે આ દુકાળિયાઓને મજૂરી આપવા બંધાવ્યા.

એ ડભોઈનો કિલ્લો આજે તો ખંડિયેર હાલતમાં છે. એના હીરા દરવાજા સંબંધી એક જાણવા જેવી દંતકથા છે. કહે છે કે હીરા નામના એક કડિયાએ એ કિલ્લો બાંધેલો. પણ તેને રાજાની માતાની એક તેના નામની દાસી ઉપર પ્રેમ હતો. તેનાએ પોતાનું નામ રખાવવા એક તળાવ બાંધવા હીરાને આગ્રહ કરેલો. એટલે કિલ્લો અને તળાવ બાંધવાનું કામ સાથસાથે ચાલ્યું. રાજાને કાને વાત આવી કે, હીરો કિલ્લા માટેના સારા સારા પથરા લઈ જઈ તળાવના બાંધકામમાં વાપરે છે. આથી તેને તેણે

કિલ્લામાં ચણી લીધો, અને શ્વાસ લેવા માટે એક બાકું રાખ્યું. તેનાએ તેને રોજ રાતે ઘી વગેરે પિવડાવી જેમ તેમ કરી જીવતો રાખ્યો. કિલ્લો પૂરો થવા આવ્યો ત્યારે એક દરવાજાની કમાન કેમે કરી ચડી નહિ. આથી હીરાને પાછો બહાર કાઢવો પડયો. તેણે કમાન તો ચડાવી આપી પણ તે જીવી શક્યો નહિ. તેના નામ ઉપરથી એ કમાનવાળા દરવાજા પાસેનો ભાગ હીરા ભાગોળ નામે ઓળખાય છે, અને પેલું તળાવ તેનતળાવ નામે આજે પણ ઓળખાય છે.

આ દંતકથામાં ન માનવા જેવું ઘણું છે, પણ એક વસ્તુ ચોક્કસ છે કે વીશળદેવે દુકાળ વખતે લોકોને કામ મળે એ હેતુથી એનું બાંધકામ હાથમાં લીધેલું, અને તેની કારીગરી હીરા નામના કોઈ કાબેલ કડિયાએ કરેલી.

લાગલાગટ ત્રણ વર્ષ આ દુકાળ રહ્યો; પણ કહેવાય છે કે દુકાળમાં ભૂખ કે તરસથી એક પણ માણસ કે એક પણ ઢોર મર્યું નહિ. કેવી સુંદર રાજવ્યવસ્થા વીશળદેવની !



―――――૨૩―――――

કરણ ઘેલો

(છસો વર્ષ પહેલાં)

"કેમ, ભાઈ તમારું મોં કેમ પડી ગયેલું છે? કેમ કંઈ બોલતા નથી?" સિદ્ધપુરમાં ગુજરાતના રાજા કરણ માટે કચ્છથી ઘોડા ખરીદી પાછા વળતાં, પોતાના એક મિત્રને કરણના પ્રધાન માધવે પૂછ્યું.

તે બોલ્યો, "શું કહું ભાઈ? કહેતાં જીભ નથી ઊપડતી."

માધવના મનમાં ધ્રાસકો પડ્યો. તે પોતાના રાજાને બરોબર ઓળખતો હતો. જ્યારે તેણે તેને ઘોડા લેવા જવા કચ્છ મોકલ્યો ત્યારે જ તેને થોડોક વહેમ તો આવ્યો હતો.

કરણ વાઘેલા વંશનો હતો, વીશળદેવ પછી થયેલા રાજાઓનો એ વંશજ હતો. પણ તે એવો તો અવિચારી હતો કે લોકો તેને વાઘેલાને બદલે ઘેલો કહેતા.

માધવને ધીરજ ન રહી. તેણે કહ્યું, "ભાઈ, કહી નાખો: જે હશે તે ધીરજથી સાંભળીશ."

"રૂપસુન્દરીબહેન . . ."

"હેં!" પેલો મિત્ર આગળ બોલે તે પહેલાં તેને અટકાવતો માધવ બોલ્યો. "શું? રૂપસુંદરીને શું થયું? કંઈ અકસ્માત થયો?"

"ના, અકસ્માત તો શું પણ . . . . પણ", આજુબાજુ નજર કરી ધ્રૂજતો ધ્રૂજતો પેલો મિત્ર બોલ્યો, "દુષ્ટ કરણ તેમને બળાત્કારે પોતાના મહેલમાં લઈ ગયો

છે. તમારા ભાઈ કેશવે બહુ બહાદુરીથી રાજાનાં માણસો સામે લડાઈ કરી. પણ અન્તે તે મરાયા. તેમની પત્ની ગુણસુન્દરી તેમની પાછળ સતી થઈ. . ." પેલો મિત્ર આગળ બોલે તે પહેલાં તો માથે હાથ દઈ માધવ બેસી ગયો. તેની આંખે તમ્મર આવ્યાં. તેને માથે જાણે આભ તૂટી પડ્યું. રૂપસુન્દરી તેની પત્ની હતી. ખૂબ રૂપવતી હતી. અને કરણની તેના તરફ સારી નજર નથી એવો તેને વહેમ પણ હતો. પણ હવે શું કરવું? તે જાણતો હતો કે તે પાટણમાં જશે તેવો જ તેને માટે કેદનો દરવાજો રાહ જોઈને જ બેઠો હશે.

હવે શું કરવું? એક ગુજરાતીને ન છાજે એવો એક પાપી વિચાર માધવના મનમાં આવ્યો. એક નાગરને ન શોભે એવું હિચકારું કામ કરવા તે તૈયાર થયો.



તેણે રસ્તો બદલ્યો. તે દિલ્હી ગયો. દિલ્હીમાં આ વખતે અલાઉદ્દીન ખીલજી બાદશાહ હતો. કાકુ જેમ સિંધના રાજાને બોલાવી લાવ્યો હતો, તેમ માધવ ગુજરાત ઉપર દિલ્હીના બાદશાહનું લશ્કર નોતરી લાવ્યો.

દિલ્હીના લશ્કર સામે કરણ લડ્યો, પણ એ લંપટ રાજા

વધુ વાર ન લડી શક્યો. તેનું લશ્કર ખેરાનવેરાન થઈ ગયું. તેનું કુટુમ્બ પાયમાલ થઈ ગયું. તેની પ્રજા હાલહવાલ થઈ.

અને દક્ષિણનાં જંગલોમાં હડકાયા કૂતરાની જેમ એક સ્થળેથી બીજે સ્થળે ભાગતો રાજા કરણ રખડી રઝળી કમોતે મૂઓ.

ગુજરાતનો એ છેલ્લો રજપૂત રાજા.

ઈ. સ. ૧૨૯૫ થી ૧૩૦૪

૨૪

સુલતાન મુઝફ્ફરશાહ પહેલો

(પાંચસો વર્ષ પહેલાં)

ગુજરાતના સુલતાનના શાહી કેદખાનામાં એક બુઢ્ઢો અને એક જુવાન ગુપચુપ બેઠા છે. બુઢ્ઢાની સફેદ દાઢી



અને કરુણ દેખાવ દયા ઉપજાવે એવાં છે. જુવાનની નજરમાં સખતાઈ છે.

આ બેમાં એક છે ગુજરાતનો વૃદ્ધ સુલતાન મુઝફ્ફરશાહ; બીજો છે તેનો પૌત્ર અહમદશાહ, જેણે પાછળથી અમદાવાદ વસાવ્યું તે.

આ વૃદ્ધ મુઝફ્ફરશાહનું મૂળ નામ જાફરખાન હતું. પહેલાં તો તે દિલ્હીના બાદશાહો વતી ગુજરાતના સૂબા તરીકે વહીવટ કરતો હતો. અલાઉદ્દીન ખીલજીના લશ્કરે કરણ ઘેલાને હરાવ્યો ત્યારથી ગુજરાત ઉપર દિલ્હીના સુલતાનોનું રાજ્ય થયું હતું. એ વાતને સો વરસ થઈ ગયાં હતાં. એ સો વરસમાં ગુજરાતમાં ઘણા સૂબા થઈ ગયા. એમાં છેલ્લો જાફરખાન હતો.

એ જાફરખાન બહુ જબરો હતો. દિલ્હીના બાદશાહની સત્તા નબળી પડતી જતી હતી, એ જોતાં જાફરખાનને થયું: "સૂબા તરીકે રાજ કરવા કરતાં સુલતાન બન્યા હોઈએ તો શું ખોટું ?" તેણે દિલ્હીના સુલતાન સામે બળવો કર્યો, અને ગુજરાતમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું.

પણ જાફરખાન જાતે ગાદીએ ન બેઠો. તેણે તેના દીકરાને મહમ્મદશાહ નામ ધારણ કરાવી ગાદીએ બેસાડ્યો. એ મહમ્મદશાહ ગુજરાતનો પહેલો સ્વતંત્ર સુલતાન.

પણ મહમ્મદશાહ અવિચારી હતો. તેને થયું કે, ગાદી તો જાફરખાનની હતી એટલે કદાચ કોઈ દિવસ તેને તે ઉઠાડી મૂકે અથવા બીજી કોઈ રીતે હેરાન કરે તો ? આથી પોતાને ગાદીએ બેસાડનાર પોતાના બાપ જાફરખાનને તેણે તેના કોઈ પણ ગુના વિના કેદમાં પૂર્યો.

ત્યાર બાદ તે લશ્કર લઈ દિલ્હી તરફ ચડાઈ કરવા ઊપડ્યો. રસ્તામાં તેના બાપ જાફરખાનના કોઈ એક મિત્રે તેને મારી નાખ્યો.

આથી જાફરખાન કેદમાંથી છૂટી મુઝફ્ફરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

ગાદીએ બેઠા બાદ, આશાવળની આસપાસ ભીલ લોકો લૂંટફાટ કરતા હતા તેને વશ કરવા તેણે સુલતાન મહંમદના પુત્રને એટલે કે પોતાના પૌત્ર અહમદને લશ્કર લઈ મોકલ્યો.

અહમદ જુવાન હતો. પોતાના બાપનું ખૂન થયેલું તે તેને સાલતું હતું. તેને વહેમ હતો કે તેના દાદા મુઝફ્ફરશાહે જ એ ખૂન કરાવેલું.

એટલે દાદાએ આપેલા લશ્કર વડે તેણે અચાનક દાદાને જ ઘેરી લઈ કેદ કર્યો.

અને કેદમાં એ બંને આજ છેલ્લી વખત સામસામે બેઠા છે. અહમદે દાદાના મોં સામે ઝેરનો પ્યાલો ધર્યો છે. મુઝફ્ફરના મોં ઉપર ચિંતા નથી, દુ:ખ છે. પોતાના પુત્રને પોતાને માટે ખોટો વહેમ આવ્યો હતો, અને આજ પૌત્ર પણ ખોટી રીતે વહેમાયો હતો એનું તેને દુ:ખ છે.

તેણે ઝેરનો પ્યાલો હાથમાં લીધો. "બેટા, તને વિશ્વાસ નથી આવતો તો ભલે. મારે કંઈ હવે વર્ષો ગાળવાનાં ન હતાં. માસ છ માસનો હું હતો તો આજે જઈશ. પણ તું ચેતીને ચાલજે. દારૂ ના પીતો. અલ્લાહ તારું ભલું કરે."

અને અલ્લાહનું નામ લઈ વૃદ્ધ મુઝફ્ફરશાહ ઝેરનો પ્યાલો ગટગટાવી ગયો.

આવા નિર્દોષ દાદાની હત્યા માટે પાછળથી અહમદ-શાહને ઘણો પસ્તાવો થયો. કહે છે કે એથી તેની જિંદગીમાં તે કોઈ વાર હસ્યો ન હતો.

સુલતાન અહમદશાહ

(આશરે પાંચસો વર્ષ પહેલાં)



મુઝફ્ફરશાહનો પૌત્ર સુલતાન અહમદશાહ પોતાના મહેલના ઝરૂખામાં ઊભો ઊભો સાબરમતી નદીનાં વહેતાં પાણી જોઈ રહ્યો છે, એવામાં તેની નજર એક તણાતી કોઠી તરફ ગઈ. તરત જ તેણે માણસો દોડાવ્યાં. કોઠી બહાર કઢાવી, અંદર જોયું તો એક મડદું !

સુલતાને કુંભારોને ભેગા કર્યા. એક કુંભારે કોઠી ઓળખી, એ તેની બનાવેલી હતી. પાસેના ગામના એક મુખીને તેણે તે વેચેલી.

તરત જ સવારો છૂટચા. સાંજ પહેલાં તો મુખી ખડો થઈ ગયો સુલતાનની હજૂરમાં.

મુખીએ કબૂલ કર્યું કે પોતે એક વેપારીનું ખૂન કર્યું હતું, અને તેના મડદાને એ કોઠીમાં સંતાડી કોઠી તેણે સાબરમતીમાં વહેતી મૂકી હતી.

સુલતાને મુખીને ફાંસીની સજા કરી.

અને અહમદશાહનો ન્યાય તો સહુને માટે એકસરખો હતો. કાયદા આગળ બાદશાહ કે ફકીર, ઊંચ કે નીચ, હિન્દુ કે મુસલમાન સહુ સરખા હતા.

એક વાર તેના જમાઈએ એક નજીવા કારણસર એક આદમીનું ખૂન કર્યું. કાજી પાસે ફરિયાદ ગઈ. બાદશાહના જમાઈને આકરી સજા કરતાં કાજીના હાથ ધ્રૂજ્યા. તેણે તેનો ૪૦ ઊંટ જેટલો દંડ કર્યો. એ ઊંટ મરનારના વારસોને અપાવી તેણે સમાધાન કરાવ્યું.

અહમદશાહને કાને એ વાત આવી. ગુનેગારને તેણે અદાલતમાં ખડો કરાવ્યો. બધાને હતું કે સુલતાન આકરો ઠપકો આપશે, બહુ તો કેદની સજા કરશે. પણ અહમદે સજા ફરમાવી અને સભા આખી થથરી ઊઠી. સજા હતી ફાંસીની!

એ અહમદશાહે અમદાવાદ વસાવેલું. એ પહેલાં તો ગુજરાતની ગાદી પાટણમાં હતી.

એણે અમદાવાદ કેવી રીતે વસાવ્યું તે વિષે કહેવાય છે કે, એક વાર તે સાબરમતી નદીને કાંઠે શિકાર માટે નીકળ્યો હતો; ત્યાં નદીની ભેખડમાંથી એક સસલું નીકળ્યું. તે પાછળ તેણે તેનો શિકારી કૂતરો દોડાવ્યો. સસલું કૂતરાની સામે થયું, એ જોતાં બાદશાહ નવાઈ પામ્યો. તેને થયું કે જે જગ્યાનાં સસલાં આટલાં બહાદુર છે તે જગ્યાએ જો માણસો વસે તો તે કેટલાં બધાં બહાદુર થાય! અને આથી

તેણે ત્યાં અમદાવાદ શહેર વસાવ્યું. સસલું કૂતરાની સામે થયું અને સુલતાનને શહેર વસાવવાનો વિચાર આવ્યો, તે ઉપરથી લોકોમાં કહેતી થઈ કે,

જબ કુત્તે પર સસ્સા આયા,
તબ બાદશાહને શહેર બસાયા.

એ પ્રતાપી સુલતાને અમદાવાદની ઘણી ઇમારતો બંધાવી, અને ઘણા કારીગરોને તેણે અમદાવાદમાં આણી વસાવ્યા. તેણે ગુજરાતની કીર્તિ હિન્દમાં ખૂબ ફેલાવી.

ઈ. સ. ૧૪૪૧ થી ૧૪૫૧

૨૬

મહમદ બેગડો

(ચારસો વર્ષ પહેલાં)

ગુજરાતના કેટલાક મોટા અમીરોએ સુલતાનના મહેલને ઘેરો ઘાલ્યો છે. સુલતાનને તો સહેજમાં નમાવી શકાશે, એમ તે બધા વિચારે છે તેવામાં મહેલને ઝરૂખે ચૌદ વર્ષનો એક શસ્ત્રસજ્જ પાણીદાર કિશોર દેખાયો. તેના ઊભા રહેવામાં દમામ છે, તેના અવાજમાં સત્તા છે. મહેલને ઝરૂખેથી અવાજ ગાજ્યો:

"અમીરો!"

જાણે વીજળીનો આચકો લાગ્યો હોય તેમ બળવાખોર બધા થંભી ગયા. ફરીથી તે કિશોરનો અવાજ ગાજ્યો:

"અમીરો! હું તમારો બાદશાહ મહમદ ફરમાવું છું

કે બધા હથિયાર હેઠાં મૂકી દો." ચમકારા કરતી પોતાની તરવાર તેણે ઊંચી કરી.



અને ચમકેલા અમીરો પાછળ જુએ છે તો ગુજરાતના સુલતાનનું લશ્કર તેમને ઘેરીને ઊભું છે. બળવાખોર બધા નરમ થઈ ગયા. સૌએ પોતાનાં હથિયાર નમાવી દીધાં.

ચૌદ વર્ષના એ કિશોરે ગૌરવથી એ ત્રીસ હજાર બળવાખોરોની વચ્ચેથી રસ્તો કર્યો. તેનો દમામ જોતાં બધા સડક થઈ ગયા. અમીરોનું બંડ શમી ગયું.

આ કિશોર તે ગુજરાતનો મશહૂર સુલતાન મહમદ બેગડો. તેના જમાનામાં આખા હિંદમાં તેની બરોબરીનો બીજો કોઈ રાજા ન હતો.

નાનપણથી જેનામાં આટલો બધો પ્રભાવ હતો તે સુલતાને ગાદી ઉપર સ્થિર થયા પછી રાજ્યનો સુંદર બંદોબસ્ત કર્યો. તેનો આગ્રહ હતો કે તેના રાજમાં

ક્યાંય ચોરી, લૂંટફાટ કે ચાંચિયાગીરી ન થાય. તેનો નિશ્ચય હતો કે તેના રાજમાં વેપાર ધમધોકાર ખીલે, ને તેની પ્રજા આબાદ બને.

એક વાર તેની આગળ ફરિયાદ આવી કે, ઉત્તરમાંથી માલ લઈ આવતા કેટલાક વેપારીઓ શિરોહીની હદમાં લૂંટાયા. મહમદે તરત તે વેપારીઓને બોલાવ્યા. તેમના લૂંટાયેલા માલનું તેમને તેણે દામ ભરી આપ્યું; અને એ પૈસા તેણે શિરોહીના રાજા પાસેથી ભરપાઈ લીધા. આવી જ રીતે દ્વારિકામાં ચાંચિયાઓનું જોર વધેલું હતું તે ત્યાં જાતે જઈ તેણે તોડી નાખ્યું, અને ચાંચિયાને જડમૂળથી ઉખેડી નાખ્યા. રાજ્યના ધોરી રસ્તા તેણે તિજોરી જેવા સુરક્ષિત કરી દીધા, એટલું જ નહિ પણ, તે બધા રસ્તાઓ ઉપર ઝાડોની ઘટાઓ રોપાવી, કૂવાઓ બંધાવ્યા, ધર્મશાળાઓ કરાવી.

રાજ્યની આબાદી માટે જે કંઈ કરવું જોઈએ તે બધું તેણે કર્યું.

ચાંચિયા અને લૂંટારાને તો કાઢ્યા, પણ ગુજરાતના વેપાર ઉપર વળી એક બીજું વાદળ ઊતરી આવ્યું. કેટલાક ફિરંગીઓએ ગુજરાતમાં પગપેસારો કરવા માંડ્યો હતો. તેમની દાનત ગુજરાતનાં કેટલાંક બંદરો જીતી લેવાની હતી.

બાહોશ મહમદ બેગડાની નજર બહાર એ રહી શકે ખરું? ફિરંગીઓનો તેણે પીછો પકડ્યો. તેમને નાસતાં ભોંય ભારે પડી.

આમ ચારે બાજુએથી ગુજરાતના રાજ્યને તેણે મજબૂત બનાવ્યું.

જેમ તેણે વેપાર ખીલવ્યો તેમ ખેતી ઉપર પણ તેવું જ ધ્યાન આપ્યું. મહેસૂલ ઠરાવ્યા પ્રમાણે જ લેવાય એવો તેણે પાકો બંદોબસ્ત કર્યો. સુન્દર પાક ઉતારનારને તે ઇનામો આપતો. ખેડૂતોને તેણે અનેક રીતે ઉત્તેજ્યા.

લડવૈયા તરીકે પણ તે એવો જ બાહોશ હતો. તેણે જુનાગઢના રા'માંડળિકને હરાવ્યો, અને જુનાગઢ લીધું. પાવાગઢના પતાઈ રાવળને મહાત કર્યો અને ચાંપાનેર ભાંગ્યું.

એનું બળ પણ એવું જ ભારે હતું, અને ખોરાક પણ તેવો જ. કહે છે કે રોજ સવારે એક વાડકો ઘી, એક વાડકો મધ અને ૨૫૦ કેળાં તે ચટ કરી જતો. કહેવાય છે કે તેને ઝેર ચઢી શકતું નહિ.

મહેમદાવાદ આ સુલતાને વસાવેલું. વાત્રક કાંઠેના ચાંદાસૂરજના મહેલ પણ એણે બંધાવેલા. પ્રખ્યાત ભમરિયો કૂવો પણ એણે જ કરાવેલો.

ઈ. સ. ૧૪૫૯ થી ૧૫૧૩

૨૭

નરસિંહ મહેતા

(ચારસો વર્ષ પહેલાં)

"અલી સાંભળ્યું કે? પેલી માણેકનો વર તો ગઈ કાલે ઢેડવાડામાં જઈને નાચ્યો !" જુનાગઢના નાગરવાડામાં કૂવા પર પાણી ભરતાં ભરતાં એક બાઈએ વાત ઉપાડી.

"હંઅં! ગામ આખું વાત કરે છે ને. છે કંઈ એને લાજ શરમ! મૂઓ ચંડાળ પાક્યો છે નાગરી નાતમાં."

બીજીએ નાગરી નાતને ન છાજે એવી ભાષામાં જવાબ આપ્યો.

એ બન્ને બાઈઓ વાત કરી રહી હતી નરસિંહ મહેતા વિષે. જે બૈરાં પાણી ભરવા આવે તે બધાં એ જ વાતની ચર્ચા કરતાં હતાં.



ચૌટામાં પણ બધે એ જ વાત !

નાગર થઈ ઢેડવાડે જાય ! નાગરી નાત પર જાણે મોટું કલંક આવી પડ્યું. નાતનું પંચ ભેગું થયું. નરસિંહ મહેતાને પંચે બોલાવ્યા. મહેતાનો જવાબ લેવાયો. મહેતાએ કબૂલ કર્યું કે પોતે ઢેડવાડે જઈને ભજન કર્યાં હતાં.

"તો મહેતા તમે હવે વચન આપો છો કે ફરી નહિ જાઓ ?" નાતના પટેલે પૂછ્યું.

"કેમ વચન અપાય એવું ખોટું ? ઈશ્વરે સર્જેલાં સૌ

માનવી સરખાં. એમાં કોણ ઊંચ અને કોણ નીચ? અને એ બધા કેવા ભલા અને ભોળા છે! હરિના જન છે.” નરસિંહ મહેતાએ જવાબ આપ્યો.

“તો મહેતા તમે વટલી ગયા છો, તમને નાતબહાર મૂકવા પડશે.” નાતના પટેલે ધમકી આપી.

મહેતા બોલ્યા, “ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કે'શો તો કરશું દામોદરની સેવા.”

પંચ રોષે ભરાયું. નરસિંહ મહેતાને તેમણે નાતબહાર મૂક્યા.

એટલાથી ન ધરાતાં, જુનાગઢના રાજા રા'માંડલિક આગળ તેમણે ફરિયાદ કરી કે, નરસિંહ મહેતો રાજમાં ભ્રષ્ટાચાર વધારે છે.

તે જમાનામાં નાતનાં પંચોનું જોર ભારે હતું. રાજાએ નરસિંહ મહેતાને કેદમાં નાંખ્યા. ત્યાં તેમની ખૂબ કસોટી કરી. પણ મહેતાની ભક્તિ જોતાં રાજાને ખાતરી થઈ કે તે નિર્દોષ છે. આથી રાજાને પસ્તાવો થયો. નરસિંહ મહેતાની તેમણે માફી માગી, ને તેમને કેદમાંથી છોડ્યા.

અસ્પૃશ્યતાને પાપ લેખનાર આ મહાન ગુજરાતી તે આપણો આદિ કવિ નરસિંહ મહેતો.

આજ પણ હજારો ગુજરાતી બહુ ભાવપૂર્વક સવારે નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ગાતા ગાતા ઊઠે છે. આપણા મહાત્મા ગાંધીજીનો એ બહુ માનીતો કવિ. એનું “વૈષ્ણવ જન તો તેને કહીએ” આજે હિન્દમાં લાખો જણને મોઢે છે.

મુઝફ્ફરશાહ બીજો

(ચારસો વર્ષ પહેલાં)

"એ ઘોડો મને નહિ ખપે." મહમદ બેગડાના દીકરા સુલતાન મુઝફ્ફરશાહે નોકરોને સંભળાવી દીધું. નોકરો તો બધા દિંગ થઈ ગયા. વાત એમ બની હતી કે સુલતાનનો એ પ્યારો ઘોડો હતો. એક વાર તેને પેટમાં ચૂંક આવી. એટલે હકીમે તેને દારૂ પિવડાવ્યો. સુલતાન મુઝફ્ફર ધાર્મિક હતો. દારૂ તો શું પણ ભાંગનું પણ તે નામ લેવા દેતો નહિ. ઘોડાને દારૂ પાયો છે એ જાણતાં તે ઘોડા ઉપર તે કદી બેઠો નહિ.

આ મુઝફ્ફરશાહ જેવા ભલા અને દયાળુ બહુ ઓછા રાજકર્તાઓ થયા છે. એક વાર તે નાહવા બેઠો હતો. એના હમામખાનામાં સો નોકરો રહેતા. એના માથા ઉપર નોકરો પાણી રેડી રહ્યા છે. એવામાં તેણે પાણીમાં જોયું તો એક મરેલો ઉંદર! એક સામાન્ય માણસનો નોકર પણ આવી ભૂલ કરે તો તેને તેના શેઠ તરફથી કેવું કેવું સાંભળવું પડે! પણ મુઝફ્ફરે ખૂબ ધીરજ રાખી. તે બોલ્યો, "સો માણસ એક માણસનું કામ નથી સાચવી શકતા! હું તો ઘરડો છું ને માફી આપું છું, પણ મારા પુત્રો આગળ આવી ભૂલ કરશો તો શું થશે?" એમ કહેવાય છે કે, સુલતાન મુઝફ્ફરશાહ પછી ગાદીએ આવનારમાંથી સુલતાન બહાદુરશાહ ઉપર તેના નવરાવનારાએ ભૂલથી જરા વધુ ગરમ પાણી રેડયું, આથી તે નવરાવનારાના વાંસા ઉપર તેણે ખળખળતું પાણી રેડાવ્યું હતું!

મુઝફ્ફરશાહ આપણા ગુજરાતનો એક સંત રાજા થઈ ગયો. વિદ્વાનોને તે માન આપતો. સ્ત્રીઓ તરફ તે આદરથી વર્તતો. શત્રુઓ સાથેનું તેનું વર્તન ભલું હતું. તે કળાનો શોખીન હતો, તેવો જ કુસ્તીનો પણ શોખીન હતો. ભલભલા પહેલવાનોને નવાઈ પમાડે એવી ચપળતાથી તે તલવાર અને ભાલાનો ઉપયોગ કરી શકતો. પાઈએ પાઈનો તે હિસાબ રાખતો, અને એક પણ પાઈ નકામી વાપરતો નહિ. આથી તેના દરબારીઓ અકળાતા. તેને તે કંજૂસ પણ કહેતા. પણ લોકો તો તેને ખૂબ ચહાતા.



એના સદાચરણ સંબંધી એક વાત જાણવા જેવી છે. એક વાર તેણે માળવા ઉપર ચઢાઈ કરી ને ત્યાંના સુલતાનને હરાવ્યો. હારેલા સુલતાને પોતાના જનાનખાનાની બધી સ્ત્રીઓને મુઝફ્ફરશાહ પાસે મોકલી અને કહેવડાવ્યું: “આપે મને જીત્યો છે, એટલે આજથી જેમ મારું રાજ્ય આપનું બન્યું છે તેમ આ સ્ત્રીઓ પણ હવે આપની છે.” મુઝફ્ફરશાહે તે સ્ત્રીઓને ખૂબ માન આપ્યું. તેમને બધીને ધીરજ આપી. પોતાની સગી બહેન જેવી તેમને ગણી અને તેમને માન સાથે પાછી માળવાના સુલતાનના જનાનખાનામાં વિદાય

કરી. એટલું જ નહિ પણ, માળવાના સુલતાનને નેકીને રસ્તે ચાલવાનો બોધ કરી તેનું રાજ્ય તેણે પાછું સોંપ્યું.

આ ભલો રાજા એક વાર ગુજરાતમાં દુકાળ પડયો ત્યારે લોકોનાં દુઃખો જોતાં મૂંઝાયો. તેણે ઈશ્વરને પ્રાર્થના કરી કે: “હે પરવરદિગાર! જો મારા પોતાના પાપને લઈને ગુજરાતના લોકોને તું આમ સતાવતો હોય, તો મને પોતાને લઈ લે અને આ ગરીબ લોકોને બચાવ. ગરીબ મુઝફ્ફરથી લોકોનો આ ભૂખમરો નથી જોવાતો!” અને સાચે જ, જાણે કે પ્રભુએ એ પ્રાર્થના સાંભળી હોય તેમ વરસાદ પડયો! પણ ત્યાર બાદ સુલતાનની તબિયત બગડી અને એ ભલો સુલતાન ઈશ્વરને સ્મરતો સ્મરતો મરણ પામ્યો.

૨૯

શાન્તિદાસ નગરશેઠ

(આશરે ત્રણસો વર્ષ ઉપર)

દિલ્હીમાં અકબર બાદશાહની દીકરીનાં લગન છે. તે પ્રસંગે અમદાવાદનો એક જૈન ઝવેરી મોંઘાં ઝવેરાત લઈ બાદશાહને બતાવવા આવ્યો. એનું નામ શાન્તિદાસ શેઠ. ઝવેરાત જોતાં અકબર ખુશ ખુશ થઈ ગયો. બધાં રત્નો તેણે રાખી લીધાં ને કિંમત પૂછી. શાન્તિદાસ બોલ્યો,

“જહાંપનાહ, સાસરવાસાની તે કિંમત હોય!”

“સાસરવાસો!” નવાઈ પામતો અકબર બોલ્યો. શાન્તિદાસ શેઠ બાદશાહની મૂંઝવણ જોતાં હસ્યો. તે બોલ્યો:

“જહાંપનાહ, આપને નવાઈ લાગવાનું કંઈ કારણ

નથી. બેગમ સાહેબા મારાં બહેન છે. મારાં બહેનની દીકરીનાં લગનમાં મારે મોસાળું કરવું જ જોઈએને!”

બાદશાહ શાન્તિદાસ શેઠની વાત આનંદથી સાંભળી રહ્યો. એ દિવસથી શાન્તિદાસ શેઠ બન્યા બાદશાહની બેગમના ભાઈ. શાહજાદો સલીમ તેમને “મામા”ના મીઠા સંબોધને બોલાવવા મંડ્યો. સલીમ જહાંગીર નામ ધારણ કરી ગાદીએ આવ્યો ત્યાર બાદ પણ તેનો એ જ સંબંધ ચાલુ રહ્યો હતો.

શાન્તિદાસ શેઠનું ભાગ્ય કેમ ઊઘડી ગયું તે વિષે અનેક દંતકથા છે. પણ તે બધી ઉપરથી એમ માલૂમ પડે છે કે તે ખૂબ બાહોશ આદમી હોવા જોઈએ. પોતાની જિંદગી દરમ્યાન તે અમદાવાદના નગરશેઠ બન્યા. એમના વંશજો આજ પણ અમદાવાદમાં નગરશેઠ તરીકે ઓળખાય છે. અઢળક ધન એમણે અને એમના વારસોએ ભેગું કર્યું હતું. શાહજહાનનો દીકરો મુરાદ એક વાર ભીડમાં આવી ગયો ત્યારે તેણે શાન્તિદાસના દીકરા લક્ષ્મીચંદ પાસેથી સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. શાન્તિદાસના વારસોમાં ઘણા પુરુષો થઈ ગયા, તેમાં હેમાભાઈ અગર હિમાભાઈ શેઠ અને તેમના દીકરા પ્રેમાભાઈ શેઠનાં નામ જાણીતાં છે. હિમાભાઈ શેઠે સારાં દાન કર્યાં હતાં, વિદ્યાને ખૂબ ઉત્તેજન આપ્યું હતું. અમદાવાદમાં એમના નામ ઉપરથી ચાલતું હિમાભાઈ ઇન્સ્ટીટ્યુટ જાણીતું છે. એમના દીકરા પ્રેમાભાઈને તો આજે અમદાવાદના પ્રેમાભાઈ હૉલ ઉપરથી સહુ કોઈ ઓળખે છે.

આમ બાદશાહના મામા તરીકે પ્રખ્યાત થયેલ

શાન્તિદાસ નગરશેઠનું નામ આપણા ગુજરાતના ઇતિહાસમાં ખાસ નોંધવા જેવું છે. એમની ચતુરાઈની એક વાત જાણવા જેવી છે. એક વાર જહાંગીરે પોતાના દરબારીઓને પોતાની કિંમત કરવા કહ્યું. બાદશાહની કઈ રીતે કિંમત અંકાય! બધા ગભરાયા. પણ એવામાં શાન્તિદાસ શેઠ આવી પહોંચ્યા. તેમણે હાથમાં ઝવેરાત તોળવાનો કાંટો લીધો. કાંટામાં બન્ને બાજુએ એક એક રતિ મૂકી તેમણે કહ્યું,

"કિંમત થઈ ગઈ."



નવાઈ પામતો જહાંગીર બોલ્યો, "કઈ રીતે, મામા?" એટલે શાન્તિદાસે કહ્યું: "જુઓને, આમ તો આપણે બધાં માણસો સરખાં છીએ. પણ ઈશ્વરે આપનામાં એક રતિ ભાગ્ય વધારે મૂક્યું, એટલે આપ બાદશાહ બન્યા. અમને

ઈશ્વરે એ રતિ ન આપી એટલે આવા રહ્યા. એટલે આપની કિંમત એક રતિ, જહાંપનાહ!"

જહાંગીર એ સાંભળતાં હસી પડયો. શાન્તિદાસની ચતુરાઈ ઉપર તે ખુશ થયો, અને પહેલાં કરતાં પણ તેમને વધુ માન આપવા મંડયો.

શાન્તિદાસને નગરશેઠાઈ દિલ્હીના બાદશાહ તરફથી મળી હતી.

૩૦

મહાકવિ પ્રેમાનંદ

(આશરે ત્રણસો વર્ષ ઉપર)

"ગુજરાતી ભાષામાં તે શું બળ્યું છે? કવિતા કરવી હોય તો સંસ્કૃતમાં કરવી અથવા તો હિંદીમાં." આવું આવું બોલાતું સાંભળી એક જુવાનનો પ્રાણ ઊકળી આવે છે. વળી તે અવારનવાર લોકોને મોઢે સાંભળે છે કે,

'અબે તબે'કા સોલહી આને, 'અઠે કઠે'કા બાર;
આઠહી આને 'ઇકડં તિકડં', 'શું શાં' પૈસા ચાર.

એટલે કે, અબે તબે જેમાં આવે છે તે હિંદીની કિંમત સોળ આના, 'અઠે કઠે' જેમાં આવે છે તે મારવાડીના બાર આના, 'ઇકડં તિકડં' જેમાં આવે છે તે મરાઠીના આઠ આના, પણ 'શું શાં' જેમાં આવે છે તે ગુજરાતીની કિંમત તો માત્ર ચાર જ પૈસા! પોતાની ભાષાનું આવું અપમાન થતું જોતાં તે જુવાને પ્રતિજ્ઞા લીધી કે, "મારી ગુજરાતી ભાષા બીજી ભાષા જેવી મહાન ન બને ત્યાં સુધી મારે પાઘડી ન પહેરવી." એ પ્રતિજ્ઞા

લઈ તેણે ગુજરાતી ભાષાની સતત સેવા આદરી. તેને અનેક શિષ્યો આવી મળ્યા. તે બધાએ મળીને આપણી ભાષાની શિકલ જ જાણે કે બદલી નાખી. આ યુવાન તે આપણો મહાકવિ ભટ્ટ પ્રેમાનંદ.

આજથી ત્રણસો વર્ષ પહેલાં વડોદરામાં તેનો જન્મ થયેલો. બહુ લાંબું તેણે આયુષ્ય ભોગવ્યું, અને નળાખ્યાન જેવાં અનેક મોટાં કાવ્યો તેણે ગુજરાતી ભાષાને આપ્યાં. એના વખતમાં બીજા પણ બે મોટા કવિ થઈ ગયા. તેમનાં નામ શામળ અને અખો.

લખાણ અને કથા ઉપર જ ગુજારો કરનારની પાસે સારા પૈસા ક્યાંથી ભેગા થાય? એટલે પ્રેમાનંદની સ્થિતિ કંઈ સારી ન કહેવાય, પણ તે ભારે ટેકીલો વીર હતો. તેને નંદરબારના રાજા તથા કેટલાક શેઠિયાઓ તરફથી ઠીક ઠીક મદદ મળતી. એ જમાનામાં મદદ કરનારની ખુશામત તો વાતવાતમાં થતી, પણ પ્રેમાનંદે કોઈની પ્રશંસા કે ખુશામતની કવિતા નથી લખી.

કહે છે કે, એક વાર કોઈ રઘુનાથ પારેખ નામના પૈસાદાર પુરુષે પોતાને માટે કંઈક કવિતા કરવાનું પ્રેમાનંદને કહ્યું. રઘુનાથને ત્યાં પ્રેમાનંદનું ખાતું રહેતું, એટલે એક રીતે પ્રેમાનંદ તેનાથી દબાયેલો કહેવાય, પણ તરત જ પ્રેમાનંદે તેને રોકડું પરખાવ્યું, "*સ્તુતિ તો પ્રભુની હોય. ઈશ્વર સિવાય બીજા કોઈની હું સ્તુતિ નથી કરતો.*" આ જવાબ સાંભળતાં રઘુનાથ પારેખનું મોં કેવું થયું હશે તે સહેજે સમજાય એવું છે.

આવો અડગ, ટેકીલો અને સ્વમાનવાળો વીર પુરુષ ગુજરાતી ભાષાનો શ્રેષ્ઠ કવિ બને એમાં શી નવાઈ?

મોગલ, મરાઠા અને અંગ્રેજ

ગુજરાતના ઇતિહાસમાં રાજગાદીના અનેક પલટા આપણે જોયા. આપણે શ્રીકૃષ્ણનું દ્વારિકા જોયું, શીલાદિત્યનું વલ્લભી જોયું. ચાવડા વંશ, સોલંકી વંશ વાઘેલા વંશ જોયા. ગુજરાત ઉપર દિલ્હીના બાદશાહના સૂબાઓના અમલની વાત વાંચી; વળી ગુજરાતના સ્વતંત્ર સુલતાનોની પણ વાત વાંચી. એ બધામાંથી એક સાર આપણે એ લીધો કે કોઈ પણ રાજવંશ લાંબો વખત ટક્યો ન હતો.

મહમદ બેગડાએ ગુજરાતની સત્તા ખૂબ વધારી. એના પછી આવેલા મુઝફ્ફરશાહ બીજાની વાત પણ આપણે જોઈ. વળી, ત્યાર બાદ બહાદુરશાહ નામે એક જબરો સુલતાન થયો. તે વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ હુમાયુન રાજ કરતો હતો. તેને અને બહાદુરશાહને લડાઈ થઈ. પહેલાં તો બહાદુરશાહ હાર્યો; પણ હુમાયુન જતાં તેણે પોતાનું રાજ પાછું મેળવ્યું. આ બહાદુરશાહને ફિરંગીઓ સાથે પણ ઝઘડો હતો. તે પણ તેણે પતાવ્યો. પણ ફિરંગીઓએ દગો કરી તેને મારી નાખ્યો. એ પછી ગુજરાતના સુલતાનોની સત્તા નબળી પડી.

દિલ્હીમાં હુમાયુન પછી અકબર ગાદીએ આવ્યો. તેણે ગુજરાત જીતી લીધું. તે વખતે મુઝફ્ફરશાહ ત્રીજાનું ગુજરાતમાં રાજ હતું. તે હારી ગયો, અને નાસી જઈ તેણે આપઘાત કર્યો.

એ પછી તો મોગલ શાહજાદાઓ અવારનવાર ગુજરાતના સૂબા તરીકે દિલ્હીથી આવતા. અને ગુજરાત મોગલ સામ્રાજ્યમાં સમાઈ ગયું.

ગુજરાત ઉપર મોગલોની જ્યારે સત્તા ચાલતી હતી ત્યારે બાદશાહ જહાંગીરના સમયમાં ઇંગ્લંડથી સર ટૉમસ રો નામનો એક એલચી હિંદમાં આવ્યો. એ વખતે જહાંગીર અમદાવાદમાં હતો. સર ટૉમસ રો તેને અમદાવાદમાં મળ્યો. ઇંગ્લંડના રાજાનો તેણે તેને સંદેશો આપ્યો. એ સંદેશામાં હિંદ સાથે વેપાર કરવાની ઇંગ્લંડના રાજાએ છૂટ માગી હતી. જહાંગીરે એ છૂટ અંગ્રેજોને આપી. આથી આજથી બસો વર્ષ પહેલાં અંગ્રેજોએ સુરતમાં પહેલવહેલી પોતાની કોઠી નાખી.

અંગ્રેજ લોકો પોતાનો વેપાર વધારતા ગયા તે સાથે તેમણે લશ્કર પણ રાખવા માંડયું, અને ધીરે ધીરે રાજ્ય પણ જમાવવા માંડયું.

મોગલ સત્તા નબળી પડતી ગઈ, એટલે એક બાજુએ દક્ષિણમાંથી મરાઠાઓએ અને બીજી બાજુ અંગ્રેજોએ તેને ઢીલી કરી નાખી.

મરાઠાઓમાં શિવાજી નામનો એક વીર સરદાર થયો. તેણે દક્ષિણમાં મરાઠી રાજ્ય જમાવ્યું. તેના પછી તેના સરદારો અને પ્રધાન જે પેશવા નામે ઓળખાતા તેમણે તેના રાજ્યનો ખૂબ વિકાસ કર્યો. એમાંના એક સરદાર પિલાજી ગાયકવાડે વડોદરા જીતી લઈ ત્યાં રાજધાની કરી. આજ પણ વડોદરામાં ગાયકવાડ સરકારની રાજધાની છે.

વડોદરા, કાઠિયાવાડનાં રાજ્યો અને મહીકાંઠા તથા રેવાકાંઠા વગેરે થોડાંક રાજ્યો બાદ કરતાં આખું ગુજરાત ધીમે ધીમે આજથી સો વર્ષ પહેલાં અંગ્રેજોના હાથમાં આવ્યું.

પહેલાં જે અંગ્રેજ વેપારીઓ અહીં આવ્યા હતા તે રાજ કરતા હતા; પણ પાછળથી મહારાણી વિકટોરિયાએ એ રાજ પોતાના હાથમાં લીધું. આજ સમ્રાટ જ્યોર્જ છઠ્ઠાની હકૂમત એના પર ચાલે છે.

આ વાત હજુ તો જાણે આજે જ બની હોય એવી તાજી છે.

આ આપણું આજનું ગુજરાત. એ ગુજરાતમાં અનેક જાણીતાં સ્ત્રીપુરુષો થઈ ગયાં, અને આજ પણ હયાત છે. એ બધામાંથી થોડાકની વાતો આપણે હવે પછી જોઈશું.

૩૨

સુંદર સોદાગર

(આશરે બસો વર્ષ ઉપર)

કાઠિયાવાડના અનેક રાજાઓ જાત્રાએથી પાછા ફરતા એક સોદાગરને સામે લેવા આવ્યા છે. સોદાગરના મુકામ પાસે રાજાઓ આવ્યા તો ખબર પડી કે શેઠ સાહેબ ઊંઘે છે. રાજાઓ બધા, શેઠ સાહેબ જાગે તેની રાહ જોતા, તેમના પલંગ પાસે કલાક સુધી ચુપચુપ બેઠા. કોણ હશે આ મહાન સોદાગર, જેના પલંગ પાસે રાજાઓને પણ નરમ બની બેસી રહેવું પડે?



એનું નામ સુંદર સોદાગર. (ઉપરના ચિત્રમાં રાજાઓથી વીંટાએલો એ બેઠો છે.) કચ્છ રાજ્યના ગુંદિયાળી ગામમાં એનો જન્મ. બાપનું નામ શિવજી. શિવજી પૈસેટકે કંઈક સુખી, એટલે જુવાન સુંદર મોજશોખની બૂરી લતે ચડી ગયો, તે એટલે સુધી કે બાપને તેનો ભાગ આપી પોતાનાથી તેને જુદો કરવો પડ્યો. સુંદરે તો પોતાના ભાગના પણ બધા પૈસા ઉડાવી દીધા. એ પછી તો સુંદરને ગામ છોડી ભાગી જવું પડ્યું. તે ઠેરઠેર ભટક્યો. અનેક સાધુ મહાત્માના સંગમાં આવ્યો. અંતે એક શેઠે તેને થોડાક પૈસા ધીર્યા. તેમાંથી સુંદરે ઘોડાનો વેપાર શરૂ કર્યો. એ વેપાર તેણે એટલો તો ખીલવ્યો કે અંગ્રેજ સરકાર, ટીપુ સુલતાન તથા નિઝામને ઘોડા પૂરા પાડવાનું કામ સુંદરજીને મળ્યું.

પછી તો એની લાગવગ એટલી બધી વધી પડી કે રાજા મહારાજાઓ એની મદદ લેવા મંડયા, અંગ્રેજ સરકાર

પણ એની મદદ લેવા માંડી. એની પાસે લાખો રૂપિયા ભેગા થયા, અને સુંદર સોદાગરને નામે એ મશહૂર બન્યો.

જેવો એ ઘોડાના વેપારમાં કુશળ હતો તેવો જ એ લડવામાં પણ બાહોશ હતો. બંદૂક તરવાર વગેરે સારી રીતે વાપરી શકતો. મોટા મોટા રાજાઓને એ લશ્કર લઈ મદદ પણ કરતો. અનેક નાનાં મોટાં રાજ પોતાનાં ગામ એને ત્યાં ગીરો મૂકી સુંદરજી પાસેથી નાણાં લેતાં. મોરબીના ઠાકોરે પોતાના રાજમાં માળિયાના મિયાંણા લૂંટફાટ કરતા તેમને હાંકી કાઢવા સુંદરજીને બોલાવ્યો. સુંદરજીએ અંગ્રેજ સરકાર પાસેથી પલટણ લઈ મિયાંણાને હાંકી કાઢ્યા. મોરબીના ઠાકોરે આવી રીતે મદદ તો લીધી, પણ સુંદરજીને એ મદદના બદલામાં આપવા માટે પૂરતા પૈસા તેની પાસે ન હતા, એટલે સુંદરજીને તેણે ટંકારિયા પરગણું દીધું. આવી રીતે પોરબંદરને પણ તેણે મદદ કરી ને બદલામાં આઠ વરસ સુધી પોરબંદર રાજ્યનો વહીવટ કર્યો. જામનગરના જામે જોડિયા અને બારંભા નામના પોતાના રાજના બે પ્રાન્ત ગીરવી મૂકી સુંદરજી પાસે દસ લાખ રૂપિયા ઉધાર લીધા.

એક તોફાની જુવાનમાંથી આવા જબરદસ્ત વેપારી અને લડવૈયા બનનાર પુરુષને રાજાઓ નમન કરે એમાં શી નવાઈ?

સુંદર સોદાગરે દાન પણ ઘણાં મોટાં કર્યાં. તેના દાનની રકમ પચાસ લાખ રૂપિયાથી વધુ હતી. સંવત ૧૮૬૯માં મોટો દુકાળ પડ્યો. એને અગણોતરો કહે છે. એ દુકાળમાં બહોળે હાથે એણે લોકોને મદદ કરી. આમ રાજાઓનો પણ રાજા એ સુંદર સોદાગર આપણા ગુજરાતનો એક મહાન ગુજરાતી હતો.

સહજાનંદ સ્વામી

(આશરે દોઢસો વર્ષ ઉપર)



અમદાવાદમાં પેશવાનો સૂબો વહીવટ કરે છે. તેને ત્યાં આજે સહજાનંદ સ્વામી પધાર્યા છે. સૂબાએ તેમને બેસવા માટે ખાસ આસન તૈયાર કરાવ્યું છે. સ્વામીએ આસન તરફ નજર કરી અને બોલ્યા, "સૂબા સાહેબ કરતાં મારું સ્થાન ઊંચું હોય ?" અને એમ કહી પેલા ઊંચા આસન ઉપર ન બેસતાં સ્વામી સહજાનંદ નીચે બેસી ગયા. આસન ખાલી રહ્યું જોઈ સૂબો જરા નારાજ થયો. થોડીક વાતચીત કરી સ્વામી ઊઠયા. જતાં જતાં

તેમણે પેલા ઊંચા આસન ઉપર પોતાના હાથમાંની લાકડી જાણે ટેકવતા હોય એમ રાખી. આથી ઉપરની ગાદી સરી પડી અને લોકો જુએ છે તો નીચે ગરમ તેલનું એક ખુલ્લું ટાંકું ! એ જોતાં સૂબો તો ભોંઠો જ પડી ગયો.

સૂબાએ શાથી આવું કર્યું હશે ? કોણ છે આ સાધુ, જેમનો જાન લેવાને સૂબાને આવું કાવતરું કરવું પડે ?

એ સાધુનું મૂળ નામ ઘનશ્યામ. આજથી આશરે દોઢસો વર્ષ પહેલાં ઈ. સ. ૧૭૮૧માં અયોધ્યા પાસે છપૈયા ગામમાં એ જન્મેલા. નાનપણમાં જ મોટાભાઈએ કંઈ ઠપકો આપવાથી તેમણે ઘર છોડયું. ઘર છોડી તે કાઠિયાવાડમાં આવ્યા. ત્યાં તેમને સાધુસંતોની સોબત થઈ. રામાનંદ નામના એક સંન્યાસીએ તેમને સંન્યાસી બનાવ્યા. એ પછી તે સ્વામીનારાયણ અથવા સહજાનંદના નામે જાણીતા થયા.

અયોધ્યાના હોવા છતાં સ્વામીનારાયણે ગુજરાતને પોતાનું ઘર કર્યું. તેમણે ગુજરાતના લોકોના ઉપર અનેક ઉપકાર કર્યા. કાઠી લોકોને અને ગુજરાતની બીજી ગુનેગાર જાતોને તેમણે સુધારી. ચોરોની ચોરી છોડાવી, દારૂડિયાના દારૂ છોડાવ્યા, જુગારીઓના જુગાર મુકાવ્યા. એમના સેંકડો અનુયાયી થયા. મુસલમાન અને પારસીઓ પણ એમના શિષ્ય બન્યા. ધીમે ધીમે એમના શિષ્યોની સંખ્યા ઘણી મોટી થઈ અને તે બધા સ્વામીનારાયણપંથી કહેવાવા લાગ્યા. ગુજરાતમાં આજે આ પંથના ઘણા લોકો છે, અને વડતાલ, અમદાવાદ તથા ગઢડામાં તેમનાં મોટાં મંદિરો છે.

સહજાનંદ સ્વામીએ લોકોને ખરાબ ટેવોમાંથી સુધારવા

માંડ્યા એટલે કેટલાક લોકોની કમાણી ઓછી થવા માંડી. દાખલા તરીકે, દારૂ વેચનાર કલાલોની ઘરાકી ઓછી થઈ. આવા બધા લોકોએ અમદાવાદના સૂબાના કાન ભંભેર્યા. સૂબાનો બાપ આ અરસામાં મરી ગયો હતો. સહજાનંદ પશુને હોમ્યા વિના યજ્ઞ કરે છે તેથી તેનું મરણ થયું, એવું એ લોકોએ સૂબાને સમજાવ્યું. આથી સૂબાએ સહજાનંદ મહારાજને દગો કરી મારી નાખવા કાવતરું રચ્યું, પણ તેમાં તે ન ફાવ્યો. અને સહજાનંદ મહારાજના શિષ્યોની સંખ્યા વધુ મોટી થઈ.

ગુજરાતની પછાત ગણાતી કોમોનું આ સંત પુરુષે એટલું તો ભલું કર્યું છે કે, આજે અનેક ગુજરાતીઓ તેમને એક પયગમ્બરની જેમ પૂજે છે.

૩૪

જોગીદાસ ખુમાણ

(સો વર્ષ પહેલાં)

કુંડલાથી કાઠી કણબી વગેરેનો એક મોટો સંઘ શિહોર જઈ રહ્યો છે. સંઘમાં પાંચસો છસો માણસો છે. એ બધાં જાય છે મહારાજ વજેસંગનો જુવાન જોધ દીકરો ગુજરી ગયો છે તેનો ખરખરો કરવા.

એ વખતે શિહોરના દરબાર સામે વજેસંગનો જોગીદાસ નામનો એક પિત્રાઈ બહારવટું ખેડી રહ્યો હતો. તેના બહારવટાથી રાજ આખું ત્રાહિ ત્રાહિ પોકારી ગયું હતું. તેને જીવતો અથવા મરેલો પકડી લાવનારને મોટું ઇનામ આપવાનું દરબારે જાહેર કર્યું હતું.

એ જોગીદાસ ખુમાણ પણ આ સંઘમાં હતો. સંઘમાંના કોઈનેય એ વાતની ખબર ન હતી.

શા માટે જોગીદાસ શિહોર જઈ રહ્યો છે? મહારાજ વજેસંગ દુઃખમાં છે તે વખતે છાનામાના જઈ દરબારગઢમાં ધાડ પાડવા?

ના. જોગીદાસ ભલે બહારવટિયો હોય, પણ એની રગ-રગમાં ખાનદાની ભરી છે. તે જુવાન છે, ટેકીલો છે, વીર છે. તે રાજ સામે બહારવટે નીકળ્યો છે તે કંઈ ચોરી કરવા નહિ, પણ ગરાસમાં પોતાનો ભાગ મેળવવા. આજ એ જોગીદાસે જ્યારે સાંભળ્યું કે મહારાજ વજેસંગને માથે દુઃખનો ડુંગર ફાટયો છે, ત્યારે તેના વીર હૃદયમાં મહારાજને દિલાસો આપવાનો વિચાર આવ્યો. પણ તે કેમ બને? છડેચોક જતાં તો તરત પકડાઈ જવાય. આથી તેણે એક સરસ યુક્તિ શોધી કાઢી. કુંડલાના સંઘમાં તે ભળી ગયો. બધાએ જ જ્યાં મોઢે ફાળિયાં ઓઢયાં હોય ત્યાં કોણ કોને ઓળખી શકે?

દરબારગઢની ડેલી પાસે બધા આવી પહોંચ્યા. ત્યાં રીત પ્રમાણે માથે પછેડી ઓઢી સૌ રડવા લાગ્યા. મહારાજ વજેસંગ એક પછી એક બધાને હાથ દઈ છાના રાખવા લાગ્યા. ફરતાં ફરતાં મહારાજ જોગીદાસ પાસે આવી પહોંચ્યા, અને માથે હાથ મૂકી બોલ્યા, "છાના રહો જોગીદાસ ખુમાણ! ભા, છાના રહો તમેય તે."

અને ડાયરો આખો ચમકયો. અનેક જણના હાથ તરવારની મૂઠ પર પડયા. કંઈ કેટકેટલી તરવાર એક સાથે ખેંચાઈ ગઈ. જોગીદાસે વીજની ઝડપે મોઢા પરથી પછેડી

ખસેઠી. તેનું તેજસ્વી મોં બધા જોઈ રહ્યા. તે બોલ્યો, "ભલો વરત્યો, રાજ!"

તે સાંભળતાં વજેસંગ બોલ્યા, "કેમ નહિ વરતું, જોગીદાસ ખુમાણ! તારું ગળું ક્યાં અજાણ્યું છે કાઠિયાવાડમાં? પાંચસો આદમી વચ્ચે તારા હાકોટા વરતાય, તો પછી તારા વિલાપ કેમ ન વરતાય!" અને તરત જ આખા ડાયરા તરફ વળી મહારાજ બોલ્યા, "સૌ પોતપોતાની જગ્યાએ બેસજો. કોઈએ તરવાર સંભાળવાની જરૂર નથી. આજ જોગીદાસભાઈ બાઝવા નથી આવ્યા. દીકરો ફાટી પડ્યો છે એનો ખરખરો કરવા આવ્યા છે. મારા ગરાસમાં નહિ પણ મારા દુઃખમાં ભાગ લેવા આવ્યા છે."

અને ડાયરો આખો સ્તબ્ધ થઈ ગયો. લોકોની આંખ ભીની થઈ; ને સૌ મનમાં વિચારવા લાગ્યા: "કોની ખાનદાની ચડે—બહારવટિયા જોગીદાસ ખુમાણની કે મહારાજ વજેસંગની?"

૩૫

દયાનંદ સરસ્વતી

ગંગાકિનારે હિમાલયની ગોદમાં એક તપસ્વી ધ્યાનમાં બેઠા છે. ચારે બાજુએ સુંદર શાંતિ છે. ત્યાં પોતાના મરેલા દીકરાને લઈને એક બાઈ રોતી રોતી આવી. તેના રુદનથી સાધુની સમાધિમાં ભંગ પડ્યો. દુઃખથી તે બાઈના રુદનને તે સાંભળી રહ્યા.

રડતાં રડતાં દીકરાના શબને બાઈએ ગંગાજીમાં

વહેતું મૂકી દીધું. તેની પાસે બાળવા જેટલા પણ પૈસા ન હતા! શબને ઢાંકવા માટે જે કપડું તે લાવી હતી તે કપડું તેણે પાછું લઈ લીધું, અને રોતી રોતી તે જ્યાં જવા કરે છે ત્યાં તપસ્વીનો બુલંદ અવાજ ગાજ્યો.



"સબૂર મા, ઊભી રહેજે, મારે કંઈક પૂછવું છે તને."

રોતી રોતી પેલી બાઈ ઊભી રહી. સાધુએ પૂછ્યું:

"મા, તારો દીકરો મર્યો છે એ તો મને સમજાયું. મોત તો સૌને મોડુંવહેલું આવે એટલે એનો શોક શો? પણ તેં દીકરાના શબ પરનું કપડું કેમ પાછું લઈ લીધું?"

દુ:ખ અને શરમથી બાઈ નીચું જોઈ ગઈ. બહુ વેદનાથી તે બોલી,

"મહારાજ, મારી પાસે બદલવા બીજું લૂગડું નથી."

આ જવાબ સાંભળતાં તપસ્વીના માથા પર જાણે આભ તૂટી પડ્યું, "હાય! મારા દેશમાં આટલી બધી

ગરીબાઈ છે!" તેના હૃદયમાંથી એક ઊંડો નિઃશ્વાસ નીકળી ગયો. જે દેશમાં આવી ગરીબાઈ છે ત્યાં માણસ સુખે ઈશ્વરને કઈ રીતે ભજી શકે? એ ગરીબાઈ ટાળ્યે જ દેશમાં ધરમનું પણ નામ લઈ શકાય. આ વિચારે એ તપસ્વીએ હિમાલયની ગોદ છોડી, અને આખી જિંદગી દેશની સેવામાં અર્પણ કરી.

એ તપસ્વી તે મહર્ષિ દયાનંદ સરસ્વતી. એમનું મૂળ નામ મૂળશંકર. આપણા કાઠિયાવાડમાં મોરબી પાસે ટંકારામાં આજથી સો વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૨૪માં એમનો જન્મ થયેલો. એમના પિતા શંકરના મોટા ભક્ત હતા. એક વખત શંકરના દહેરામાં જાગરણ કરતાં બધા પૂજારીઓ ઊંઘમાં પડ્યા, ત્યારે શંકરની મૂર્તિ ઉપર ઊંદરોએ દોડાદોડી કરી મૂકી, અને ત્યાં પડેલા ચોખા વગેરે ખાઈ જવા મંડ્યા એટલું જ નહિ પણ ત્યાં લીંડીઓ પણ મૂકતા ગયા. આ જોઈ મૂળશંકરને મૂર્તિપૂજામાંથી શ્રદ્ધા ઊઠી ગઈ. એ પછી નાની ઉંમરે કોઈને પણ ખબર ન પડે એમ ઘરનો ત્યાગ કર્યો, ઠેર ઠેર એ ભટક્યા, વેદનો ઊંડો અભ્યાસ કર્યો, અને એવા મોટા વિદ્વાન બન્યા કે એમની સામે શાસ્ત્રાર્થમાં કોઈ ટકી શકતું નહિ. એમના શરીરમાં અથાગ બળ હતું. એમની સહનશક્તિ પણ ભારે. હિમાલયની કડકડતી ઠંડીમાં પણ મળસ્કે ગંગાકિનારે માત્ર એક લંગોટીભર તે ધ્યાનમાં બેસતા. હાથીનું પૂછડું પકડે તો હાથી ચસી ન શકે એટલું તો તેમનામાં જોર હતું. એમણે રાષ્ટ્રીય કેળવણી, વિધવાવિવાહ, અછૂતોદ્ધાર વગેરે દેશના કલ્યાણની અનેક વાત લોકોને શીખવી.

આર્ય સમાજના એ મૂળ સંસ્થાપક. આપણા ગુજરાતના જ નહિ પણ આખા હિંદના એ એક મહાપુરુષ હતા.

૩૬

હિન્દના દાદા

વિલાયતથી આવતા એક મહાન હિન્દીને સત્કારવા હજારો સ્ત્રીપુરુષો મુંબઈના બંદરે ભેગાં થયાં છે. આગબોટમાંથી એ મહાપુરુષે મુંબઈની ધરતી પર પગ મૂક્યો, ત્યાં તો હજારો કંઠમાંથી "દાદાભાઈ નવરોજીકી જય!" એવા જયનાદ ગાજી ઊઠ્યા. લોકોએ તેમને સાચાં મોતી અને માણેકે વધાવ્યા.



એ પુરુષ તે હિન્દના દાદા તરીકે મશહૂર થયેલા આપણા દાદાભાઈ નવરોજી. ઈ. સ. ૧૯૦૬માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાની બેઠક કલકત્તામાં મળવાની હતી. તેને માટે તેમની પ્રમુખ તરીકે ચૂંટણી થયેલી હતી. તે માટે તે વિલાયતથી આવ્યા હતા.

એમનો જન્મ આજથી સો વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૨૫માં નવસારીમાં થયેલો. પિતા તો એમના નાનપણમાં જ ગુજરી ગયેલા એટલે માએ તેમને ભણાવ્યા.

ભણીગણીને કમાણી કરવાને બદલે દેશની સેવામાં તેમણે પોતાનું જીવન અર્પ્યું. તે મોટા વિદ્વાન હતા. તેમના જમાનામાં ગોરા સિવાય કૉલેજમાં બીજા કોઈ

પ્રોફેસર બની શકતા નહિ; પણ દાદાભાઈ એટલા તો હોશિયાર હતા કે તેમને એ પદ આપવાની અધિકારીઓને ફરજ પડી. વળી વિલાયતની પાર્લમેન્ટમાં પણ પહેલવહેલા બેસનાર હિંદી દાદાભાઈ જ હતા. તે વિલાયત હતા તે દરમ્યાન ત્યાંના એક પરગણામાંથી ચૂંટાઈને તે પાર્લમેન્ટના સભાસદ બન્યા હતા. હિંદની ગરીબાઈની વાત વિલાયતના લોકોને સંભળાવી તેમની આંખમાં તેમણે આંસુ આણ્યાં. હિંદને સ્વરાજ મળવું જોઈએ એવી તેમણે ઇંગ્લંડના લોકોને ખાતરી કરાવી આપી. એક હિંદીની રોજની આવક માત્ર છ પૈસા જેટલી જ છે એ વાત તેમણે દુનિયાને કહી, અને હિંદ કેટલું બધું કંગાળ બની ગયું છે તે તેમણે ચોખ્ખા શબ્દોમાં સંભળાવ્યું.

આ મહાપુરુષે પોતાની ૯૨ વર્ષની લાંબી જિંદગીમાં દેશની જેટલી સેવા કરી છે તેટલી બહુ ઓછા પુરુષોએ કરી હશે. આજ હિંદના લોકોની જીભને ટેરવે રમી રહેલો "સ્વરાજ" શબ્દ પહેલવહેલો વાપરનાર એ જ. સાચે જ "હિંદના દાદા" એક મહાન ગુજરાતી હતા.

૩૭

વીર નર્મદ

સુરતના આમલીરાનમાં આવેલા એક મકાનમાં એક જુવાન બેઠો છે. તેની સામે ટેબલ ઉપર કલમ પડી છે. તેની આંખમાં ઝળઝળિયાં છે. આજુબાજુ નજર કરી પોતાને કોઈ જોતું નથી એમ જોઈ, પેલી કલમને જાણે કહેતો હોય તેમ તે જુવાન મનમાં બબડ્યો, "આજથી

હું તારે ખોળે છઉં.” અને એ જ દિવસે, ગુજરાતી ભાષાની ગરીબાઈ ન વેઠાવાથી, એ જુવાને જાતે ગરીબ રહી ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવાની પ્રતિજ્ઞા લીધી. તેણે તેની નોકરીનું રાજીનામું આપ્યું, અને લખવાનો ધંધો લીધો.



એ જુવાન તે આપણો વીર કવિ નર્મદ. આજથી સો વર્ષ ઉપરના જમાનામાં તો અંગ્રેજી ભણેલા ધારે તેટલો પગાર મેળવી પૈસાદાર થઈ શકતા. તે બધી તક જતી કરી એ જુવાને કલમ હાથમાં લીધી, અને જિંદગીભર ગરીબી વેઠી. કોઈ કોઈ વાર તો મૂઠી પૌંવા પર તેને ચલાવવું પડતું, પણ પોતાની અડગ ટેક તેણે ન છોડી.

અને તેણે કેટલું બધું લખ્યું! આપણી ભાષાનો શબ્દકોષ ન હતો તે તેણે તૈયાર કર્યો. તેણે ઇતિહાસનું એક મોટું પુસ્તક લખ્યું. નાના મોટા અનેક લેખો લખ્યા અને ઢગલાબંધ કવિતાઓ લખી. “જય જય ગરવી ગુજરાત”થી જાણીતી થયેલી કવિતા એણે જ લખેલી.

અને એ લખાણ પણ કેવાં! લોકોના વહેમ ઉપર એણે ખૂબ ચાબખા માર્યા. અનેક ઢોંગીઓના ઢોંગને એણે બહાર પાડ્યા અને આથી તો એના જીવતાં અનેક જણ એના દુશ્મન બન્યા.

પણ એ દુઃખથી ન ડર્યો. જેમ જેમ એના દુશ્મનો એને હેરાન કરતા ગયા તેમ તેમ એ ગાવા મંડ્યો કે,

સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે,
યાહોમ કરીને પડો ફતેહ છે આગે!

અને આ એની બહાદુરીથી આપણા ઇતિહાસમાં એ આજ વીર નર્મદ નામે ઓળખાય છે. ૧૮૩૩માં એનો જન્મ થયેલો. માત્ર ૫૩ વર્ષની ટૂંકી જિંદગીમાં એનું અવસાન થયું. પણ એવી ટૂંકી જિંદગીમાં પણ એણે ગુજરાતી ભાષા, ગુજરાતી સમાજ અને ગુજરાત માટે જે કંઈ કર્યું તે બહુ ઓછાઓએ કર્યું છે. સાચે જ નર્મદ વીર હતો.

૩૮

સયાજીરાવ ગાયકવાડ

મહારાષ્ટ્રના એક ગામડામાંથી ત્રણ છોકરાઓ વડોદરે આવ્યા છે, એ ત્રણે ભાઈ છે. વડોદરાના રાજા ખંડેરાવની વિધવાએ તેમાંથી મોટાને પોતાની પાસે બોલાવી પૂછ્યું,

"કેમ આવ્યા છો અહીં તમે?"

મોટો ભાઈ વિચારમાં પડી ગયો. શું જવાબ આપવો? કંઈ ન સમજાતાં તેણે કહ્યું, "અહીં અમારાં સગાં છે તેમને મળવા."

"એમ?" જમનાબાઈ બોલ્યાં. તેમણે બીજાને બોલાવી એ જ સવાલ પાછો પૂછ્યો.

બીજાની આંખ પાણીદાર હતી. મોં ઉપર ચપળતા હતી. તે બોલ્યો,

"વડોદરાનો રાજા થવા વળી."

"ખરેખર?" જમનાબાઈ ફરીથી બોલ્યાં.

"હાસ્તો, નહિ તો શા માટે આવત અહીં આટલે દૂર? અમારું ગામ કંઈ ખોટું ન હતું કે અમારે અહીં આવવું પડે."

જમનાબાઈ એ છોકરાની હિમ્મત અને ચપળતા પર ખુશ થયાં, પણ તેમને થયું કે ત્રીજાને પણ જોઈ તો લેવો. એટલે ત્રીજા છોકરાને બોલાવી તે જ સવાલ પૂછ્યો.

ત્રીજો તો રાજમહેલનો ઠાઠ અને ભભકો જોઈને જ ગભરાઈ ગયો, અને જવાબ આપવાને બદલે રડવા લાગ્યો.

એ ત્રણે ભાઈઓની પરીક્ષા પૂરી થઈ ગઈ. એમાં વચેટ ભાઈ ગોપાળરાવ પહેલે નંબરે પાસ થયો. જમનાબાઈએ તેના માથા પર વહાલથી હાથ ફેરવતાં કહ્યું,

"તેં સાચું કહ્યું છે, ભાઈ. તારે વડોદરાની ગાદીના માલિક થવાનું છે. આજથી તું મારો દીકરો. થશેને તારાથી રાજ ?"

"કેમ નહિ, મા ?" ઉલ્લાસથી ગોપાળરાવ બોલ્યો.

અને મહારાષ્ટ્રના એક ગામડામાંથી આવેલા એ છોકરાને જમનાબાઈએ દત્તક લીધો.



એ છોકરો તે આજના વડોદરાના રાજા પ્રતાપસિંહરાવના દાદા સયાજીરાવ ગાયકવાડ.

થોડા વખત ઉપર જ તેમનું મૃત્યુ થયું. સયાજીરાવ ગાયકવાડ રાજકર્તા તરીકે જેવા બાહોશ હતા, તેવા જ એક મનુષ્ય તરીકે મોટા હતા.

તે વિદ્વાન હતા, બુદ્ધિશાળી હતા, પરગજુ હતા. પોતાના રાજમાં ગામે ગામે તેમણે જ્ઞાનની પરબો માંડી.

એ જ્ઞાનની પરબો એટલે પુસ્તકાલય. વડોદરા રાજમાં એવું એકે ગામ નથી, જ્યાં પુસ્તકાલય ન હોય. તેમણે ભણતર ફરજિયાત કર્યું. વડોદરા રાજમાં એવું એક પણ બાળક નથી, જેને લખતાં વાંચતાં આવડતું ન હોય. તેમણે બાળલગ્નની બંધી કરી. વડોદરા રાજ્યમાં વર્ષોથી બાળલગ્ન બન્યાનો એક પણ દાખલો નથી બન્યો.

સયાજીરાવ જેવા વિદ્યાપ્રેમી હતા તેવા વિદ્વાનોના પણ પ્રેમી હતા. અનેક વિદ્વાનોને તે પોતાના રાજમાં નોતરતા. તેમના દીવાન તરીકે પણ તે બાહોશ માણસોને પસંદ કરતા. એમાંના રમેશચંદ્ર દત્તને તો હજુ પણ વડોદરાના લોકો નથી ભૂલ્યા. સયાજીરાવની વિદ્વત્તાનો તો એ પરથી ખ્યાલ આવશે કે, અમેરિકામાં થોડાંક વર્ષ પહેલાં આખી દુનિયાની એક ધર્મપરિષદ મળી હતી. દુનિયા-ભરમાંથી ત્યાં વિદ્વાનો ભેગા થયા હતા. એ પરિષદનું પ્રમુખસ્થાન એમને આપવામાં આવ્યું હતું. આવા શક્તિશાળી પુરુષની એક મોટા ગુજરાતી તરીકે જરૂર ગણના થશે.

૩૯

અબ્બાસ તૈયબજી

આગબોટ બનાવનાર એક અંગ્રેજી પેઢીના એક મુનીમ અને એક યુવાન હિંદી વચ્ચે રકઝક ચાલી રહી છે. પેલો ગોરો પેલા હિંદીને રૂા. ૭૫૦૦ આપે છે, અને હિંદી એ પૈસા લેવાની ચોખ્ખી ના પાડે છે. ગોરો કહે છે, "તમે અમારી પાસેથી આગબોટ લીધી. તેના દોઢ લાખ રૂપિયા પણ તમે આપી દીધા. અમે તમને આ રૂા. ૭૫૦૦

દલાલીના આપીએ છીએ. અમારો એ ધારો છે. એ પૈસા તમારા છે."

પેલો હિંદી કહે છે, "એ આગબોટ મેં લીધી મારા રાજા સાહેબને માટે. જો તમે રૂ. ૭૫૦૦ દલાલીના આપતા હો તો એ પૈસા તમે તમારા ગજવામાંથી થોડા જ આપશો ? એ પણ પેલી આગબોટ ઉપર જ ને ? એટલે એ પૈસા મારા રાજાસાહેબને મળવા જોઈએ."

પેલા ગોરાએ એ હિંદીને બહુ બહુ સમજાવ્યો; પણ હિંદી એકનો બે ન થયો. તેણે તે પૈસા લીધા પણ તરત પોતાના રાજાસાહેબની તિજોરીમાં જમા કરાવી દીધા. પેલો ગોરો આ પાણીદાર હિંદીને જોઈ રહ્યો. આવા બહુ ઓછા માણસો તેને મળ્યા હતા. તેને એ હિંદીને માટે માન થયું.



એ હિંદી તે આપણા અબ્બાસ સાહેબ તૈયબજી. જે રાજાસાહેબને માટે તેમણે આગબોટ ખરીદેલી તે રાજાસાહેબ બીજા કોઈ નહિ પણ સ્વ૦ મહારાજા સયાજીરાવ ગાયકવાડ. સયાજીરાવ અબ્બાસ સાહેબને વિલાયત લઈ ગયા હતા. પોતાના રાજમાં કોઈ કાબેલ કે હોશિયાર માણસને જોતાં, તેની શક્તિ ખીલવવામાં સ્વ૦ સયાજીરાવ ખૂબ મદદ કરતા. અબ્બાસ સાહેબને પણ તે એ જ રીતે લઈ ગયેલા.

અબ્બાસ સાહેબની પ્રામાણિકતાની તેમને કાને પણ વાત આવી; અને અબ્બાસ એ જ ગાયકવાડ મહારાજાના રાજમાં એક દિવસ વડા ન્યાયાધીશ થયા.

એ પછી તો અબ્બાસ સાહેબે ઘણાં ઘણાં કામો કર્યાં. ગાંધીજીએ દેશનું કામ ઉપાડયું કે તરત તે તેમની સાથે જોડાઈ ગયા. ગાંધીજી કરતાં ઉંમરે અબ્બાસ સાહેબ મોટા હતા, પણ ગાંધીજીના જેવું જ સખત કામ કરતા. ખેડા જિલ્લાને ગામડે ગામડે ફિરસ્તા જેવા સફેદ દાઢીવાળા એ અબ્બાસ બાપુને લોકોની સેવા માટે રખડતા જોતાં લોકોને ઉલ્લાસ આવતો. ૭૬ વર્ષની ઉંમરે દેશને ખાતર એક જુવાનની જેમ તે સત્યાગ્રહની લડતમાં ગાંધીજીની પડખે રહી લડયા ને જેલમાં ગયા.

અબ્બાસ સાહેબ સાચા મુસલમાન હતા. એમનું જીવન ખૂબ પવિત્ર હતું. એમનો સ્વભાવ બાળક જેવો સરળ હતો, અને આનંદી પણ તેવા જ હતા.

૮૨ વર્ષની ઉંમરે ૧૯૩૬માં એમનું અવસાન થયું. આપણા આજના ગુજરાતના અબ્બાસ સાહેબ એક મોટા ગુજરાતી હતા.

૪૦

બે ભાઈઓ

ગુજરાતને માથે આફત ઊતરી પડી છે. આખા વર્ષમાં ન પડે એટલું પાણી સાત દિવસમાં પડયું. નદીનાળાંમાં પાણી માઈ શકતાં નથી. રસ્તા બધા પાણીમાં ડૂબી ગયા. કોઈ કોઈ જગ્યાએ રેલના પાટા પણ ડૂબ્યા. લોકો ઘરબાર

મૂકી ભાગવા મંડ્યા. આખા ગુજરાતમાં હજારો ઘર જમીન ભેગાં થઈ ગયાં. વડોદરાનો ઘણો ભાગ પાણીમાં



ડૂબી ગયો. તેના રાણીબાગનાં જાનવર બધાં રેલમાં તણાઈ ગયાં. ભરૂચની પણ એ જ હાલત. શહેરમાં હોડીઓ ફરવા માંડી. રેલમાં ઢોર તણાયાં, વાઘવરુ તણાયાં, સાપસપોલિયાં તણાયાં, ઘર ગામ તણાયાં, પાક તણાયા ને ખેતર તણાયાં, ગામગામનાં માણસ તણાયાં.

આસમાન રૂઠે ત્યાં માણસ બાપડો શું કરે? લોકો થરથર ધ્રૂજે છે. સરકારને કંઈ ખબર પડતી નથી કે શું કરવું? દેશભરમાં લોકોનાં હૃદય કકળી ઊઠયાં. સૌના મુખમાંથી નીકળી રહ્યું, "ગરીબ બિચારું ગુજરાત".

ત્યાં રેલમાં ડૂબેલાં એ ગામોમાં એક બુલંદ અવાજ ગાજી ઊઠયો: "ડરશો મા, મારા બહાદુર ગુજરાતીઓ! આપણે કોઈ દિવસ બાપડા કે બિચારા કહેવડાવ્યું નથી. આજે પણ કોઈની દયા આપણે માગવી નથી. આભ રૂઠયું છે તો છો રૂઠે. એનો પણ ઇલાજ કરીશું."

ગુજરાતીઓ બધા એ વીરવાણી સાંભળી રહ્યા. તેમનો ગભરાટ ઓછો થયો. તેમનામાં હિંમત આવી.

આ વીરહાક હતી ગુજરાતના માનીતા સરદાર વલ્લભભાઈની. તેમણે કહ્યું : "સરકારની તિજોરીમાં કરોડો રૂપિયા



પડ્યા છે. તે આજ કામ નહિ આવે તો ક્યારે આવશે? અને ગુજરાતના શેઠિયાઓએ ગુજરાતીઓની મહેનતથી કરોડો ભેગા કર્યા છે. આજ ગુજરાત ઉપર જ્યારે આસમાની ઊતરી છે ત્યારે એ કામ ન આવે તો ક્યારે આવશે? અને ગુજરાતના નવયુવકોએ તો ધરાઈ ધરાઈને ગાંધીજીની વાણી સાંભળી છે; તેમની નસોમાં આજે જોમ ન પ્રગટે તો ક્યારે પ્રગટશે?"

અને તરત જ સરકારની તિજોરીના મોં ઉપરનાં તાળાં ઊઘડ્યાં. ગુજરાતના ધનિકોના ધનભંડાર ખાલી થવા માંડ્યા. ગુજરાતના સેંકડો નવયુવકો ગામડે ગામડે પહોંચી જઈ લોકોને પડખે ચઢ્યા. રેલ આવે એટલે તો રોગચાળો અને ભૂખમરો પણ આવે. એની સામે એ નવયુવકો લડ્યા. થોડા વખતમાં તો લોકોનાં મોં સરદારે હસતાં કરી દીધાં. ભાંગેલાં ઘર સાજાં થયાં, પડી ગયેલાંની જગ્યાએ નવાં ઊભાં થયાં. ખેતરો પાછાં ખેડાયાં અને લીલાંછમ બન્યાં.

અને નાના ભાઈએ આમ એક બાજુથી ગુજરાતનો હાથ ઝાલ્યો, તો બીજી બાજુ મોટા ભાઈ દિલ્હીથી હિંદના વાઈસરૉય લૉર્ડ અર્વીનને લઈને ગુજરાતમાં આવ્યા. લોક

બધા જોઈ રહ્યા. તેમને હિંમત આવી. ઠેઠ દિલ્હીથી વાઇસરૉયને ગુજરાતનાં ભાંગેલાં ઘર દેખાડવા લાવનાર



મોટા ભાઈ તરફ બધા ગુજરાતીઓનાં માથાં નમ્યાં. એ મોટા ભાઈ તે સરદાર વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ વિઠ્ઠલભાઈ પટેલ.

વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ આપણા ખેડા જીલ્લામાં આવેલા કરમસદમાં જન્મેલા. બંને જાતમહેનતથી બૅરિસ્ટર થયા. અને થોડોક વખત વકીલાત કરી બંનેએ દેશસેવા માટે ભેખ લીધો.

વિઠ્ઠલભાઈ આપણા દેશની વડી ધારાસભાના પહેલા પ્રમુખ હતા. એ માન મેળવનાર પહેલા ગુજરાતી એ હતા. તે ભારે સ્વમાનવાળા હતા. ગોરાઓની જોહુકમી તે સાંખતા નહિ, એટલું જ નહિ પણ, ભલભલાનાં તેમણે પાણી ઉતારેલાં. વાઇસરૉયની ખુરશી પોતાની ખુરશીથી ઊંચી રખાતી, તે સામે તેમણે વિરોધ કરી તે ખુરશી પોતાની ખુરશીની હારમાં મુકાવી. પોતાને જે મોટો પગાર મળતો હતો તેમાંથી બહુ ઓછા રૂપિયા રાખી, બાકીની મોટી રકમ દેશ ખાતર વાપરવા તે ગાંધીજીને આપી દેતા. ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો ત્યારે તે જેલમાં ગયા. ત્યાં તબિયત લથડી. યુરોપ ગયા. અને ત્યાં તેમનું અવસાન થયું. તેમના દેહને મુંબઈ આણી, લાખો લોકોએ તેમની સ્મશાનયાત્રામાં ભાગ લઈ તેમને છાજે એવું મોટું માન આપ્યું. નાના ભાઈ

પણ મોટા ભાઈ જેવા જ શક્તિશાળી છે. આખા દેશે તેમની શક્તિની અને સેવાની કદર કરી તેમને એક વાર હિન્દી મહાસભાના પ્રમુખ બનાવ્યા. જ્યારે હિંદના આઠ પ્રાન્તમાં કાંગ્રેસના પ્રધાનો વહીવટ કરતા હતા ત્યારે તે બધા સરદાર વલ્લભભાઈની સલાહ પ્રમાણે કામ કરતા.

આ બંને ભાઈઓએ ખરેખર દેશ પરદેશમાં ગુજરાતનું નામ ઉજાળ્યું છે.

૪૧

મહાત્મા ગાંધીજી

દૂર દક્ષિણ આફ્રિકાના અજાણ્યા મુલકમાં એક આગગાડી દોડી જાય છે. તેના પહેલા વર્ગમાં એક જુવાન હિંદી બેરિસ્ટર બેઠો છે. આ અજાણ્યા મુલકમાં તેને શરૂઆતથી જ થવા માંડેલા કડવા અનુભવો પર તે વિચાર કરે છે. તેવામાં એક સ્ટેશન આવ્યું. ગાડી ઊભી રહી. ગોરાઓ આ હિંદી જુવાનને ફર્સ્ટ કલાસમાં બેઠેલો જોતાં મોં મચકોડતા ચાલ્યા જાય છે; ત્યાં રેલવેનો એક ગોરો અધિકારી આવ્યો. તેણે પેલા જુવાનને તોછડી ભાષામાં કહ્યું,

"કાળા લોકો માટે અલગ ડબ્બો છે, તેમાં તમે જાઓ."

પેલા હિંદીએ કહ્યું, "મેં ફર્સ્ટ કલાસની ટિકિટ લીધી છે, અને હું ફર્સ્ટ કલાસમાં જ મુસાફરી કરીશ."

"એ નહિ બની શકે. તમારા કાળાઓ માટે આ ડબ્બો નથી." પેલા ગોરાએ કહ્યું.

પેલો જુવાન હિંદી આ અપમાનથી સમસમી ઊઠયો. તેણે ત્યાંથી ખસવાની ચોખ્ખી ના પાડી. તેણે સત્યાગ્રહ કર્યો. બળજબરીથી તેને રેલવેનાં માણસોએ હેઠે ઉતાર્યો, તેનો સામાન ફેંકી દીધો. ન પેલા જુવાને તે સામાનને હાથ અડાડયો, ન તેણે તે આગગાડીમાં બેઠક લીધી. ટાઢે ઠૂંઠવાતો, એક અજાણ્યા મુલકમાં અજાણ્યા સ્ટેશને એ જુવાન આખી રાત બેસી રહ્યો. તેણે સત્તાવાળાઓને તાર કર્યા. આફ્રિકાના એક જાણીતા હિંદી વેપારીએ પણ સત્તાવાળાને તાર કર્યો. યુવાન જીત્યો. સ્ટેશન માસ્તર ઉપર હુકમ આવ્યો કે એ હિંદીને ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરવા દેવી. જે ગોરાઓએ તુમાખીથી એનો સામાન ફેંકી દીધેલો અને બાવડું પકડી એને ડબ્બામાંથી ઉતારી મૂકેલો, તે જ ગોરાઓને એનો સામાન ફરીથી ગાડીમાં મૂકવો પડયો. અને ફર્સ્ટ કલાસમાં બેસવા માટે એને કહેવું પડયું. એક અજાણ્યા પરદેશમાં આવું સાહસ ખેડનાર એ જુવાન તે આપણા મહાત્મા ગાંધીજી.

પણ આ તો પાશેરામાં પહેલી પૂણી હતી. પોતાને જે ગામ જવાનું હતું ત્યાં જવા માટે ગાંધીજીને સિગરામમાં મુસાફરી કરવાની હતી. તે માટે પણ તેમણે પહેલા વર્ગની ટિકિટ લીધી. પણ સિગરામવાળાએ તેમને અંદર બેસાડવાની ના પાડી. ગાંધીજી એ અપમાન ગળી ગયા. અંતે તે ગાડી હાંકનાર પાસે બેઠા. અંદર ગોરાઓ બેઠા હતા, અને સિગરામવાળો બેઠો હતો. સિગરામે થોડીક મજલ કાપી એટલે પેલા સિગરામવાળાને બીડી પીવાનું મન થયું. તે બહાર આવ્યો અને ગાંધીજીને કહેવા મંડયો, "સામી, તું



મહાત્મા ગાંધીજી

અહીં નીચે બેસ. મને થોડો વખત આ હાંકનાર પાસે બેસવા દે."

ગાંધીજી આ અપમાનથી અકળાયા. તે બોલ્યા, "મેં ફર્સ્ટ કલાસની ટિકિટ લીધી છે છતાં અહીં તમે બેસાડયો ત્યારે કંઈ ન બોલ્યો. હવે તમારે બીડી પીવી છે એટલે મને અહીંથી ઉઠાડી તમારા પગ પાસે બેસવાનું કહો છો. એ હું કદી કરનાર નથી." પણ ગાંધીજી પોતાનું કહેવું પૂરું કરે તે પહેલાં તો પેલો ગોરો જંગલી ઝોડની જેમ તેમની ઉપર તૂટી પડયો. ગાંધીજીને તેણે મરણતોલ માર માર્યો; પણ ગાંધીજીએ પોતાની જગ્યા નહિ છોડી. સિગરામમાં બેઠેલા ગોરાઓ પણ આથી તો અકળાઈ ઊઠયા. તેમણે પેલા જંગલીને વાર્યો. ગાંધીજી ધારત તો એ સિગરામ-વાળાને સજા કરાવી શકત, પણ તેમણે તેને માફ કર્યો.

આ બે બનાવો ઉપરથી ગાંધીજી તરત જ જોઈ શકયા કે, આફ્રિકામાં ગોરાઓ હિંદીને ખૂબ તિરસ્કારે છે, તેમને અછૂત ગણે છે. હિંદીઓ સ્વતંત્ર નથી તેથી બીજા તેમને આમ હડધૂત કરવાની હિંમત કરી શકે છે એમ તેમણે જોયું, અને ત્યારથી તેમના મનમાં સ્વતંત્રતા માટે આગ્રહ બંધાયો. વળી તેમને આપણો દેશ યાદ આવ્યો. આપણે ત્યાં પણ આગગાડીમાં તે જમાનામાં હરિજનો માટે અલગ ડબ્બા રખાતા તે તેમને યાદ આવ્યું. આપણા દેશમાં હરિજનો તરફ લોકો કેવી ઘાતકી વર્તણુક ચલાવતા હતા તેનો તેમને બરોબર ખ્યાલ આવ્યો. તેમને આથી ઘણું દુઃખ થયું. આપણા દેશમાંથી અસ્પૃશ્યતાનું કલંક ટાળવા તેમણે ત્યારે મનમાં નિશ્ચય કરી લીધો, અને એથી

પાછળથી તેમણે લક્ષ્મી નામની એક અસ્પૃશ્ય બાળાને પોતાની દીકરી બનાવી પોતાની સાથે રાખી, અને આપણા દેશમાંથી અસ્પૃશ્યતાને ટાળવા જબરદસ્ત ઝુંબેશ ઉપાડી.

ગાંધીજીનો જન્મ ઈ. સ. ૧૮૬૯ના ઑક્ટોબરની ૨ જી તારીખે પોરબંદરમાં થયેલો. એમના પિતાનું નામ કરમચંદ અને માતાનું નામ પૂતળીબાઈ. નાનપણમાં જ તેમનો પૂ. કસ્તુરબા સાથે વિવાહ થયેલો. પોરબંદરમાં તેમણે મૅટ્રિક સુધી અભ્યાસ કરેલો. પછી તે બૅરિસ્ટરનું ભણવા વિલાયત ગયા. ત્યાંથી ભણીગણીને દેશ આવ્યા. વકીલાત કરવા તે આફ્રિકા ગયા. અને આફ્રિકામાં આપણે જોઈ ગયા તેવો તેમને અનુભવ થયો. એ અનુભવ થતાં આપણા હિંદી ભાઈઓ તરફ ત્યાં જે અપમાનજનક વર્તન ચલાવવામાં આવતું હતું તે સામે લડવા તેમણે કમ્મર કસી.

ધીરે ધીરે ત્યાં તેમના અનુયાયી વધતા ગયા. તેમાં ગોરા હતા, હિંદુ હતા, મુસલમાન હતા, પારસી હતા ને ખ્રિસ્તી હતા. આફ્રિકામાં હિંદીઓ ઉપર ત્યાંની સરકારે એક કર નાખ્યો હતો. એ સામે ગાંધીજીએ લડત ઉપાડી. એ લડતમાં તેમણે જેલ, માર વગેરે ઘણું ઘણું વેઠ્યું. પણ તેમના મનમાં મારનાર સામે કદી પણ કડવાશની લાગણી પેદા ન થઈ. અનેક વાર ત્યાંના મોટા મોટા અધિકારીઓ પણ ગાંધીજીને વીનવતા કે, 'જે ગોરાઓએ તમને માર્યા છે, તમારાં અપમાન કર્યાં છે, તેમની સામે કેસ કરો. અમે સાક્ષી થઈશું'. પણ ગાંધીજીએ કોઈ દિવસ એ રીતે કોઈની ઉપર પણ વેર લેવાનું વિચાર્યું

સરખું નહિ. આથી એમની ઉપર હલ્લો કરનાર પાછળથી પસ્તાતા અને તેમના સાચા અનુયાયી અને મિત્ર બની જતા.

આવી રીતે આપણું બૂરું કરનારનું પણ ભલું ઇચ્છવું અને બૂરાને વશ નહિ થવું, એ ગાંધીજી નાનપણથી આચરતા આવ્યા છે. હજારો અને લાખો માણસને તેમણે એ વાત શીખવી. આજ તો દુનિયાભરમાં કરોડો લોકો ગાંધીજીને એક મોટા પયગમ્બર જેવા લેખે છે.

યુદ્ધ સામે ગાંધીજીએ યુદ્ધ આદર્યું છે. એટલે કે તોપ અને બોમ્બથી જે લાખો જીવોની ખુવારી થાય છે અને મોટાં મોટાં નગરો નાશ પામે છે તેને ગાંધીજી જંગલીપણું લેખે છે, અને તેની જગ્યાએ અહિંસાથી મતભેદો દૂર કરવાની વાત તે શીખવે છે. એથી અંગ્રેજ સરકાર સામે એ અનેક વાર લડ્યા છતાં અંગ્રેજો સાથે એમને મોટી ભાઈબંધી છે. અંગ્રેજોને પણ એમને માટે ખૂબ માન છે. ગાંધીજી હિન્દના જેમ મોટા હિતચિંતક છે તેમ અંગ્રેજોનું પણ ભલું ઇચ્છનારા છે. દુનિયાભરના લોકો માટે એમના દિલમાં પ્રેમ છે. સાચે જ, ગાંધીજી આપણા દેશના જ નહિ, દુનિયાના એક મહાન સંત છે. એવા મહાપુરુષ માટે માત્ર ગુજરાત જ નહિ, માત્ર હિંદ જ નહિ, આખું જગત ગૌરવ લઈ શકે. એમના જમાનામાં આપણે સૌ જન્મ્યાં છીએ એ આપણું મોટું સદ્ભાગ્ય છે

ગરવી ગુજરાત

(આ પાઠ શિક્ષકની મદદ લઈને વાંચવો.)

ગુજરાતના ઇતિહાસની આપણે અનેક વાત જોઈ. એમાં આપણે કૃષ્ણ જેવા દુનિયાભરમાં જાણીતા પુરુષને જોયા, ને જોયા હેમાચાર્ય જેવા મહા-વિદ્વાનને. આપણે લાછી છીપણ જેવી નમૂનેદાર ગુજરાતણ જોઈ ને મીનળદેવી જેવી અતિ દયાળુ અને ન્યાયી રાજમાતા પણ જોઈ. સિદ્ધરાજ ને મહમદ બેગડા જેવા મહાન રાજકર્તાઓ જોયા અને સહજાનંદ સ્વામી ને દયાનંદ સરસ્વતી જેવા તપસ્વીઓ પણ જોયા. આપણે ઘણું ઘણું જોયું. કવિ જોયા, પંડિત જોયા, સંત જોયા, વેપારી જોયા, બહારવટિયા જોયા, સતીઓ જોઈ—અને છતાં હજુ જોવાનું તો કેટલું બધું બાકી છે!

આપણા ગુજરાતના ખારવાઓની વાતો જો કરવા બેસીએ તો ઍરેબિયન નાઈટ્સ જેવો ચોપડો થાય! ઠેઠ કૃષ્ણના જમાનાથી આપણા ગુજરાતીઓ દરિયા ખેડતા. ગુજરાત પાસે જેવડો મોટો દરિયાકિનારો છે તેવો આખા હિંદમાં બીજા કોઈ ભાગ પાસે નથી. દ્વારિકા, પ્રભાસપાટણ, દીવ, માંગરોળ, માંડવી, ઘોઘા, ખંભાત, ભરૂચ, સુરત, બીલીમોરા વગેરે આપણાં બંદરોથી ખારવાઓ મોટાં મોટાં વહાણો લઈ દુનિયાના બધા દરિયા ડહોળતા. કહેવાય છે કે આજથી ચારસો વર્ષ પહેલાં વાસ્કો ડી ગામા નામનો એક વહાણવટી હિંદ આવવા નીકળ્યો હતો, ત્યારે તેને આપણા

કચ્છના એક ખારવાએ હિંદી મહાસાગરનો રસ્તો બતાવેલો. એનું નામ કાનજી માલમ. તે તે વખતે આફ્રિકામાં હતો.

વળી આપણા સુરતમાં એક વાર દુનિયાનાં મોટામાં મોટાં વહાણો બંધાતાં. એવાં વહાણો બાંધનારામાં વાડિયા અટકવાળું એક પારસી કુટુંબ બહુ જાણીતું હતું. તે કુટુંબના લવજી વાડિયા અને તેમના દીકરાઓએ ઇંગ્લંડને તેનાં મોટામાં મોટાં જહાજ બાંધી આપ્યાં હતાં, તેમાંના સૌથી મોટા જહાજનું નામ 'મિન્ડન'. એની કારીગરી જોતાં યુરોપમાં બધા ચકિત બન્યા હતા. માત્ર સો વર્ષ પહેલાં દુનિયાનાં મોટામાં મોટાં જહાજો આપણા ગુજરાતી બાંધતા, એ આજે આપણને નવાઈભરેલું નથી લાગતું? પણ એ સાચું છે.

અને ગુજરાતીઓ દરિયો ખેડતા એટલે દેશપરદેશ સાથે વેપાર પણ તેમણે ઘણો જમાવ્યો. દુનિયાભરમાં ગુજરાતીઓ ફેલાયેલા છે, અને દુનિયાભરનાં બજારોમાં ગુજરાતી વેપારીઓની આંટ છે. એવા વેપારીઓમાં કચ્છના ભાટિયા અને લુહાણા, ખોજા, મેમણ, પારસીઓ, જૈનો, વાણિયા વગેરે મોખરે છે. એવા અનેક સાહસિક ગુજરાતી વેપારીઓની વાતો વાંચતાં આપણે કદી થાકીએ નહિ એવી રસભરી એ વાતો છે. એમાં પણ જમશેદજી જીજીભાઈ, જમશેદજી તાતા, લધા દામજી, રણછોડલાલ રેંટિયાવાળા, જેવાની વાતો તો દરેક ગુજરાતીએ જાણવી જોઈએ. ગુજરાતના આ સુપૂતોએ ગુજરાતને દીપાવ્યું છે. એમણે ગંજાવર વેપાર ખેડ્યો, મોટાં મોટાં કારખાનાં ઊભાં કર્યાં, હજારો માણસોને રોજી આપી અને લાખો રૂપિયાની સખાવતો કરી.

આજે પણ એવા અનેક મોટા ગુજરાતી વેપારીઓ છે જેમની શાખ દેશપરદેશમાં છે.

જેમ વેપારમાં ગુજરાતનું નામ ઊજળું છે તેમ વિદ્યા અને વિજ્ઞાનમાં પણ ગુજરાતીઓએ ઘણું કર્યું છે. નરસિંહ મહેતો, મીરાંબાઈ, પ્રેમાનન્દ જેવા જૂના કવિઓથી માંડી નર્મદ, દલપત, નંદશંકર, મલબારી, ગોવર્ધનરામ, રમણભાઈ, કલાપી, કાન્ત, નરસિંહરાવ, હાજીમહમ્મદ અલ્લારખિયા જેવા અનેક કવિઓ અને લેખકો ગુજરાતે ઉત્પન્ન કર્યા છે. તેમ પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી, ત્રિભુવનદાસ ગજ્જર, જયકૃષ્ણ ઇન્દ્રજી જેવા પંડિતો અને વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ ગુજરાતમાં પાકયા છે. વળી ગુજરાતે મોટા મોટા સુધારકો પણ ઉત્પન્ન કર્યા છે. એમાં કરસનદાસ મૂળજી, દુર્ગારામ મહેતાજી, મહીપતરામ નીલકંઠ, ભોળાનાથ સારાભાઈ વગેરેનાં નામો ઘણાં જાણીતાં છે. તેવી જ રીતે મુત્સદ્દીઓમાં દીવાન અમરજી ગૌરીશંકર ઓઝા, સર પ્રભાશંકર પટ્ટણી જેવાનાં નામ વિખ્યાત છે.

રમતગમતમાં પણ ગુજરાત પાછું પડે એમ નથી. ક્રિકેટ જેવી પરદેશી રમતમાં પણ સ્વ. જામસાહેબ રણજીતસિંહે વિલાયતમાં જઈ ત્યાંના બધા ખેલાડીઓમાં પહેલું સ્થાન મેળવ્યું હતું. આજ પણ આખા હિન્દમાંથી ક્રિકેટના અગિયાર ખેલાડી ભેગા કરવામાં આવે તો તેમાં ઓછામાં ઓછા ત્રણ ચાર ગુજરાતી તો જરૂર હોવાના.

અને ગુજરાતના પુરુષો આમ ચારે બાજુએ ગુજરાતનું નામ ઊજળું કરતા આવ્યા છે ત્યારે ગુજરાતની સ્ત્રીઓ થોડી જ પાછળ રહે? મીનળદેવી વગેરેની વાતો તો આપણે વાંચી ગયા. પણ અમદાવાદમાં હઠીસિંહનું

દહેરું પૂરું કરનાર હરકોર શેઠાણીની વાત ગમે તે મહાન સ્ત્રીના જીવનને શોભાવે એવી છે. એવી જ રીતે જમનાબાઈ સક્કાઈ અને આજના આપણા ગુજરાતનાં વિદ્યાબહેન નીલકંઠ ને શારદાબહેન અને કસ્તુરબાએ ગુજરાતને દીપાવ્યું છે.

અને જેમ પુરુષો કે સ્ત્રીઓએ ગુજરાતને દીપાવ્યું છે તેમ મોટી મોટી મંડળીઓ અને સંસ્થાઓએ પણ ગુજરાતને ચેતનવંત બનાવ્યું છે. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગાંધીજીનો સત્યાગ્રહ આશ્રમ, ગૂજરાત વિદ્યાપીઠ, વડોદરાની જુમ્માદાદા વ્યાયામશાળા, ઠક્કરબાપાનો ભીલસેવાશ્રમ અને હરિજન સેવક સંઘ, અમદાવાદનું મજૂર મહાજન, જ્યોતિસંઘ, જેવી સંસ્થાઓએ ગુજરાતનાં તન, મન અને ધનને ઉજાળ્યાં છે. એ બધી સંસ્થાઓ ગુજરાતની સાચી માતા છે.

અને એવા એ ગુજરાતનું મુખ આજે જગતભરમાં ઊજળું કર્યું છે મહાત્મા ગાંધીજીએ.

શ્રીકૃષ્ણ અને મહાત્મા ગાંધીજીના એ ગુજરાતના આપણે સહુ વારસ છીએ, અને એના ઊજળા નામને આપણે વધુ ઊજળું કરવાનું છે એવું કયો ગુજરાતી બાળક કે કઈ ગુજરાતી બાલિકા નહિ ઇચ્છે? આપણા કવિ નર્મદે ગાયું છે તેમ આપણે પણ ગાઈએ કે,

જય જય ગરવી ગુજરાત !